કામકાજનો ટૂંકો અહેવાલ

# બારમી ગુજરાત વિધાનસભા

## ચોથું સત્ર

**(તા.૨૯મી જૂન, ૨૦૦૯ થી ૨૯મી જુલાઈ, ૨૦૦૯)**

**ગુજરાત વિધાનસભા સચિવાલય**

**વિઠ્ઠલભાઈ પટેલ ભવન,**

**ગાંધીનગર.**

**૨૦૦૯**

# <u>પ્ર સ્તા વ ના</u>

આ પ્રકાશનમાં બારમી ગુજરાત વિધાનસભાના ચોથા સત્ર **(તા.૨૯મી જૂન, થી ૨૯મી જુલાઈ, ૨૦૦૯)** દરમિયાન થયેલા કામકાજની જુદી જુદી બાબતો અંગે ટૂંકી નોંધ આપવામાં આવી છે. શકય હોય ત્યાં આંકડાવાર માહિતી પણ આપી છે. આશા છે કે રસ ધરાવનાર સૌ કોઈને તે ઉપયોગી નીવડશે.

**ડી. એમ. પટેલ,**
**સચિવ**
**ગુજરાત વિધાનસભા**

ગુજરાત વિધાનસભા સચિવાલય,
વિઠ્ઠલભાઈ પટેલ ભવન,
સેકટર નં. ૧૦,
ગાંધીનગર – ૩૮૨૦૧૦.
તારીખ :૧૬–૯–૨૦૦૯

## અ નુ ક્ર મ ણિ કા


| ક્રમાંક | વિષય | પાના નંબર |
|---|---|---|
| ૧ | ૨. | ૩. |
| ૧. | બારમી ગુજરાત વિધાનસભાના ચોથું સત્ર **(તા.૨૯મી જૂન, ૨૦૦૯ થી ૨૯મી જુલાઈ, ૨૦૦૯)** માં થયેલ કામકાજનો ટૂંકો અહેવાલ | |
| ૨. | પત્રક ક્રમાંક : ૧ સત્રમાં થયેલા જુદા જુદા કામકાજે લીધેલો સમય અને ટકાવારી | |
| ૩. | પત્રક ક્રમાંક : ૨ સભાગૃહની બેઠકોની તારીખ અને સમય | |
| ૪. | પત્રક ક્રમાંક : ૩ સભ્યશ્રીઓએ વ્યકિતગત રીતે આપેલ હાજરી | |
| ૫. | પત્રક ક્રમાંક : ૪ સભ્યશ્રીઓની તારીખવાર હાજરી | |
| ૬. | પત્રક ક્રમાંક : ૫ ટૂંકી મુદતના, તારાંકિત, અતારાંકિત અને અરધા કલાકની સૂચના, પ્રશ્નોનો નિકાલ (આંકડામાં) | |
| ૭. | પત્રક ક્રમાંક : ૬ ટૂંકી મુદતના પ્રશ્નોની વિભાગવાર માહિતી (આંકડામાં) | |
| ૮. | પત્રક ક્રમાંક : ૭ તારાંકિત પ્રશ્નોની વિભાગવાર માહિતી (આંકડામાં) | |
| ૯. | પત્રક ક્રમાંક : ૮ અતારાંકિત પ્રશ્નોની વિભાગવાર માહિતી (આંકડામાં) | |
| ૧૦. | પત્રક ક્રમાંક : ૯ જુદા જુદા મંત્રીશ્રીઓના વારામાં દાખલ થયેલા અને ગૃહમાં મૌખિક જવાબ અપાયેલ તારાંકિત પ્રશ્નોની તારીખવાર માહિતી | |
| ૧૧. | પત્રક ક્રમાંક : ૧૦ દાખલ કરવાના સરકારી વિધેયકો | |
| ૧૨. | પત્રક ક્રમાંક : ૧૧ પહેલા, બીજા અને ત્રીજા વાંચન માટેનાં સરકારી વિધેયકો | |
| ૧૩. | પત્રક ક્રમાંક : ૧૨ રાષ્ટ્રપતિશ્રી/ રાજયપાલશ્રીની અનુમતિ મળેલાં વિધેયકો | |
| ૧૪. | પત્રક ક્રમાંક : ૧૩ સન ૨૦૦૯–૧૦ના વર્ષના અનુદાનો માટેની ચર્ચાયેલી માગણીઓ | |
| ૧૫. | પત્રક ક્રમાંક : ૧૪ ચર્ચા માટેનો દિવસ નકકી ન થયો હોય તેવા પ્રસ્તાવો (નિયમ–૧૦૧) | |
| ૧૬. | પત્રક ક્રમાંક : ૧૫ ધ્યાન દોરતી સૂચનાઓ ( નિયમ – ૧૧૬) | |
| ૧૭. | પત્રક ક્રમાંક : ૧૬ જાહેર અગત્યની બાબત પર મંત્રીશ્રીઓનાં નિવેદનો (નિયમ – ૪૪) | |
| ૧૮. | પત્રક ક્રમાંક : ૧૭ દાખલ કરવાનાં બિન–સરકારી વિધેયકો | |
| ૧૯. | પત્રક ક્રમાંક : ૧૮ પહેલા, બીજા અને ત્રીજા વાંચન માટેનાં (નિકાલ થયેલા) બિન સરકારી વિધેયકો | |
| ૨૦. | પત્રક ક્રમાંક : ૧૯ પહેલા, બીજા અને ત્રીજા વાંચન માટે બાકી રહેતાં બિન–સરકારી વિધેયકો | |
| ૨૧. | પત્રક ક્રમાંક : ૨૦ બિન સરકારી સંકલ્પો ( નિયમ – ૧૧૭ ) | |
| ૨૨ | પત્રક ક્રમાંક : ૨૧ વિધાનસભાના મેજ ઉપર મૂકાયેલ કાગળો | |
| ૨૩ | પત્રક ક્રમાંક : ૨૨ ખરેખર કામકાજ થયા પ્રમાણેની સભાઓની તારીખવાર યાદી | |
| ૨૪ | પત્રક ક્રમાંક : ૨૩ રોજેરોજના કામકાજનો સારાંશ | |
| ૨૫ | પત્રક ક્રમાંક : ૨૪ સત્રમાં સભ્યોએ ચર્ચામાં કેટલી વખત ભાગ લીધો તેની સંખ્યા દર્શાવતું પત્રક | |
| ૨૬ | પત્રક ક્રમાંક : ૨૫ શોકદર્શક ઉલ્લેખ. | |

## બારમી ગુજરાત વિધાનસભાના ચોથા સત્રમાં થયેલા કામકાજનો ટૂંકો અહેવાલ

**પ્રા રં ભિ ક :–**

બારમી ગુજરાત વિધાનસભાનું ચોથુ સત્ર સોમવાર, તા.૨૯–૬–૨૦૦૯ના રોજ શરૂ થયુ હતું અને બુધવાર, તા.૨૯–૭–૨૦૦૯ના રોજ વિધાનસભાના નિયમોના નિયમ–૯(૧) હેઠળ અચોકકસ મુદત માટે મુલતવી રહયું હતું અને ત્યાર બાદ રાજયપાલશ્રીના આદેશથી સમાપ્ત થયું હતું. સત્ર દરમિયાન વિધાનસભા કુલ ૨૩ દિવસ માટે મળી હતી અને તેમાં કુલ ૨૪ બેઠકો થઈ હતી. સત્ર દરમિયાન વિધાનસભાએ કુલ ૯૫ કલાક અને ૨૩ મિનિટ કામ કર્યું હતું, જે બેઠક દીઠ સરેરાશ સમય આશરે ૩ કલાક અને ૫૮ મિનિટ થાય છે.

**૧.** સત્ર દરમિયાન પ્રશ્નોત્તરી, સરકારી વિધેયકો, બિન–સરકારી વિધેયકો, નાણાંકીય અને અન્ય કામકાજમાં કેટલો સમય ગયો હતો તે અને તેની ટકાવારી **જુઓ પત્રક ક્રમાંક :– ૧** માં આપવામાં આવી છે.

### ૨. ગૃહની બેઠકોની તારીખો અને સમય :–

ગૃહની બેઠકોની તારીખો અને સમય **જુઓ પત્રક ક્રમાંકઃ –૨** માં આપવામાં આવેલ છે.

### ૩. હાજરીઃ

સત્ર દરમિયાન ૨૪ બેઠકોમાં વધારેમાં વધારે હાજરી ૧૩૫ અને ઓછામાં ઓછી હાજરી ૬૧ હતી અને સરેરાશ હાજરી ૯૯ હતી. સત્ર દરમિયાન સભ્યોએ આપેલી વ્યકિતગત હાજરી અંગેની માહિતી **જુઓ પત્રક ક્રમાંક** : –૩ માં અને સભ્યોની તારીખવાર હાજરી અંગેની માહિતી **જુઓ પત્રક ક્રમાંક** :–૪ માં આપવામાં આવી છે.

### ૪. ટૂંકી મુદતના, તારાંકિત અને અતારાંકિત પ્રશ્નો

સત્ર દરમિયાન તારાંકિત પ્રશ્નો પૂછવા માટે **તા.૨૯/૬/૦૯ થી તા.૨૯/૭/૦૯** સુધીનો કાર્યક્રમ બહાર પાડવામાં આવ્યો હતો.

સત્ર દરમિયાન ટૂંકી મુદતના, તારાંકિત અને અતારાંકિત પ્રશ્નોની મળેલી અને દાખલ કરવામાં આવેલી સૂચનાઓની વિગત નીચે મુજબ છે.

ટૂંકી મુદતના પ્રશ્નોની **૦૬,** તારાંકિત પ્રશ્નોની **૪૫૯૫** અને અતાંરાકિત પ્રશ્નોની **૨૬૮** સૂચનાઓ મળી હતી. આ સૂચનાઓનો નિકાલ કેવી રીતે કરવામાં આવ્યો તેની વિગતો **જુઓ પત્રક ક્રમાંકઃ–૫, ૬,૭ અને જુઓ પત્રક ક્રમાંકઃ–૮**માં આપવામાં આવી છે. તારાંકિત પ્રશ્નોની કયા મંત્રીશ્રી માટે કેટલી સૂચનાઓ દાખલ કરવામાં આવી, તેમાંથી કયા કયા મંત્રીશ્રીઓના કેટલા પ્રશ્નોની ચર્ચા થઈ તેની માહિતી **જુઓ પત્રક ક્રમાંકઃ –૯**માં આપવામાં આવી છે.

સત્ર દરમિયાન તારાંકિત પ્રશ્નો તરીકે મળેલી સૂચનાઓમાંથી કુલ–**૨૪૧૫** સૂચનાઓ દાખલ કરવામાં આવી હતી અને **૧૭** તારાંકિત પ્રશ્નોને અતારાંકિત પ્રશ્નો તરીકે દાખલ કરવામાં આવ્યા હતા. વધુમાં દાખલ થયેલ તારાંકિત પ્રશ્નો પૈકી **૨૫** પ્રશ્નો મંત્રીશ્રીની વિનંતીથી રદ કરવામાં આવ્યા હતા.

સત્ર દરમિયાન અતારાંકિત પ્રશ્નો અને તેના જવાબોની **૫૦–૫૦** ની એક એવી **૫** યાદીઓ તેમજ **૫૨ (બાવન)** અતારાંકિત પ્રશ્નો અને તેના જવાબો નિયમ ૮૭(ક) અન્વયે સત્રના છેલ્લા દિવસે ગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા હતા.

## ૫. પ્રશ્નોત્તરીને લગતી માહિતી

સભાગૃહની બેઠકો દરમિયાન તારાંકિત પ્રશ્નોની કુલ–**૨૩** યાદીઓ ગૃહમાં રજૂ કરવામાં આવી હતી. આ યાદીઓ પૈકી કુલ–**૨૬૬** પ્રશ્નોની સભાગૃહમાં ચર્ચા થઈ હતી

## ૬. અરધા કલાકની ચર્ચા માટેની સૂચના

સત્ર દરમિયાન નિયમ–૯૨ અન્વયે અરધા કલાકની **કુલ–૦૪** સૂચનાઓ મળી હતી જે પૈકી એક પણ દાખલ થઈ ન હતી

## ૭. સરકારી વિધેયકો :–

(૧) <u>દાખલ કરવામાં આવેલા સરકારી વિધેયકો</u>

સત્ર દરમિયાન સભાગૃહમાં કુલ ૧૩ સરકારી વિધેયકો સભાગૃહમાં દાખલ કરવામાં આવ્યા હતા. **જુઓ પત્રક ક્રમાંક :–૧૦**

(૨) <u>પહેલા, બીજા અને ત્રીજા વાંચન માટેના સરકારી વિધેયકો</u>

સત્ર દરમિયાન કુલ ૧૪ સરકારી વિધેયકો પહેલા, બીજા અને ત્રીજા વાંચન માટે હાથ ધરવામાં આવ્યા હતા અને ચર્ચાને અંતે તે પસાર કરવામાં આવ્યાં હતાં. **જુઓ પત્રક ક્રમાંક :–૧૧**

**<u>વિધેયકોનું વર્ગીકરણ</u> :–**

૧. ગુજરાત રાજયના અમલી કાયદાને સુધારતાં વિધેયકો ......... ૬

૨. નવાં વિધેયકો ......... ૫

૩. અન્ય વિધેયકો ........ ૩

**વિધેયકોનું વિષયવાર વર્ગીકરણઃ–**

| | | |
|---|---|---|
| ૧. | નાણાકીય બાબતોને લગતાં વિધેયકો | .........૪ |
| ૨. | જાહેર સેવાને લગતાં વિધેયકો | ......... ૩ |
| ૩. | શિક્ષણને લગતાં વિધેયકો | ......... ૬ |
| ૪. | અન્ય વિધેયકો | ........ ૧ |

**૮. વિધાનસભાના મેજ ઉપર મૂકાયેલાં રાષ્ટ્રપતિ /રાજયપાલશ્રીની અનુમતિવાળાં વિધેયકો :–**

બારમી ગુજરાત વિધાનસભાના પ્રથમ સત્રમાં પસાર કરેલ અને જેને રાષ્ટ્રપતિશ્રીની અનુમતિ મળેલ તેવું સન ૨૦૦૯નું વિધેયક ક્રમાંક–૨ અને રાજયપાલશ્રીની અનુમતિ મળેલાં સન ૨૦૦૯નાં વિધેયક ક્રમાંક– ૧,૩,૪,૫, ૮, ૯, ૧૦, ૧૧ અને ૧૨ ને વિધાનસભાના મેજ ઉપર મૂકવામાં આવ્યાં હતાં. **જુઓ પત્રક ક્રમાંકઃ–૧૨**

**૯. નાણાકીય કામકાજ :–**

**(૧) અંદાજપત્ર**

**(ક) રજૂઆત :**

સન ૨૦૦૯–૨૦૧૦ના વર્ષ માટેનું કુલ રૂપિયા ૫,૮૧,૩૦,૦૬,૩૨,૦૦૦/– નું ફેરફાર કરેલ અંદાજપત્ર મંગળવાર તા.૩૦મી જૂન, ૨૦૦૯ના રોજ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યું હતું. જેમાં મતપાત્ર રકમ રૂપિયા ૪,૬૩,૦૭,૩૧,૩૦,૦૦૦/– અને બિનમતપાત્ર રકમ રૂપિયા ૧,૧૮,૨૨,૭૫,૦૨,૦૦૦/– હતી.

**(ખ) સામાન્ય ચર્ચા :**

ફેરફાર કરેલ અંદાજપત્ર ઉપર તા. ૬, ૭, ૮ અને ૯ જુલાઈ, ૨૦૦૯ના રોજ એમ કુલ ૪ દિવસો દરમિયાન સામાન્ય ચર્ચા કરવામાં આવી હતી.

**(ગ) માગણીઓ પર ચર્ચા અને મતદાન :**

ફેરફાર કરેલ અંદાજપત્રની માગણીઓ ઉપર તા.૧૦, ૧૩, ૧૪, ૧૫, ૧૬, ૧૭, ૨૦, ૨૧, ૨૨, ૨૩, ૨૪ અને ૨૭મી જુલાઈ,૨૦૦૯ના રોજ એમ કુલ ૧૨ દિવસ ચર્ચા અને મતદાન કરવામાં આવ્યું હતું. કુલ **૧૦૪** માગણીઓ સભાગૃહની મંજૂરી માટે રજૂ કરવામાં આવી હતી. તેમાંથી **૫૫** માગણીઓ ચર્ચા માટે પસંદ કરવામાં આવી હતી. **જુઓ પત્રક ક્રમાંક :–૧૩** ચર્ચા માટે રજૂ થયેલી બધી જ માગણીઓ સભાગૃહે પસાર કરી હતી. જયારે બાકીની **૪૯** માગણીઓ સભાગૃહે ગિલોટીનથી પસાર કરી હતી.

## (ઘ) કાપદરખાસ્તો :

અંદાજપત્રની માગણીઓ પર કુલ ૫૮૭ કાપદરખાસ્તોની સૂચનાઓ મળી હતી, તેમાંથી ૫૧૨ કાપદરખાસ્તો દાખલ કરવામાં આવી હતી. જયારે ૧૫ કાપદરખાસ્તો નિયમોની મર્યાદાના કારણે નામંજૂર કરવામાં આવી હતી અને ૬૦ કાપદરખાસ્તો વિરોધપક્ષના સસ્પેન્ડ થયેલા સભ્યશ્રીઓની હોવાથી નામંજૂર થઈ હતી એમ કુલ–૭૫ કાપદરખાસ્તો નામંજૂર થઈ હતી. દાખલ કરવામાં આવેલી ૫૧૨ કાપદરખાસ્તો પૈકી એક સરખા વિષયની સૂચનાઓમાં સભ્યશ્રીઓનાં નામ જોડતાં કુલ ૩૭૨ કાપદરખાસ્તોનો એકત્રિત યાદીમાં સમાવેશ કરવામાં આવ્યો હતો. પરંતુ વિપક્ષી સભ્યશ્રીઓના સસ્પેન્શન તથા અનુપસ્થિતિને કારણે એકપણ કાપદરખાસ્ત સભાગૃહમાં રજૂ થઈ ન હતી.

## (ચ) ગુજરાત વિનિયોગ વિધેયક પર ચર્ચા :

ગુજરાત વિનિયોગ વિધેયક,૨૦૦૯ મંગળવાર, તા.૨૮–૭–૨૦૦૯ના રોજ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યું હતું. ગુજરાત વિનિયોગ વિધેયક પરની ચર્ચામાં ભાગ લેવા માટે ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ–૨૩૮(૫) ની જોગવાઈ હેઠળ સભ્યશ્રીઓ ઉપસ્થિત કરવા માગતા હોય તેવા વિશિષ્ટ મુદ્દાઓ આપે છે. ચર્ચામાં વધુ સભ્યશ્રીઓ ભાગ લઈ શકે તે હેતુસર દરેક સભ્યશ્રી એક જ મુદ્દો આપી શકે તેવું માનનીય અધ્યક્ષશ્રીએ ઠરાવ્યું હતું. તદ્દનુસાર કુલ **૨૧** સભ્યશ્રીઓએ તેમના મુદ્દા આપ્યા હતા, પરંતુ મુદ્દા આપનાર વિપક્ષી સભ્યશ્રીઓની અનુપસ્થિતિના કારણે સભાગૃહે મુદ્દાઓ ઉપર ચર્ચા કર્યા વિના વિનિયોગ વિધેયક પસાર કર્યુ હતું.

## ૧૦. અધ્યક્ષને અધ્યક્ષપદેથી દૂર કરવા અંગેનો પ્રસ્તાવ (નિયમ–૧૦૩):–

નિયમ–૧૦૩ હેઠળ અધ્યક્ષને અધ્યક્ષ પદેથી દૂર કરવા અંગેના પ્રસ્તાવની માન.વિરોધપક્ષનાનેતાશ્રી શકિતસિંહ ગોહિલ (સિધ્ધાર્થભાઈ પટેલ , અર્જુનભાઈ મોઢવાડીયા અને જયંતભાઈ પટેલ) તરફથી તા. ૧૩–૭–૨૦૦૯ના રોજ મળેલ સૂચનાને ગૃહની પરવાનગી અર્થે રજૂ કરતાં પહેલા બંધારણની કલમ–૧૭૯(ગ) હેઠળ નિયત થયેલ ૧૪ દિવસના નોટીસ પિરીયડની મુદત વર્તમાન સત્રના અંત બાદ પૂરી થતી હોઈ, ઉકત પ્રસ્તાવની સૂચના નિરર્થક બનતા રદ કરવામાં આવી.

## ૧૧. સભા મોકૂફીના પ્રસ્તાવો (નિયમ–૧૦૮):–

ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ–૧૦૮ અન્વયે " **અમદાવાદમાં થયેલ લઠ્ઠાકાંડ બાબતે**" સભામોકૂફીના પ્રસ્તાવને લગતી બે સૂચનાઓ મળી હતી જે નામંજૂર કરવામાં આવી હતી.

## ૧૨. ચર્ચા માટેનો દિવસ નકકી ન થયો હોય તેવા પ્રસ્તાવો (નિયમ–૧૦૧):–

ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ–૧૦૧ હેઠળ જેની ચર્ચા માટેનો દિવસ નકકી ન થયો હોય તેવા પ્રસ્તાવની કુલ–૯ સૂચનાઓ મળી હતી જે બધી દાખલ કરવામાં આવી હતી. આ સૂચનાઓને કામકાજ સલાહકાર સમિતિએ સમય ન ફાળવતાં સત્ર સમાપ્ત થતાં તે રદ થઈ હતી. **જુઓ પત્રક ક્રમાંકઃ– ૧૪**

## ૧૩. છેલ્લા દિવસનો પ્રસ્તાવ (નિયમ–૧૦૨):–

ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ–૧૦૨ હેઠળ છેલ્લા દિવસનો પ્રસ્તાવ રજૂ કરવાની ઈચ્છા વ્યકત કરતી **કુલ–૧૧૪** સૂચનાઓ મળી હતી. આવી સૂચનાઓ આપનાર સભ્યશ્રીઓનાં નામનું બેલટ તા.૨૨–૭–૦૯ના રોજ યોજવામાં આવ્યું હતું. બેલટમાં પ્રથમ ક્રમે આવેલ સભ્ય શ્રીમતી ગીતાબેન પટેલે" **પેટ્રોલ /ડિઝલના ભાવ વધારા અંગે** "ના પ્રસ્તાવની સૂચના આપી હતી, જે દાખલ કરવામાં આવી હતી. આ પ્રસ્તાવ પર સત્રના છેલ્લા દિવસે એટલે કે તા.૨૯–૭–૦૯ના રોજ ચર્ચા હાથ ધરવામાં આવી હતી.

## ૧૪. ધ્યાન દોરતી સૂચના (નિયમ–૧૧૬):–

ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ–૧૧૬ હેઠળ તાકીદની જાહેર અગત્યની બાબત પર મંત્રીશ્રીનું ધ્યાન દોરવા માટે **કુલઃ ૨૬** સૂચનાઓ મળી હતી. તેમાંથી ૯ સૂચનાઓ દાખલ કરવામાં આવી હતી અને ૧૬ સૂચનાઓ નામંજૂર કરવામાં આવી હતી જયારે એક સૂચના પ્રભારી સભ્યશ્રીએ પાછી ખેંચી હતી. દાખલ થયેલ ૯ સૂચનાઓ પૈકી સરખા વિષયની સૂચનાઓમાં સભ્યશ્રીઓનાં નામ જોડી એકત્રિત કરીને ૮ સૂચનાઓ દાખલ કરવામાં આવી હતી. આ સૂચનાઓ પૈકી ત્રણ સૂચનાઓ ઉપર સંબંધિત મંત્રીશ્રીઓએ સભાગૃહમાં નિવેદન કર્યા હતાં. જયારે પાંચ સૂચનાઓના પ્રભારી સભ્યશ્રીઓની સભાગૃહમાં અનુપસ્થિતિને કારણે નિવેદન થઈ શકયાં ન હતાં. **જુઓ પત્રક ક્રમાંકઃ–૧૫**

## ૧૫. નિયમ–૪૪ હેઠળ જાહેર અગત્યની બાબતો પર મંત્રીશ્રીઓનાં નિવેદનોઃ–

ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ–૪૪ હેઠળ જાહેર અગત્યની બાબત પર જુદા જુદા વિષયને લગતાં બે નિવેદનો સંબંધિત મંત્રીશ્રીઓ ધ્વારા કરવામાં આવ્યાં હતાં. **જુઓ પત્રક ક્રમાંકઃ–૧૬**

## ૧૬. બિન–સરકારી વિધેયકો :–

(૧) દાખલ કરવાનાં બિન–સરકારી વિધેયકો :–

સત્ર દરમિયાન કુલ ૨ બિન–સરકારી વિધેયકો સભાગૃહમાં દાખલ કરવામાં આવ્યાં હતા. **જુઓ પત્રક ક્રમાંક :–૧૭**

દાખલ કરવામાં આવેલા બિન–સરકારી વિધેયકોનું વર્ગીકરણ:–

(૧) ગુજરાત રાજયના અમલી કાયદાને સુધારતાં વિધેયકો . .....૦

(૨) નવા કાયદા બનાવતાં વિધેયકો ..... ૨

બિન–સરકારી વિધેયકોનું વિષયવાર વર્ગીકરણ:–

(૧) જાહેર સેવાને લગતાં વિધેયકો ...૦૧

(૨) શિક્ષણને લગતાં વિધેયકો .... ૦

(૩) અન્ય બાબતોને લગતાં વિધેયકો ..... ૧

(૨) પહેલા, બીજા અને ત્રીજા વાંચન માટેના બિન–સરકારી વિધેયકો :–

સત્ર દરમિયાન દાખલ કરવામાં આવેલ ૨ વિધેયકો અને અગાઉના ત્રીજા સત્ર દરમિયાન સમયના અભાવે તથા પ્રભારી સભ્યશ્રીઓની સભાગૃહમાં અનુપસ્થિતિને કારણે હાથ ધરી શકાયાં ન હતાં તેવાં કુલ–૯ બિન–સરકારી વિધેયકો મળીને કુલ ૧૧ બિન–સરકારી વિધેયકો પહેલા, બીજા અને ત્રીજા વાંચન માટે હાથ ધરવાનાં બાકી રહયાં હતાં. જે પૈકી એક વિધેયકના પ્રભારી સભ્યશ્રી કુંવરજીભાઈ બાવળીયાએ સભ્યપદેથી રાજીનામું આપ્યું હોવાથી તેમનું વિધેયક વિચારણામાં લેવાનું ન હોવાથી કુલ–૧૦ બિન–સરકારી વિધેયકો પહેલા, બીજા અને ત્રીજા વાંચન માટે હાથ ધરવાનાં હતાં જે પૈકી તા.૨–૭–૨૦૦૯ના રોજ ત્રણ અને તા. ૧૬–૭–૨૦૦૯ ના રોજ એક એમ કુલ–૪ બિન–સરકારી વિધેયકો ચર્ચા માટે હાથ ધરવામાં આવ્યાં હતાં. તા.૨૮–૭–૨૦૦૯ ના રોજ ચાર બિન–સરકારી વિધેયકો ચર્ચા માટે હાથ ધરવા દિવસના કામકાજની યાદીમાં બતાવવામાં આવ્યાં હતાં પરંતુ પ્રભારી સભ્યશ્રીઓની અનુસ્થિતિના કારણે સભાગૃહમાં ચર્ચા હાથ ધરી શકાઈ ન હતી. ચર્ચા માટે હાથ ધરવામાં આવેલ ૪ વિધેયકો પૈકી ચર્ચાના અંતે ત્રણ બિન–સરકારી વિધેયકો પ્રભારી સભ્યશ્રીઓએ સભાગૃહની અનુમતિથી પાછાં ખેંચી લીધા હતાં જયારે એક વિધેયક સભાગૃહે નામંજૂર કર્યુ હતું **જુઓ પત્રક ક્રમાંક:–૧૮** અને બે બિન–સરકારી વિધેયકો સમયના અભાવે હાથ ધરી શકાયા ન હતાં. આમ સંત્રાંતે કુલ– છ વિધેયકો પહેલા, બીજા અને ત્રીજા વાંચન માટે હાથ ધરવાના બાકી રહયાં હતાં. **જુઓ પત્રક ક્રમાંક :–૧૯**

## ૧૭. બિન સરકારી સંકલ્પો (નિયમ –૧૧૭):–

બિન સરકારી સંકલ્પોની ચર્ચા માટે તા.૯–૭–૦૯ અને તા.૨૩–૭–૦૯એમ બે દિવસો ફાળવવામાં આવ્યા હતા.

તા.૯–૭–૦૯ના **પ્રથમ વારા** માટે બિન સરકારી સંકલ્પ રજૂ કરવાની ઈચ્છા વ્યકત કરતી **કુલ–૯૮** સૂચનાઓ મળી હતી. તેમાંથી બેલટમાં આવેલ ત્રણેય સભ્યશ્રીઓએ સંકલ્પની એક એક સૂચના આપી હતી. જે ત્રણેય દાખલ કરવામાં આવી હતી. દાખલ થયેલ સંકલ્પો પૈકી પ્રથમ અને બીજા સંકલ્પ ઉપર સભાગૃહમાં ચર્ચા થઈ હતી. ચર્ચાને અંતે બંને **સંકલ્પોનો વિધાનસભા ગૃહ ધ્વારા સ્વીકાર કરવામાં આવ્યો હતો.**

તા.૨૩–૭–૦૯ના રોજના **બીજા વારા** માટે બિન સરકારી સંકલ્પ રજૂ કરવાની ઈચ્છા વ્યકત કરતી **કુલ–૧૨૦** સૂચનાઓ મળી હતી તેમાંથી બેલટમાં આવેલ ત્રણેય સભ્યશ્રીઓએ સંકલ્પની એક એક સૂચના આપી હતી જે ત્રણેય દાખલ કરવામાં આવી હતી. દાખલ થયેલ સંકલ્પો પૈકી પ્રથમ અને ત્રીજા ક્રમાંકના સંકલ્પો ઉપર સભાગૃહમાં ચર્ચા થઈ હતી. **ચર્ચાને અંતે બન્ને સંકલ્પો સભાગૃહ ધ્વારા વિના વિરોધે સ્વીકારવામાં આવ્યા હતા. જુઓ પત્રક ક્રમાંકઃ–૨૦**

## ૧૮. વિશેષાધિકાર ભંગના પ્રશ્નો

સત્ર દરમિયાન વિશેષાધિકારભંગનો એક કેસ ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ–૨૬૩ અન્વયે વિશેષાધિકાર સમિતિને તપાસાર્થે સોંપવામાં આવેલ છે. (સત્ર દરમિયાન બનેલ સમાંતર વિધાનસભાની ઘટનાઓ અંગેના બે કેસ માન. અધ્યક્ષશ્રીએ બે જુદી જુદી જાહેરાતો કરી સમિતિને સોંપેલ છે પરંતુ તેને એક કેસ તરીકે ગણવામાં આવેલ છે)

## ૧૯. સભાગૃહના અવમાનના કિસ્સા

(૧) તા. ૮/૭/૦૯ના રોજ પશ્નોત્તરી દરમિયાન ૧૨–૨૦ કલાકે વિરોધ પક્ષના કેટલાક સભ્યોએ વેલમાં ધસી આવીને ગૃહની કાર્યવાહીમાં અંતરાય સર્જતાં માન. અધ્યક્ષશ્રીએ તેઓને નેઈમ કર્યા હતા. આ સભ્યોને સભાગૃહની સેવામાંથી સસ્પેન્ડ કરવાનો પ્રસ્તાવ નાણા મંત્રીશ્રી વજુભાઈ વાળાએ રજૂ કર્યો હતો જેને આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી જયનારાયણ વ્યાસે ટેકો આપ્યો હતો જે મત માટે મૂકતાં અને સભાગૃહે તેને પસાર કરતાં કોંગ્રેસ પક્ષના ૧૪ સભ્યોને એક દિવસ માટે સભાગૃહની કાર્યવાહીમાંથી દૂર કરવામાં આવ્યાં હતા.

(૨) તા. ૯/૭/૦૯ના રોજ પ્રશ્નોત્તરી ચાલુ થતાં વિરોધ પક્ષના સભ્યોએ તેઓની જગ્યા ઉપર ઉભા થઈને સૂત્રોચ્ચાર કરી ગૃહની કાર્યવાહીમાં વિક્ષેપ નાખવાનું શરૂ કર્યુ હતું. માન. અધ્યક્ષશ્રીની વિનંતી છતાં વિરોધપક્ષના સભ્યોએ સુત્રોચ્ચાર ચાલુ રાખ્યો હતો. આ દરમિયાન કેટલાક સભ્યોએ વેલમાં ધસી આવી ગૃહની કાર્યવાહીને ખોરવી નાખવા ગૃહમાં કાગળીયા ફાડી ઉછાળતાં માન. અધ્યક્ષશ્રીએ આ સભ્યોને ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ–૫૧ હેઠળ ગૃહ છોડી જવાનો આદેશ આપ્યો હતો, તેમ છતાં તે સભ્યો ધ્વારા માન. અધ્યક્ષશ્રીના આદેશની અવગણના કરવામાં આવી હતી તથા તે પૈકી કેટલાક સભ્યો ધ્વારા તેઓની બેઠક ઉપરના માઈક તોડી નાખવામાં આવ્યાં હતાં.

વિરોધ પક્ષના ઉકત દેખાવો અને પ્રદર્શનની ગંભીર નોંધ લઈ મુખ્યદંડકશ્રી આર.સી. ફળદુ ધ્વારા અતિશય તોફાન કરનાર તથા માઈક તોડનાર સભ્યોને ચાલુ સત્રના અંત સુધી સભાગૃહની કાર્યવાહીમાંથી સસ્પેન્ડ કરવાનો પ્રસ્તાવ મૂકવામાં આવ્યો

હતો જેને મંત્રીશ્રી નીતિનભાઈ પટેલે ટેકો આપ્યો હતો. આ પ્રસ્તાવને મત માટે મૂકવામાં આવતાં અને સભાગૃહ ધ્વારા તેને પસાર કરવામાં આવતાં વિરોધ પક્ષ(કોંગ્રેસ પક્ષ)ના ૭ સભ્યોને ચાલુ સત્રના અંત સુધી સભાગૃહની કાર્યવાહીમાંથી સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા.

(૩) તા. ૧૦/૭/૨૦૦૯ના રોજ સભાગૃહની બેઠકની શરૂઆતમાં પ્રશ્નોત્તરી ચાલુ થતાં જ વિરોધ પક્ષના કાળા કપડામાં સજ્જ સભ્યોએ તેમની જગ્યા ઉપર ઉભા થઈને સૂત્રોચ્ચાર કરવાની શરૂઆત કરી હતી. આ સૂત્રોચ્ચાર લાંબો સમય ચાલુ રાખીને વિરોધપક્ષના સભ્યોએ ગૃહની કાર્યવાહીમાં સતત અંતરાય નાંખવાનું ચાલુ રાખ્યું હતું. ત્યારબાદ કેટલાક સભ્યોએ ગૃહમાં કાગળો ફાડીને ઉછાળ્યાં હતાં તથા કેટલાક સભ્યો વેલમાં ધસી આવ્યા હતા. વિરોધપક્ષના આ પ્રકારના વર્તન બદલ નાણા મંત્રીશ્રી વજુભાઈ વાળાએ આ સભ્યોને મંગળવાર સુધી એટલે કે તા. ૧૪/૭/૨૦૦૯ સુધી (ત્રણ દિવસ માટે) સભાગૃહની કાર્યવાહીમાંથી સસ્પેન્ડ કરવાનો પ્રસ્તાવ મૂકયો હતો જેને મંત્રીશ્રી નીતિનભાઈ પટેલે ટેકો આપ્યો હતો. આ પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવતાં અને સભાગૃહ ધ્વારા તેને પસાર કરવામાં આવતાં વિરોધ પક્ષ(કોંગ્રેસ પક્ષ)ના ૧૧ સભ્યોને મંગળવાર તા. ૧૪/૭/૨૦૦૯ સુધી (ત્રણ દિવસ માટે) સભાગૃહની કાર્યવાહીમાંથી સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા.

**૨૦. પોઈન્ટ ઓફ ઓર્ડરઃ–**

સત્ર દરમિયાન કુલ ૧૮ પોઈન્ટ ઓફ ઓર્ડર ઉઠાવવામાં આવ્યા હતા. તેમાંથી ૧૬ પોઈન્ટ ઓફ ઓર્ડર માન્ય રાખવામાં આવ્યા હતા. ૨ પોઈન્ટ ઓફ ઓર્ડર માન્ય રાખવામાં આવ્યા ન હતા. એટલે કે ૮૮.૮૯ ટકા પોઈન્ટ ઓફ ઓર્ડર માન્ય, ૧૧.૧૧ ટકા પોઈન્ટ ઓફ ઓર્ડર માન્ય રાખવામાં આવ્યા ન હતા

**૨૧. યાદગાર બનાવો** :–

**લઠ્ઠાકાંડના મુદ્દે વિરોધપક્ષના નેતાશ્રી ધ્વારા સભામોકૂફીની દરખાસ્તની રજૂઆત કરવાનો પ્રયત્ન કરાતાં સભાગૃહમાં ભારે સૂત્રોચ્ચાર વચ્ચે સભ્યો વેલમાં ધસી આવ્યા, વેલમાં ધસી આવેલા સભ્યો એક દિવસ માટે સસ્પેન્ડ –**

તા.૮મી જુલાઈ, ૨૦૦૯ના રોજ મળેલી ગૃહની બેઠકમાં સભાગૃહની કાર્યવાહી શરૂ થવાની સાથે વિરોધપક્ષના નેતાશ્રી શકિતસિંહ ગોહિલ ધ્વારા અમદાવાદના લઠ્ઠાકાંડનો બનાવ અંગેની સભામોકૂફીની દરખાસ્ત બાબતે રજૂઆત કરવાનો પ્રયત્ન કરાંતાં માનનીય અધ્યક્ષશ્રીએ પ્રશ્નોતરી બાદ મંત્રીશ્રી તે અંગે નિવેદન કરવાના છે તેમ જણાવ્યું હતું અને પ્રશ્નોત્તરીની કાર્યવાહી ચાલુ કરી હતી તે દરમિયાન તારાંકિત પ્રશ્ન અગ્રતાક્રમ–૪ ચર્ચાઈ રહયો હતો તે તબકકે વિરોધપક્ષના નેતાશ્રી શકિતસિંહ ગોહિલે તેઓશ્રીએ આપેલ સભામોકૂફીની દરખાસ્ત બાબતમાં રજૂઆત કરવાનો ફરીવાર પ્રયત્ન કરતાં, માનનીય અધ્યક્ષશ્રીએ આ દરખાસ્ત પોતાને બારમાં પાંચ મિનિટ બાકી હતી ત્યારે મળી છે. તેથી અગાઉના અધ્યક્ષના નિર્ણયો, પરંપરા તથા નિયમો જોઈને નિર્ણય કરશે તેમ જણાવતાં વિરોધપક્ષના નેતા સહિતના સભાગૃહમાં ઉપસ્થિત કોંગ્રેસ પક્ષના સભ્યશ્રીઓ પોતાના સ્થાન ઉપર ઉભા થઈ સતત સૂત્રોચ્ચાર કરવા લાગ્યા હતા. માનનીય અધ્યક્ષશ્રીએ વારંવાર તે સૌ સભ્યશ્રીઓને પોતાનું સ્થાન લેવા અને શાંતિ જાળવવા વિનંતી કરી હતી આમ છતાં વિરોધપક્ષના સભ્યશ્રીઓ ધ્વારા સતત સૂત્રોચ્ચાર કરવાની પ્રક્રિયા ચાલુ રાખી તે દરમિયાન સભ્યો સર્વ શ્રી શૈલેષભાઈ પરમાર, અમીતભાઈ ચાવડા, દેવજીભાઈ ફતેપરા, રાજેન્દ્રસિંહ પરમાર, નિરંજનભાઈ પટેલ, સી. કે. રાઉલજી, જોધાજી ઠાકોર, બ્રિજરાજસિંહ જાડેજા, લાલસિંહ વડોદિયા, અશ્વિનભાઈ કોટવાલ, ગ્યાસુદ્દીન શેખ, પુનાભાઈ ગામીત, માનસિંહ ચૌહાણ અને શ્રી મહંમદ જાવેદ પીરજાદા સૂત્રોચ્ચાર કરતા કરતા એકાએક વેલમાં ધસી આવ્યા હતા તથા તેમાંના કેટલાક સભ્યશ્રીઓએ કાગળના ટુકડાઓ વેલમાં ઉછાળ્યા હતા આથી માનનીય અધ્યક્ષશ્રીએ વેલમાં આવીને સૂત્રોચ્ચાર કરી દેખાવો કરતા ઉકત સભ્યશ્રીઓને સભાગૃહમાંથી દૂર કરવાનો આદેશ સલામતી દળના સભ્યોને આપતાં સલામતી

દળના સભ્યો ધ્વારા કેટલાક  સભ્યશ્રીઓને સભાગૃહમાંથી દૂર કરવામાં આવતાં વિરોધપક્ષના નેતાશ્રી સહિતના સભાગૃહમાં ઉપસ્થિત વિરોધપક્ષના બાકીના સભ્યશ્રીઓ સૂત્રોચ્ચાર કરતા કરતા સભાત્યાગ કરી ગયા ત્યારે માન. અધ્યક્ષશ્રીએ નિયમ–૧૦૮ની જોગવાઈ તરફ સભાગૃહનું ધ્યાનદોરી જણાવ્યું હતુ, કે નિયમ–૧૦૮ નીચે સભામોકૂફીનો પ્રસ્તાવ લાવવા માગતા સભ્યશ્રીએ જે બેઠકમાં લાવવા પ્રસ્તાવ માગતા હોય તે બેઠક શરૂ થવાના ઓછામાં ઓછા એક કલાક અગાઉ લેખિત સૂચના આપવાની રહે છે. બેઠક શરૂ થવાના પાંચ મિનિટ પહેલાં મળેલી તે દરખાસ્ત તેઓશ્રીએ વિધાનસભા સચિવાલયને નિયમોની મર્યાદા અને જોગવાઈઓ ચકાસી આગળની કાર્યવાહી કરવા માટે આપી હોય ત્યારે વિરોધપક્ષ ધ્વારા એક સંવેદનશીલ ઘટના માટે આવા દેખાવો થાય તે દુઃખદ છે.

ત્યારબાદ નાણામંત્રીશ્રી વજુભાઈ વાળાએ સૂત્રોચ્ચાર કરતા કરતા વેલમાં આવી દેખાવો કરી રહેલા અને માનનીય અધ્યક્ષશ્રીના આદેશથી સલામતી દળના સભ્યો ધ્વારા જેમને સભાગૃહમાંથી દૂર કરવામાં આવ્યા હતા તેવા શ્રી શૈલેષભાઈ પરમાર, શ્રી અમીતભાઈ ચાવડા, શ્રી દેવજીભાઈ ફતેપરા, શ્રી રાજેન્દ્રસિંહ પરમાર, શ્રી નિરંજનભાઈ પટેલ, શ્રી સી. કે. રાઉલજી, શ્રી જોધાજી ઠાકોર, શ્રી બિજરાજસિંહ જાડેજા, શ્રી લાલસિંહ વડોદિયા, શ્રી અશ્વિનભાઈ કોટવાલ, શ્રી ગ્યાસુદ્દીન શેખ, શ્રી પુનાભાઈ ગામીત, શ્રી માનસિંહ ચૌહાણ અને શ્રી મહંમદ જાવેદ પીરજાદાને તે દિવસ માટે સભાગૃહમાંથી સસ્પેન્ડ કરવાનો પ્રસ્તાવ રજૂ કરતાં અને આરોગ્ય મંત્રીશ્રી જયનારાયણભાઈ વ્યાસે તેનો ટેકો આપતાં  પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યો હતો જેનો સ્વીકાર કરવામાં આવ્યો હતો.

**<u>સભાગૃહમાં માઈક તોડનાર ત્રણ સભ્યો પાસેથી રિપેરીંગનો ખર્ચ વસુલ કરવા સહિત સાત સભ્યોને સત્ર સમાપ્તિ સુધી સસ્પેન્ડ કરવાનો બનાવ :–</u>**

તા.૯મી જુલાઈ, ૨૦૦૯ના રોજ મળેલા ગૃહમાં તારાંકિત પ્રશ્ન **અગ્રતાક્રમ–૧** પરની પૂરક પ્રશ્નોત્તરી ચાલી રહી હતી ત્યારે વિરોધપક્ષના નેતાશ્રી શકિતસિંહ ગોહિલે પોતાના સ્થાન ઉપર ઉભા થઈ સભ્યશ્રી અર્જુનભાઈ મોઢવાડિયાની સભામોકૂફીની દરખાસ્ત પેન્ડિંગ છે તેમજ આજે નવા વિસ્તારોમાં મૃત્યુ થઈ રહયા છે તેમ જણાવી તે બાબતે ચર્ચા ઉપસ્થિત કરવાનો પ્રયત્ન કરતાં, માનનીય અધ્યક્ષશ્રીએ તેઓશ્રીને અટકાવી પ્રશ્નોત્તરી બાદ આ બાબત રાખવા સૂચવી પ્રશ્નોત્તરીની કાર્યવાહી આગળ ચલાવી હતી.

આ દરમિયાન વિરોધપક્ષના નેતાશ્રી સહિત સભાગૃહમાં ઉપસ્થિત રહેલા વિરોધપક્ષના સભ્યશ્રીઓએ પોતાના સ્થાન ઉપર ઉભા રહી સતત સૂત્રોચ્ચાર કરવાનું તેમજ કેટલાક સભ્યશ્રીઓએ પાટલી થપથપાવી સૂત્રોચ્ચાર કરી સભાગૃહની કાર્યવાહીમાં સતત ખલેલ પહોંચાડવાનું ચાલુ રાખતાં, માનનીય અધ્યક્ષશ્રીએ તે સૌ સભ્યશ્રીઓને શાંતિ જાળવવા વારંવાર વિનંતી કરી ચેતવણી  આપી હતી. આમ છતાં સતત સૂત્રોચ્ચાર અને પાટલીઓ થપથપાવી  સભાગૃહની કાર્યવાહીમાં ખલેલ પહોંડવાની પ્રક્રિયા ચાલુ રહેતાં માનનીય અધ્યક્ષશ્રીએ નિયમ–પ૧ હેઠળ સભાગૃહની કાર્યવાહીમાં ખલેલ પહોંચાડી તોફાની વર્તણૂક કરતા વિરોધપક્ષના નેતાશ્રી સહિતના સભાગૃહમાં ઉપસ્થિત રહેલા વિરોધપક્ષના તમામ સભ્યશ્રીઓને સભાગૃહ છોડી જવાનો આદેશ આપતાં, સલામતી દળના સભ્યો ધ્વારા કેટલાક સભ્યશ્રીઓને સભાગૃહમાંથી દૂર કરવામાં આવ્યા હતા અને  વિરોધપક્ષના નેતાશ્રી સહિતના બાકીના  સભ્યશ્રીઓ સભાત્યાગ કરી ગયા હતા.

ત્યારબાદ મુખ્ય દંડકશ્રી આર. સી. ફળદુએ સભ્યશ્રી અમિતભાઈ ચાવડા તેમજ જે કોઈ સભ્યશ્રીઓએ માઈક તોડયા હતા. તેમની પાસેથી તેનો ખર્ચ વસૂલ કરવા તથા આ પ્રકારની અતિશય તોફાની પ્રવૃત્તિ કરીને ગૃહની કાર્યવાહીમાં ખલેલ પહોંચાડનાર તેમજ માઈક તોડનાર તમામ સભ્યશ્રીઓને નેઈમ  કરી પૂરા સત્ર દરમ્યાન સસ્પેન્ડ કરવાનો પ્રસ્તાવ રજૂ કરતાં અને જળસંપત્તિ મંત્રીશ્રી નીતિનભાઈ પટેલે તેને સમર્થન આપતાં મુખ્ય દંડકશ્રી આર. સી. ફળદુએ રજૂ કરેલો ઉકત પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવતાં તેનો સ્વીકાર કરવામાં આવ્યો હતો જેના પગલે માનનીય અધ્યક્ષશ્રીએ જેમણે માઈક તોડયા હતા તેવા ત્રણ સભ્યો સર્વશ્રી

લાલસિંહ વડોદિયા, ચંદ્રિકાબેન બારીયા અને  અમિતભાઈ ચાવડા પાસેથી રીપેરીંગના ખર્ચ પેટે રૂ. ૩૬૦૦/– વસૂલ કરવાનો આદેશ કરવાની સાથે ઉકત ત્રણ સભ્યશ્રીઓ ઉપરાંત જે સભ્યોએ વિરોધદર્શક આક્રમક દેખાવો કરીને ગૃહનું અપમાન કર્યું હતુ તેવા શ્રી શૈલેષભાઈ પરમાર, શ્રી કુંવરજીભાઈ હળપતિ, શ્રી સી. કે. રાઉલજી અને શ્રી અશ્વિનભાઈ કોટવાલ એમ કુલ સાત સભ્યોને  સત્રની સમાપ્તિ સુધી સસ્પેન્ડ કરવાની જાહેરાત કરી હતી.

**સભામોકૂફીની દરખાસ્તને લઈને સૂત્રોચ્ચાર કરી સભાગૃહની કાર્યવાહીમાં સતત ખલેલ પહોંચાડનાર વિરોધપક્ષના ૧૧ સભ્યશ્રીઓ ત્રણ દિવસ માટે સસ્પેન્ડ અને વિરોધપક્ષના નેતાશ્રી સહિત, વિરોધપક્ષના તમામ સભ્યો કાળાં કપડાં પહેરી ગૃહમાં ઉપસ્થિત રહેતા અને પાલીતાણાની જૈનમંદિરની પ્રતિકૃતિ સમાન તસવીર તોડવા સંદર્ભે માનનીય અધ્યક્ષશ્રીનું માર્ગદર્શન માંગતા સત્તાધારી પક્ષના સભ્યશ્રીઓ :–**

તા. ૧૦મી જુલાઈ, ૨૦૦૯ના રોજ સભાગૃહની બેઠક શરૂ થવાની સાથેજ વિરોધપક્ષના નેતાશ્રી શકિતસિંહ ગોહિલે સભામોકૂફીની નવી દરખાસ્ત આપેલી.  તેના પર ચર્ચા થવી જોઈએ એ સંબંધમાં રજૂઆત કરવાનો પ્રયત્ન કર્યો હતો પરંતુ ગૃહમાં પ્રશ્નોત્તરીની કાર્યવાહી ચાલુ કરવામાં આવી હતી. અને પ્રશ્ન અગ્રતાક્રમ–૩ ની પૂરક પ્રશ્નોત્તરી ચાલી રહી હતી તે દરમ્યાન વિરોધપક્ષના નેતાશ્રી શકિતસિંહ ગોહિલ સહિતના વિરોધપક્ષના સભ્યશ્રીઓ પોતાના સ્થાન છોડી એક તરફ એકઠા થઈ સતત પાટલીઓ થપથપાવી આક્રોશપૂર્ણ સૂત્રોચ્ચાર સભાગૃહની કાર્યવાહીમાં સતત ખલેલ પહોંચાડવાની કાર્યવાહી ચાલુ રાખી હતી. આ દરમ્યાન પ્રશ્નોત્તરી ચાલુ રહી અને પ્રશ્ન અગ્રતાક્રમ–૪ અને ૫ ના મૌખિક જવાબ આપવામાં આવ્યા હતા. આ તબકકે વિરોધપક્ષના સભ્યો પૈકી સભ્યશ્રી પરેશભાઈ વસાવા, શ્રી મહેન્દ્રસિંહ વાઘેલા, શ્રી ગ્યાસુદ્દીન શેખ, શ્રી કાનજીભાઈ તળપદા, શ્રી પ્રભુભાઈ વસાવા, શ્રી દેવજીભાઈ ફતેપરા, શ્રી જીતુભાઈ ચૌધરી વગેરે સભ્યશ્રીઓ સૂત્રોચ્ચાર કરતા કરતા વેલમાં ધસી આવતાં, માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર સલામતીદળના સભ્યો ધ્વારા આ તમામ સભ્યશ્રીઓને સભાગૃહમાંથી દૂર કરવામાં આવ્યા હતા.આ તબકકે વિરોધપક્ષના નેતાશ્રી શકિતસિંહ ગોહિલ સહિતના સભાગૃહમાં ઉપસ્થિત રહેલા વિરોધપક્ષના બાકીના સભ્યશ્રીઓ સૂત્રોચ્ચાર કરતા કરતા સભાત્યાગ કરી ગયા હતા.

નાણામંત્રીશ્રી વજુભાઈ વાળાએ વિરોધપક્ષના સભ્યશ્રીઓ કે જેમણે સભાગૃહના સંચાલનના નિયમોની વિરુધ્ધ જઈ વેલમાં ધસી આવી દેખાવો કર્યા અને માનનીય અધ્યક્ષશ્રીએ પણ જેમને સભાગૃહની બહાર લઈ જવાનો આદેશ આપેલ છે. તેવા સભ્યશ્રીઓ સર્વશ્રી મહેન્દ્રસિંહ વાઘેલા, ગ્યાસુદ્દીનભાઈ શેખ, કાનજીભાઈ તળપદા, ખુમાનસિંહ ચૌહાણ, પ્રભુભાઈ વસાવા, દેવજીભાઈ ફતેપરા,  મોહનસિંહ રાઠવા,  જીતુભાઈ ચૌધરી,  પરેશભાઈ વસાવા,  મહંમદ જાવેદ પીરજાદા તેમજ શ્રી પુનાભાઈ ગામીતને ત્રણ દિવસ માટે એટલે કે મંગળવાર સુધી નેઈમ કરવાની દરખાસ્ત કરતો પ્રસ્તાવ રજૂ કરતાં અને જળસંપત્તિ મંત્રીશ્રી નીતિનભાઈ પટેલે તેને સમર્થન આપતાં પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યો હતો અને તેનો સ્વીકાર કરવામાં આવતા ઉકત ૧૧ સભ્યોને ત્રણ દિવસ માટે ગૃહની કાર્યવાહીમાંથી સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા.

સભ્યશ્રી રાકેશભાઈ શાહે માનનીય અધ્યક્ષશ્રીની પરવાનગીથી મુદ્દો ઉપસ્થિત કરી જણાવ્યું હતું  કે, તે દિવસે સવારે સભાગૃહના ગેઈટ નં–૪ ની બહાર પાલીતાણાના જૈન મંદિરની પ્રતિકૃતિ સમાન તસવીરના આ ગૃહના વિપક્ષના સભ્યોએ બહાર જતી વખતે કાચ અને ફ્રેઈમ તોડી નાંખી તેની સાથે ચેડાં કર્યા છે જેનાથી જૈન અને સમગ્ર હિન્દુ સમાજની લાગણી દુભાઈ છે. તેથી આવું કૃત્ય કરનાર સભ્યશ્રીઓની સામે પગલાં લેવાની માગણી માનનીય અધ્યક્ષશ્રી સમક્ષ કરી હતી. સભ્યશ્રી મહેન્દ્રસિંહ સરવૈયા તથા શ્રીમતી વિભાવરીબેન દવેએ પણ ઉકત મુદ્દામાં પોતાનો સૂર પુરાવ્યો હતો.

માનનીય અધ્યક્ષશ્રીએ ઉકત મુદ્દા અંગે પ્રતિક્રિયા વ્યકત કરતાં જણાવ્યું હતું કે આ ઘટનાને તેઓ ગંભીરતાથી લે છે. આ સમગ્ર વિધાનસભાગૃહ તેઓશ્રીના આધિપત્ય નીચે આવી જાય છે. આથી કોઈ ગેરશિસ્ત, દેખાવો, કે પ્રદર્શન કરવા એ નિયમ વિરુધ્ધ છે. વધુમાં તેઓએ  જણાવ્યું હતું કે વિપક્ષના સભ્યશ્રીઓ ધ્વારા સભાગૃહની બહાર જતી વખતે ગેઈટ નં–૪ની બહારની પાલીતાણાના જૈન મંદિરની તસવીરના કાચ અને ફ્રેઈમ તોડવાનો બનાવ તેની ઉપરના હુમલા સમાન છે. આનાથી સમગ્ર જૈન

સમાજ અને રાજયની ધર્મપ્રેમી જનતાની લાગણી પણ દુભાઈ છે. તેમજ દરવાજાના કાચ તથા કચરાપેટી તોડીને પણ જાહેર મિલકતને કરેલ નુકસાન રૂ. ૧૯૦૦/– જે તે સભ્યશ્રીઓએ પ્રજાના પ્રતિનિધિઓ તરીકે ભરપાઈ કરી દેવું જોઈએ તેમજ આ પાલીતાણાના જૈન મંદિર ઉપરના હુમલા માટે વિપક્ષના સભ્યશ્રીઓએ જાહેરમાં માફી માગવી જોઈએ. લોકશાહીમાં લોકપ્રતિનિધિઓ લોકશાહીને ચલાવે છે. લોકપ્રતિનિધિઓ અને વિધાનસભા, સંસદ અને સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓ લોકશાહીની શોભા છે. ભારતના બંધારણે પ્રત્યેક પ્રત્યે સમભાવની લાગણી દર્શાવવાનો નિર્દેશ કરેલ છે. ત્યારે આ સભાગૃહમાં ગુજરાતના દેવસ્થાનો તથા સાંસ્કૃતિક સ્થળોની મૂકાયેલ તસવીરો એ લોકશ્રધ્ધા અને લોક આસ્થાના કેન્દ્રસમી અને ગુજરાતના ગૌરવ સમી છે. આ સભાગૃહમાંથી બહાર નીકળીને ગમે તેવા દેખાવો કરીએ તો પણ આવા લોક શ્રધ્ધા કે આસ્થાના કેન્દ્રો ઉપરના હુમલા કે તોડવાનો પ્રયત્ન થાય તેની સાથે કોઈ સમંત થઈ શકે નહીં રાજયના વિધાનસભા ગૃહની અંદર પાલીતાણાના જૈન મંદિરની તસવીર હતી એમ નહીં પરંતુ ગુજરાતની અને દેશની પ્રજાના આસ્થા અને શ્રધ્ધા કેન્દ્રનું પ્રતિક હતું. તેના પર જેમણે પણ હુમલો કર્યો હોય તેઓએ માફી માગવી જોઈએ તેવી અપીલ કરી હતી અને આ તસવીરો સાચવવાની જવાબદારી તેઓશ્રીની છે તેમ જણાવી તેમણે ગુજરાતની પ્રજાના દુઃખમાં સહભાગી બની માફી માગી હતી.

સભ્યશ્રી પ્રદિપસિંહ જાડેજાએ તા.૧૩/૭/૨૦૦૯ના રોજ માનનીય અધ્યક્ષશ્રીના અગત્યના નિર્ણય–૧૯૮૫–૨૦૦૨ પાના નં. ૪૭ નિર્ણય ક્રમાંક :– ૪૫, ટાંકી મુદ્દો ઉપસ્થિત કરતા જણાવ્યું હતું કે સભાગૃહમાં કાળા કપડાં પહેરીને આવવું એ પણ પ્રદર્શન સમાન છે. તેમજ સભાગૃહના અવમાન સમાન છે. વિપક્ષના નેતાશ્રી સહિત વિપક્ષના સભ્યશ્રીઓ તા.૧૦/૭/૨૦૦૯ના રોજ કાળાં કપડાં ધારણ કરી ગૃહમાં ઉપસ્થિત રહી સભાગૃહનું અવમાન કરેલ છે તે બાબતમાં માનનીય અધ્યક્ષશ્રીનું માર્ગદર્શન માગ્યું હતું. માનનીય અધ્યક્ષશ્રીએ ઉકત મુદ્દા પર પ્રતિક્રિયા વ્યકત કરતાં જણાવ્યું હતું કે આ સભાગૃહએ લોકશાહીનું મંદિર છે. અધ્યક્ષપદ માટેના માવળંકરના વિચારો ટાંકીને તેની સાથે સંમત થતાં, તેમણે આગળ જણાવ્યું હતું કે, કાળાં વસ્ત્રો ધારણ કરીને સભાગૃહની અંદર આવવું તેમજ અધ્યક્ષશ્રીની સામે પીઠ ફેરવીને વાત કરવી એ ગૃહના અવમાનરૂપ છે. એમ જણાવી તેમણે સભ્યશ્રી પ્રદિપસિંહ જાડેજાનો પોઈન્ટ ઓફ ઓર્ડરનો મુદ્દો ગ્રાહય રાખ્યો હતો.

## ૨૨. (૧) વિધાનસભ્યશ્રીઓના રાજીનામાને કારણે ખાલી પડેલ સભ્યપદની બેઠકો પૈકી નાણાંકીય સમિતિઓ, ગુજરાત રાજય સહકારી કાઉન્સિલ , સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સેનેટ તથા ઉત્તર ગુજરાત યુનિવર્સિટી કોર્ટ ઉપર સભ્યોની ચૂંટણી

માનનીય અધ્યક્ષશ્રીએ **તા.૦૮–૦૭–૨૦૦૯**ના રોજ વિધાનસભ્યશ્રીઓના રાજીનામાનેકારણે ખાલી પડેલ સભ્યપદની બેઠકો પૈકી અંદાજ સમિતિ ઉપર **એક**, જાહેર હિસાબ સમિતિ ઉપર **બે**, જાહેર સાહસો માટેની સમિતિ ઉપર **બે** અને પંચાયતી રાજ સમિતિ ઉપર **એક** સભ્યશ્રીની તથા ગુજરાત રાજય સહકારી કાઉન્સિલ ઉપર **એક**, સૌરાષ્ટ્ર યુનિવર્સિટીની સેનેટ ઉપર **એક** અને ઉત્તર ગુજરાત યુનિવર્સિટીની કોર્ટ ઉપર ગુજરાત વિધાનસભાના **એક** સભ્યની ચૂંટણી કરવા માટે સંયુકત ચૂંટણી કાર્યક્રમની સભાગૃહમાં જાહેરાત કરી હતી.

**(૨)** માનનીય અધ્યક્ષશ્રીએ **બુધવાર, તા.૨૯–૦૭–૨૦૦૯** ના રોજ વિધાનસભ્યશ્રીઓના રાજીનામાને કારણે ખાલી પડેલ સભ્યપદની બેઠકો પૈકી અંદાજ સમિતિ, જાહેર હિસાબ સમિતિ, જાહેર સાહસો માટેની સમિતિ અને પંચાયતી રાજ સમિતિ તથા ગુજરાત રાજય સહકારી કાઉન્સિલ, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સેનેટ અને ઉત્તર ગુજરાત યુનિવર્સિટી કોર્ટ ઉપર સભ્યોની ચૂંટણીના પરિણામની જાહેરાત કરી હતી.

## ૨૩. સમિતિની બેઠકો:

| અ.નં | સમિતિનું નામ | બેઠકની તારીખ |
|---|---|---|
| ૧ | કામકાજ સલાહકાર સમિતિ | ૨૭–૬–૨૦૦૯ અને ૧૬–૭–૨૦૦૯ |
| ૨ | બિન–સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિ | ૨૯–૬–૨૦૦૯, ૭–૭–૨૦૦૯, ૪–૭–૨૦૦૯, ૨૧–૭–૨૦૦૯, ૨૪–૭–૨૦૦૯ |
| ૪ | સભાગૃહની બેઠકોમાંથી સભ્યોની ગેરહાજરી બાબતની સમિતિ | ૯–૭–૨૦૦૯ |
| ૫ | જાહેર સાહસો માટેની સમિતિ | ૨–૭–૨૦૦૯ |
| ૬ | અનુસૂચિત જાતિઓના કલ્યાણ માટેની સમિતિ | ૭–૭–૨૦૦૯<br>૨૩–૭–૨૦૦૯ |

## ૨૪. સમિતિઓના અહેવાલો:

| અ.નં. | સમિતિનું નામ | અહેવાલ | અહેવાલ રજૂ થયા તારીખ | ચર્ચાયા તારીખ |
|---|---|---|---|---|
| ૧ | કામકાજ સલાહકાર સમિતિ | સાતમો | ૩૦–૬–૨૦૦૯ | ૩૦–૬–૨૦૦૯ |
| | | આઠમો | ૧૬–૭–૨૦૦૯ | ૧૬–૭–૨૦૦૯ |
| ૨ | બિન–સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિ | ત્રીજો | ૩૦–૬–૨૦૦૯ | ૩૦–૬–૨૦૦૯ |
| | | ચોથો | ૦૮–૭–૨૦૦૯ | ૦૮–૭–૨૦૦૯ |
| | | પાંચમો | ૧૫–૭–૨૦૦૯ | ૧૫–૭–૨૦૦૯ |
| | | છઠ્ઠો | ૨૨–૭–૨૦૦૯ | ૨૨–૭–૨૦૦૯ |
| | | સાતમો | ૨૭–૭–૨૦૦૯ | ૨૭–૭–૨૦૦૯ |
| ૩ | સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો માટેની સમિતિ | બીજો | ૨૮–૭–૨૦૦૯ | –– |
| ૪ | સભાગૃહની બેઠકોમાંથી સભ્યોની ગેરહાજરી બાબતની સમિતિ | ત્રીજો | ૧૪–૭–૨૦૦૯ | ૧૪/૭/૨૦૦૯ |
| ૫ | જાહેર સાહસો માટેની સમિતિ | ત્રીજો,ચોથો,પાંચમો અને છઠ્ઠો | ૬–૭–૦૯ | – |
| ૬ | અનુસૂચિત જાતિઓના કલ્યાણ માટેની સમિતિ | ત્રીજો અને ચોથો | ૨૭–૭–૦૯ | – |

## ૨૫. વિધાનસભાના મેજ ઉપર મૂકાયેલા કાગળો (અધિસૂચનાઓ / અહેવાલો સિવાય)

| અ.નં. | વિગત | મેજ ઉપર મૂકયા તારીખ |
|---|---|---|
| ૧ | રાજય સરકારે સન ૨૦૦૮–૨૦૦૯ ના વર્ષ દરમિયાન આપેલ બાંહેધરીની વિગત દર્શાવતું પત્રક | ૨૮–૭–૨૦૦૯ |
| ૨ | રાજય સરકાર વ્દારા બાંહેધરી આપવાના કારણે સન ૨૦૦૮–૨૦૦૯ ના વર્ષ દરમિયાન રાજયના એકત્રિત ભંડોળમાંથી ચૂકવાયેલ રકમોની વિગત દર્શાવતું પત્રક. | ૨૮–૭–૨૦૦૯ |
| ૩ | બાંહેધરી આપનારની રૂએ સરકારે ચૂકવેલ રકમ પૈકી સન ૨૦૦૮–૨૦૦૯ ના વર્ષ દરમિયાન જે તે સંસ્થાઓ / વ્યકિતઓએ ભરપાઈ કરેલ રકમની વિગત દર્શાવતું પત્રક | ૨૮–૭–૨૦૦૯ |
| ૪ | ગુજરાત સરકારના સન ૨૦૦૭–૦૮ ના વર્ષના નાણાકીય હિસાબો (અંગ્રેજી તથા ગુજરાતી | ૨૧–૭–૦૯ |
| ૫ | ગુજરાત સરકારના સન ૨૦૦૭–૦૮ ના વર્ષના વિનિયોગ હિસાબો (અંગ્રેજી તથા ગુજરાતી) | ૨૧–૭–૦૯ |
| ૬ | ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલનો સન ૨૦૦૭–૦૮ ના વર્ષનો ઓડિટ અહેવાલ (વાણિજિયક ) ( અંગ્રેજી તથા ગુજરાતી) | ૨૮–૭–૦૯ |
| ૭ | ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલનો સન ૨૦૦૭–૦૮ ના વર્ષનો ઓડિટ અહેવાલ (મહેસુલી આવક ) ( અંગ્રેજી તથા ગુજરાતી) | ૨૮–૭–૦૯ |

## ૨૬. વિધાનસભાના મેજ ઉપર મૂકાયેલા કાગળો :–

ભારતના બંધારણ અથવા પ્રવર્તમાન કાયદાની જોગવાઈઓ અન્વયે સરકારી કંપની, બોર્ડ કે કોર્પોરેશનના કુલ–૩૧ અહેવાલો અને ૩૨ સરકારી અધિસૂચનાઓ સત્ર દરમિયાન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવી હતી. **જુઓ પત્રક ક્રમાંક :–૨૧**

## ૨૭. વિધાનસભામાં પક્ષવાર પરિસ્થિતિ

બારમી ગુજરાત વિધાનસભાના સભ્યોની તા. ૨૯/૦૭/૨૦૦૯ની સ્થિતિએ પક્ષવાર પરિસ્થિતિ નીચે મુજબ છે.

| **અ.નં.** | **પક્ષનુ નામ** | **સભ્ય સંખ્યા** |
|---|---|---|
| ૧. | ભારતીય જનતા પક્ષ | ૧૧૬ |
| ૨. | ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ | ૫૩ |
| ૩. | રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી | ૦૩ |
| ૪. | જનતાદળ (યુનાઈટેડ) | ૦૧ |
| ૫. | અપક્ષ | ૦૨ |
| ૬. | ખાલી | ૦૭ |
| | કુલ | ૧૮૨ |

## ૨૮. ખરેખર થયેલ કામકાજ પ્રમાણેની સભાઓની તારીખવાર યાદી :–

સત્ર દરમિયાન ખરેખર કામકાજ થયા પ્રમાણે સભાઓની તારીખવાર યાદી **જુઓ પત્રક ક્રમાંક :–૨૨** માં આપવામાં આવી છે.

## ૨૯. રોજેરોજના કામકાજનો સારાંશ :–

સત્ર દરમિયાન વિધાનસભાએ કરેલા રોજેરોજના કામકાજનો સારાંશ **જુઓ પત્રક ક્રમાંકઃ–૨૩** માં આપવામાં આવ્યો છે.

## ૩૦. વિધાનસભાની ચર્ચામાં જુદા જુદા સભ્યોનો ફાળો :–

સત્ર દરમિયાન સભ્યોએ જુદા જુદા કામકાજની ચર્ચામાં કેટલી વખત ભાગ લીધો તે અંગેની વિગતો **પત્રક ક્રમાંકઃ –૨૪** માં દર્શાવવામાં આવી છે.

## ૩૧. શોક દર્શક ઉલ્લેખ :–

સત્ર દરમિયાન કુલ ૬ (છ) મહાનુભાવોના અવસાન અંગે શોકદર્શક ઉલ્લેખ કરવામાં આવ્યા હતા. **જુઓ પત્રક ક્રમાંકઃ –૨૫**

## ૩૨. સભાત્યાગઃ–

### ૧. તા.૨–૭–૦૯

તા.૨–૭–૦૯ના રોજ તારાંકિત પ્રશ્ન ક્રમાંકઃ ૭૯૧૩ની ચર્ચા પૂરી થયા બાદ વિરોધપક્ષના નેતાશ્રી શકિતસિંહ ગોહિલે પ્રશ્નને વધારે સમય અપાઈ રહયો છે તેવું જણાવી માનનીય અધ્યક્ષશ્રીને ઉદ્દેશીને આક્ષેપાત્મક ઉચ્ચારણો કરતાં માનનીય અધ્યક્ષશ્રીએ તેમને તેમ કરતા રોકી શબ્દો પાછા ખેંચવાનું જણાવતાં વિરોધપક્ષના નેતાશ્રી સહિત વિરોધપક્ષના સભ્યશ્રીઓ જગ્યા પર ઉભા થઈ સૂત્રોચ્ચાર કરતા કરતા સભાત્યાગ કરી ગયા.

### ૨. તા.૮–૭–૦૯

તા.૮–૭–૦૯ના રોજ તારાંકિત પ્રશ્ન ક્રમાંકઃ–૮૯૨૩ની ચર્ચા દરમ્યાન વિરોધપક્ષના નેતાશ્રી શકિતસિંહ ગોહિલે સભામોકૂફીની દરખાસ્ત બાબતે ફરીવાર રજૂઆત કરવાનો પ્રયત્ન કરતાં માન. અધ્યક્ષશ્રીએ, નિયમો, પરંપરાઓ તેમજ અગાઉના અધ્યક્ષશ્રીઓના નિર્ણયો જોઈને, નિર્ણય કરવાનું જણાવતાં વિરોધપક્ષના નેતાશ્રી સહિત સભાગૃહમાં ઉપસ્થિત રહેલ કોંગ્રેસ પક્ષના સભ્યશ્રીઓ ઉભા થઈ સતત સત્રોચ્ચાર કરવા લાગ્યા. માનનીય અધ્યક્ષશ્રીએ તે સભ્યશ્રીઓને પોતાનું સ્થાન લેવા અને શાંતિ જાળવવાનું જણાવ્યા બાદ પણ વિરોધપક્ષ ધ્વારા સતત સત્રોચ્ચાર કરાતાં અને કેટલાક સભ્યશ્રીઓએ એકાએક વેલમાં આવી જઈ કાગળના ટૂકડા ઉછાળતાં માનનીય અધ્યક્ષશ્રીએ વેલમાં આવી ગયેલા સભ્યશ્રીઓને અવ્યવસ્થા ઉભી કરવા બદલ સભાગૃહમાંથી બહાર લઈ જવાનો સાર્જન્ટને આદેશ આપતાં વિરોધપક્ષના નેતાશ્રી સહિત સભાગૃહમાં ઉપસ્થિત રહેલા વિરોધપક્ષના સભ્યશ્રીઓ સૂત્રોચ્ચાર કરતા કરતા સભાત્યાગ કરી ગયા.

### ૩. તા.૯–૭–૦૯

તા.૯–૭–૦૯ના રોજ તારાંકિત પ્રશ્નો ક્રમાંકઃ–૯૨૨૩, ૭૬૮૭ અને ૯૧૧૪ની ચર્ચા દરમ્યાન વિરોધપક્ષના નેતાશ્રીએ સભામોકૂફીની દરખાસ્ત પેન્ડીંગ હોવાનો ઉલ્લેખ કરી તે બાબતે ચર્ચા ઉપસ્થિત કરવાનો પ્રયત્ન કરતાં માનનીય અધ્યક્ષશ્રીએ પ્રશ્નોત્તરી બાદ તેમને સાંભળવાનું જણાવ્યા બાદ પણ વિરોધપક્ષના નેતાશ્રી સહિત વિરોધપક્ષના સભ્યશ્રીઓએ ઉભા થઈ સતત સૂત્રોચ્ચાર અને કેટલાક સભ્યશ્રીઓ ધ્વારા પાટલીઓ થપથપાવી માનનીય અધ્યક્ષશ્રીની શાંતિ જાળવવાની વારંવારની વિનંતી બાદ પણ વિરોધપક્ષ ધ્વારા સભાગૃહની કાર્યવાહીમાં સતત ખલેલ પહોંચાડવાનું ચાલુ રાખતાં માનનીય અધ્યક્ષશ્રીએ વિરોધપક્ષના સભ્યશ્રીઓને ગૃહ છોડી જવા આદેશ આપતાં સલામતી દળ ધ્વારા કેટલાંક સભ્યશ્રીઓને સભાગૃહની બહાર લઈ જવામાં આવ્યા. ત્યારે વિરોધપક્ષના નેતાશ્રી સહિત બાકીના સભ્યશ્રીઓ સભાત્યાગ કરી ગયા.

### ૪. તા.૧૦–૭–૦૯

તા.૧૦–૭–૦૯ના રોજ તારાંકિત પ્રશ્નો ક્રમાંકઃ– ૯૩૮૩, ૯૩૧૩ અને ૯૨૬૬ની ચર્ચા દરમ્યાન સભામોકૂફીની દરખાસ્ત બાબતે વિરોધપક્ષના નેતાશ્રી સહિત વિરોધપક્ષના સભ્યશ્રીઓ ધ્વારા પાટલીઓ થપથપાવી અને સૂત્રોચ્ચાર કરી સભાગૃહની કાર્યવાહીમાં ખલેલ પહોંચાડવાનું ચાલુ કરતાં તથા કેટલાક સભ્યશ્રીઓ સૂત્રોચ્ચાર કરતાં કરતાં વેલમાં ધસી આવતાં. વેલમાં આવનાર સભ્યશ્રીઓને માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર સલામતી દળ ધ્વારા બહાર લઈ જવામાં આવ્યા ત્યારે

વિરોધપક્ષના નેતાશ્રી સહિત સભાગૃહમાં ઉપસ્થિત રહેલા વિરોધપક્ષના બાકી સભ્યશ્રીઓ સૂત્રોચ્ચાર કરતા કરતા સભાત્યાગ કરી ગયા.

**૩૩. વિધાનસભાની કાર્યવાહી જોવા આવેલ પ્રેક્ષકો :–**

| | વિગત | પ્રેક્ષકોની સંખ્યા |
|---|---|---|
| ૧ | અધ્યક્ષ ગેલેરી | ૫૪૪૧ |
| ૨ | અતિથિ વિશેષ ગેલેરી | ૨૭૦૦ |
| ૩ | પ્રેક્ષક ગેલેરી | ૫૦૩૩ |
| | **કુલ..** | **૧૩૧૭૪** |

પત્રક ક્રમાંકઃ–૧

(જુઓ ફકરા ક્રમાંકઃ–૧)

સત્રમાં થયેલ જુદા જુદાકામકાજે લીધેલો સમય અને ટકાવારી

| **દિવસોની સંખ્યા : ૨૩** | | | **કુલ સમય : ૯૫ કલાક અને ૨૩ મિનિટ** | |
|---|---|---|---|---|
| **ક્રમ** | **કામકાજનો વિષય** | **કલાક** | **મિનિટ** | **ટકાવારી** |
| ૧. | પ્રશ્નોત્તરી | ૨૨ | ૨૩ | ૨૩.૪૭ |
| ૨. | વિધેયકો | | | |
| | (અ) સરકારી | ૧૨ | ૪૯ | ૧૩.૪૪ |
| | (બ) બિન સરકારી | ૦૨ | ૨૩ | ૨.૫૦ |
| ૩. | અંદાજપત્ર પર ચર્ચા | ૪૫ | ૪૭ | ૪૮.૦૦ |
| ૪. | પ્રસ્તાવો | | | |
| | (અ) સભામોકૂફીના પ્રસ્તાવો | – | – | – |
| | (બ) મંત્રીમંડળમાં અવિશ્વાસ વ્યકત કરતા પ્રસ્તાવો | – | – | – |
| | (ક) બીજા પ્રસ્તાવો– સરકારી તેમજ બિન–સરકારી સભ્યોના તેમજ બીજા પ્રસ્તાવો સહિત | ૦૦ | ૪૩ | ૦.૭૫ |
| ૫. | રાજયપાલશ્રીના સંબોધન પર ચર્ચા | – | – | – |
| ૬. | બિન સરકારી સંકલ્પો | ૦૩ | ૦૫ | ૩.૨૩ |
| ૭. | વૈધાનિક મંડળોના કામકાજ પર ચર્ચા | – | – | – |
| ૮. | વિધાનસભાની સમિતિઓના અહેવાલો અને બીજા અહેવાલો પર ચર્ચા | ૦૦ | ૧૪ | ૦.૨૪ |
| ૯. | અન્ય બાબતો | ૦૭ | ૫૯ | ૮.૩૭ |
| **કુલ** | ..... ..... ...... | **૯૫** | **૨૩** | **૧૦૦.૦૦** |

પત્રક ક્રમાંકઃ–૨
(જુઓ ફકરા ક્રમાંકઃ–૨)
સભાગૃહની બેઠકોની તારીખ અને સમય

| **કામકાજના દિવસો : ૨૩** | | | **સભાગૃહની બેઠકો : ૨૪** | | | |
|---|---|---|---|---|---|---|
| ક્રમાંક | વાર | તારીખ | બેઠકનો સમયગાળો | | રિશેષ | **બેઠકનો ખરેખર સમય** |
| | | | બેઠક શરૂ થવાનો સમય ક.–મિ. | બેઠક પૂરી થવાનો સમય ક.–મિ. | | |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | **૭** |
| ૧. | સોમવાર | ૨૯–૬–૦૯ | ૧૨.૦૦ | ૧.૪૯ | –– | **૧.૪૯** |
| ૨. | મંગળવાર | ૩૦–૬–૦૯ | ૧૨.૦૦ | ૩.૦૮ | –– | **૩.૦૮** |
| ૩. | બુધવાર | ૧–૭–૦૯ | ૧૨.૦૦ | ૫.૧૭ | ૦.૪૫ | **૪.૩૨** |
| ૪. | ગુરૂવાર | ૨–૭–૦૯ | ૧૨–૦૦ | ૫.૦૪ | ૦.૪૫ | **૪.૧૯** |
| ૫. | શુક્રવાર | ૩–૭–૦૯ | ૮–૩૦ | ૨.૧૨ | ૦.૩૦ | **૫.૧૨** |
| ૬. | સોમવાર | ૬–૭–૦૯ | ૧૨.૦૦ | ૫.૧૨ | ૦.૪૫ | **૪.૨૭** |
| ૭. | મંગળવાર | ૭–૭–૦૯ | ૧૨.૦૦ | ૫.૧૦ | ૦.૪૫ | **૪.૨૫** |
| ૮ | બુધવાર | ૮–૭–૦૯ | ૧૨.૦૦ | ૫.૧૫ | ૦.૪૫ | **૪.૩૦** |
| ૯. | ગુરૂવાર | ૯–૭–૦૯ | ૧૨.૦૦ | ૪.૫૦ | ૦.૪૫ | **૪.૦૫** |
| ૧૦. | શુક્રવાર | ૧૦–૭–૦૯ | ૮.૩૦ | ૧૨.૪૬ | ૦.૩૦ | **૩.૪૬** |
| ૧૧. | સોમવાર | ૧૩–૭–૦૯ | ૧૨.૦૦ | ૫.૦૧ | ૦.૪૫ | **૪.૧૬** |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| ૧૨ | મંગળવાર | ૧૪–૭–૦૯ | ૧૨.૦૦ | ૫.૦૦ | ૦.૪૫ | **૪.૧૫** |
| ૧૩. | બુધવાર | ૧૫–૭–૦૯ | ૧૨.૦૦ | ૪.૪૦ | ૦.૪૫ | **૩.૫૫** |
| ૧૪. | ગુરૂવાર | ૧૬–૭–૦૯ | ૧૨.૦૦ | ૪.૫૧ | ૦.૪૫ | **૪.૦૬** |
| ૧૫. | શુક્રવાર | ૧૭–૭–૦૯ | ૮.૩૦ | ૧.૨૮ | ૦.૩૦ | **૪.૫૮** |
| ૧૬ | સોમવાર | ૨૦–૭–૦૯ | ૧૨.૦૦ | ૫.૧૦ | ૦.૪૫ | **૪.૨૫** |
| ૧૭ | મંગળવાર | ૨૧–૭–૦૯ | ૧૨.૦૦ | ૫.૧૧ | ૦.૪૫ | **૪.૨૬** |
| ૧૮. | બુધવાર | ૨૨–૭–૦૯ | ૧૨.૦૦ | ૫.૦૨ | ૦.૪૫ | **૪.૧૭** |
| ૧૯ | ગુરૂવાર | ૨૩–૭–૦૯ | ૧૨.૦૦ | ૫.૫૭ | ૦.૪૫ | **૫.૧૨** |
| ૨૦ | શુક્રવાર | ૨૪–૭–૦૯ | ૮.૩૦ | ૧.૦૦ | ૦.૩૦ | **૪.૦૦** |
| ૨૧ | સોમવાર | ૨૭–૭–૦૯ | ૧૨.૦૦ | ૨.૩૫ | –– | **૨.૩૫** |
| ૨૨ | મંગળવાર | ૨૮–૭–૦૯<br>પહેલી બેઠક | ૮.૩૦ | ૧.૦૨ | ૦.૩૦ | **૪.૦૨** |
| ૨૩ | મંગળવાર | ૨૮–૭–૦૯<br>બીજી બેઠક | ૩.૦૦ | ૫.૩૬ | –– | **૨.૩૬** |
| ૨૪ | બુધવાર | ૨૯–૭–૦૯ | ૮.૩૦ | ૧૦.૩૭ | –– | **૨.૦૭** |
| | | | **કુલ** ..... | ..... ..... ..... | | **૯૫.૨૩** |

પત્રક ક્રમાંક :–૩

(જુઓ ફકરા ક્રમાંકઃ–૩)

## સભ્યશ્રીઓએ વ્યકિતગત રીતે આપેલ હાજરી

**(માનનીય અધ્યક્ષશ્રી, મંત્રીશ્રીઓ, વિરોધપક્ષના નેતાશ્રી , મુખ્યદંડકશ્રી ,નાયબ મુખ્ય દંડક શ્રી, દંડકશ્રી અને સંસદીય સચિવશ્રીઓ સિવાય)**

| અ.નુ | સભ્યશ્રીનું નામ | હાજરી | ગેર હાજરી | કુલ | રિમાર્કસ |
|---|---|---|---|---|---|
| ૧ | શ્રી જયંતિલાલ પરસોત્તમ ભાનુશાલી | ૨૨ | ૨ | ૨૪ | |
| ૨ | શ્રી ધનજીભાઈ ગોવિંદભાઈ સેંઘાણી | ૨૦ | ૪ | ૨૪ | |
| ૩ | શ્રી વાસણભાઈ ગોપાલભાઈ આહિર (મંત્રીશ્રી) | – | – | – | |
| ૪ | શ્રી રમેશ વચ્છરાજ મહેશ્વરી | ૨૩ | ૧ | ૨૪ | |
| ૫ | ર્ડા. નીમાબેન ભાવેશભાઈ આચાર્ય | ૧૭ | ૭ | ૨૪ | |
| ૬ | શ્રી બાબુભાઈ મેઘજી ગડા (શાહ) | ૧૪ | ૧૦ | ૨૪ | |
| ૭ | શ્રી શંભુપ્રસાદ બળદેવદાસજી ટુંડિયા | ૮ | ૧૬ | ૨૪ | |
| ૮ | શ્રીમતી વર્ષાબેન નરેન્દ્રભાઈ દોશી | ૨૩ | ૧ | ૨૪ | |
| ૯ | શ્રી કિરીટસિંહ જીતુભા રાણા (મંત્રીશ્રી) | – | – | – | |
| ૧૦ | ખાલી | – | – | – | |
| ૧૧ | શ્રી દેવજીભાઈ ગોવિંદભાઈ ફતેપરા | ૧૦ | ૧૪ | ૨૪ | સસ્પેન્સનના કારણે ૨ દિવસની ગેર હાજરી ગણેલ છે. |
| ૧૨ | શ્રી હરિલાલ મોહનલાલ પટેલ | ૧૩ | ૧૧ | ૨૪ | |
| ૧૩ | શ્રી કાન્તિલાલ શીવલાલ અમૃતિયા | ૧૮ | ૬ | ૨૪ | |
| ૧૪ | શ્રી મોહનભાઈ કલ્યાણજીભાઈ કુંડારિયા | ૨૧ | ૩ | ૨૪ | |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧૫ | શ્રી મહંમદ જાવીદ અબ્દુલમુતલીબ પીરઝાદા | ૪ | ૨૦ | ૨૪ | સસ્પેન્સનના કારણે ૨ દિવસની ગેર હાજરી ગણેલ છે. |
| ૧૬ | ખાલી | – | – | – | |
| ૧૭ | શ્રી ગોવિંદભાઈ ઉકાભાઈ પટેલ | ૧૨ | ૧૨ | ૨૪ | |
| ૧૮ | શ્રી વજુભાઈ વાળા (મંત્રીશ્રી) | – | – | – | |
| ૧૯ | શ્રીમતી ભાનુબેન મનોહરભાઈ બાબરીયા | ૨૪ | – | ૨૪ | |
| ૨૦ | શ્રી ચંદુભાઈ બચુભાઈ વઘાસીયા | ૯ | ૧૫ | ૨૪ | |
| ૨૧ | શ્રીમતી જસુબેન સવજીભાઈ કોરાટ | ૧૯ | ૫ | ૨૪ | |
| ૨૨ | ખાલી | – | – | – | |
| ૨૩ | શ્રી પ્રવિણભાઈ મોહનભાઈ માંકડિયા | ૧૫ | ૯ | ૨૪ | |
| ૨૪ | શ્રી રાઘવજીભાઈ હંસરાજભાઈ પટેલ | ૧૩ | ૧૧ | ૨૪ | |
| ૨૫ | પ્રો. વસુબેન ત્રિવેદી | ૧૯ | ૫ | ૨૪ | |
| ૨૬ | શ્રી લાલજીભાઈ પ્રેમજીભાઈ સોલંકી | ૨૪ | – | ૨૪ | |
| ૨૭ | શ્રી આર. સી. ફળદુ (મુખ્ય દંડકશ્રી) | – | – | – | |
| ૨૮ | શ્રી બ્રિજરાજસિંહ હેમંતસિંહ જાડેજા | ૮ | ૧૬ | ૨૪ | |
| ૨૯ | શ્રી મુળુભાઈ હરદાસભાઈ આયરબેરા | ૧૪ | ૧૦ | ૨૪ | |
| ૩૦ | શ્રી મેઘજી ડાયા કણઝારીયા | ૨૨ | ૨ | ૨૪ | |
| ૩૧ | શ્રી પબુભા વિરમભા માણેક | ૫ | ૧૯ | ૨૪ | |
| ૩૨ | શ્રી અર્જુનભાઈ દેવાભાઈ મોઢવાડીયા | ૭ | ૧૭ | ૨૪ | |
| ૩૩ | શ્રી કરશનભાઈ દુલાભાઈ ઓડેદરા | ૧૬ | ૮ | ૨૪ | |
| ૩૪ | શ્રી ભગવાનજીભાઈ લાખાભાઈ કરગટીયા | ૧૮ | ૬ | ૨૪ | |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૩૫ | શ્રી જવાહરભાઈ પેથલજીભાઈ ચાવડા | ૧૨ | ૧૨ | ૨૪ | |
| ૩૬ | શ્રીમતી વંદનાબેન મનસુખભાઈ મકવાણા | ૧૮ | ૬ | ૨૪ | |
| ૩૭ | શ્રી ભગવાનભાઈ ધાનાભાઈ બારડ | ૮ | ૧૬ | ૨૪ | |
| ૩૮ | શ્રી રાજસીભાઈ વીરાભાઈ જોટવા | ૧૭ | ૭ | ૨૪ | |
| ૩૯ | શ્રી કાળુભાઈ ચનાભાઈ રાઠોડ | ૫ | ૧૯ | ૨૪ | |
| ૪૦ | શ્રી કનુભાઈ મેપાભાઈ ભાલાળા | ૧૮ | ૬ | ૨૪ | |
| ૪૧ | શ્રી લવજીભાઈ ઠાકરશીભાઈ રાજાણી (સંસદીય સચિવશ્રી) | – | – | – | |
| ૪૨ | શ્રી મહેન્દ્રભાઈ  લીલાધરભાઈ  મશરૂ | ૭ | ૧૭ | ૨૪ | |
| ૪૩ | શ્રી બાવકુભાઈ નાથાભાઈ ઉંધાડ | ૧૨ | ૧૨ | ૨૪ | |
| ૪૪ | શ્રી હનુભાઈ ધોરાજીયા | ૧૭ | ૭ | ૨૪ | |
| ૪૫ | શ્રી દિલીપ સંઘાણી (મંત્રીશ્રી) | – | – | – | |
| ૪૬ | શ્રી મનસુખભાઈ પાંચાભાઈ ભુવા | ૨૨ | ૨ | ૨૪ | |
| ૪૭ | ખાલી | – | – | – | |
| ૪૮ | શ્રી હીરાભાઈ ઓધવજીભાઈ સોલંકી | ૯ | ૧૫ | ૨૪ | |
| ૪૯ | શ્રી સૌરભ પટેલ(મંત્રીશ્રી) | – | – | – | |
| ૫૦ | શ્રી આત્મારામ મકનભાઈ પરમાર | ૧૮ | ૬ | ૨૪ | |
| ૫૧ | શ્રી મહેન્દ્રસિંહ પરાક્રમસિંહ સરવૈયા | ૧૫ | ૯ | ૨૪ | |
| ૫૨ | શ્રી કેશુભાઈ હીરજીભાઈ નાકરાણી | ૨૦ | ૪ | ૨૪ | |
| ૫૩ | શ્રી કાળુભાઈ વીરાણી | ૧૪ | ૧૦ | ૨૪ | |
| ૫૪ | ડૉ. કનુભાઈ વાલાભાઈ કલસરીયા | ૨૧ | ૩ | ૨૪ | |
| ૫૫ | શ્રીમતી ભાવનાબેન રાઘવજીભાઈ મકવાણા | ૧૮ | ૬ | ૨૪ | |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૫૬ | શ્રી પરસોત્તમભાઈ ઓધવજીભાઈ સોલંકી (મંત્રીશ્રી) | – | – | – | |
| ૫૭ | શ્રીમતી વિભાવરીબેન વિજયભાઈ દવે | ૧૯ | ૫ | ૨૪ | |
| ૫૮ | શ્રી શકિતસિંહ હરિચંદ્રસિંહ ગોહિલ ( વિરોધપક્ષના નેતાશ્રી) | – | – | – | |
| ૫૯ | શ્રી રણછોડભાઈ કરશનભાઈ મેર | ૨૨ | ૨ | ૨૪ | |
| ૬૦ | શ્રી કાનજીભાઈ રાયાભાઈ તળપદા | ૧૧ | ૧૩ | ૨૪ | સસ્પેન્સનના કારણે ૨ દિવસની ગેર હાજરી ગણેલ છે. |
| ૬૧ | શ્રી કાંતિલાલ રામાભાઈ લકુમ | ૨૩ | ૧ | ૨૪ | |
| ૬૨ | શ્રી પ્રાગજીભાઈ નારણભાઈ પટેલ | ૨૪ | – | ૨૪ | |
| ૬૩ | શ્રી કમાભાઈ ગગજીભાઈ રાઠોડ | ૨૩ | ૧ | ૨૪ | |
| ૬૪ | શ્રી અમિત  શાહ (મંત્રીશ્રી) | – | – | – | |
| ૬૫ | શ્રી બાબુભાઈ જમનાદાસ પટેલ | ૨૪ | – | ૨૪ | |
| ૬૬ | ખાલી | – | – | – | |
| ૬૭ | શ્રીમતી ગીતાબેન યોગેશભાઈ પટેલ | ૨૪ | – | ૨૪ | |
| ૬૮ | શ્રી રાકેશ  જશવંતલાલ શાહ | ૨૪ | – | ૨૪ | |
| ૬૯ | શ્રી ભરતકુમાર ચીમનલાલ બારોટ | ૨૩ | ૧ | ૨૪ | |
| ૭૦ | શ્રી ગ્યાસુદીન હબીબુદીન શેખ | ૧૧ | ૧૩ | ૨૪ | સસ્પેન્સનના કારણે ૨ દિવસની ગેર હાજરી ગણેલ છે. |
| ૭૧ | શ્રી મોહંમદ ફારુક હુસેનમીયાં શેખ | ૧૩ | ૧૧ | ૨૪ | |
| ૭૨ | શ્રી પ્રદિપસિંહ ભગવતસિંહ જાડેજા | ૨૪ | – | ૨૪ | |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૭૩ | શ્રી વલ્લભભાઈ ગોબરભાઈ કાકડિયા | ૨૪ | – | ૨૪ | |
| ૭૪ | શ્રી શૈલેષ મનહરભાઈ પરમાર | ૯ | ૧૫ | ૨૪ | સસ્પેન્સનના કારણે ૧૫ દિવસની ગેર હાજરી ગણેલ છે. |
| ૭૫ | શ્રી અશોક ભટ્ટ ( અધ્યક્ષશ્રી) | – | – | – | |
| ૭૬ | શ્રી સાબીરભાઈ અબ્દુલકરીમ ખેડાવાલા, | ૧૨ | ૧૨ | ૨૪ | |
| ૭૭ | શ્રી નરેન્દ્ર મોદી (મુખ્યમંત્રીશ્રી) | – | – | – | |
| ૭૮ | ડૉ. માયાબેન સુરેન્દ્રકુમાર કોડનાની | ૨૨ | ૨ | ૨૪ | |
| ૭૯ | શ્રી શંભુજી ચેલાજી ઠાકોર | ૨૪ | – | ૨૪ | |
| ૮૦ | શ્રી સુરેશકુમાર ચતુરદાસ પટેલ | ૮ | ૧૬ | ૨૪ | |
| ૮૧ | શ્રી નીતિનકુમાર રતીલાલ પટેલ (મંત્રીશ્રી) | – | – | – | |
| ૮૨ | શ્રીમતી જશોદાબેન ચતુરભાઈ પરમાર | ૨૪ | – | ૨૪ | |
| ૮૩ | શ્રી અનિલકુમાર ત્રિભોવનદાસ પટેલ, | ૨૩ | ૧ | ૨૪ | |
| ૮૪ | પ્રો. મંગળભાઈ માધવદાસ પટેલ | ૨૪ | – | ૨૪ | |
| ૮૫ | શ્રી કાંતિભાઈ રામાભાઈ પટેલ | ૧૬ | ૮ | ૨૪ | |
| ૮૬ | શ્રી ઋષિકેશ ગણેશભાઈ પટેલ | ૩ | ૨૧ | ૨૪ | |
| ૮૭ | શ્રી ભરતસિંહજી શંકરજી ડાભી | ૨૦ | ૪ | ૨૪ | |
| ૮૮ | શ્રી નારાયણભાઈ લલ્લુદાસ પટેલ | ૨૩ | ૧ | ૨૪ | |
| ૮૯ | શ્રી જયનારાયણ વ્યાસ (મંત્રીશ્રી) | – | – | – | |
| ૯૦ | શ્રી જોધાજી ગલાબજી ઠાકોર | ૧૨ | ૧૨ | ૨૪ | |
| ૯૧ | શ્રીમતી આનંદીબેન મફતભાઈ પટેલ, (મંત્રીશ્રી) | – | – | – | |
| ૯૨ | શ્રી રજનીકાંત સોમાભાઈ પટેલ | ૨૩ | ૧ | ૨૪ | |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૯૩ | ખાલી | – | – | – | |
| ૯૪ | શ્રી શંકરભાઈ લગધીરભાઈ ચૌધરી | ૨૦ | ૪ | ૨૪ | |
| ૯૫ | શ્રી પરબતભાઈ સવાભાઈ પટેલ (મંત્રીશ્રી) | – | – | – | |
| ૯૬ | શ્રી અનીલકુમાર અમૃતલાલ માળી | ૨૩ | ૧ | ૨૪ | |
| ૯૭ | શ્રી બાબુભાઈ જેસંગભાઈ દેસાઈ | ૧૯ | ૫ | ૨૪ | |
| ૯૮ | શ્રી લીલાધરભાઈ ખોડાજી વાઘેલા | ૨૩ | ૧ | ૨૪ | |
| ૯૯ | શ્રી મફતલાલ મોતીરામ પુરોહિત | ૨૩ | ૧ | ૨૪ | |
| ૧૦૦ | શ્રી ગોવિંદભાઈ માધવલાલ પ્રજાપતિ | ૨૧ | ૩ | ૨૪ | |
| ૧૦૧ | શ્રી ફકીરભાઈ રઘાભાઈ વાઘેલા (મંત્રીશ્રી) | – | – | – | |
| ૧૦૨ | ખાલી | – | – | – | |
| ૧૦૩ | શ્રી અશ્વિન કોટવાલ | ૯ | ૧૫ | ૨૪ | સસ્પેન્સનના કારણે ૧૫ દિવસની ગેર હાજરી ગણેલ છે. |
| ૧૦૪ | શ્રી રમણલાલ ઈશ્વરલાલ વોરા (મંત્રીશ્રી) | – | – | – | |
| ૫ | ફિક્સ પગાર બાબત. | શ્રી મોહંમદ ફારૂક શેખ, | –"– | પ્રભારી સભ્યશ્રીની સભાગૃહમાં અનુપસ્થિતિને કારણે સંકલ્પ રજૂ થયો નહીં |
| ૬ | શાળાઓમાં ડ્રોપઆઉટનો રેશીયો નીચો લાવવા બાબત. | ડૉ.કનુભાઈ કલસરીયા, | –"– | સભાગૃહ ધ્વારા વિના વિરોધે સ્વીકાર કરવામા આવ્યો |

**પત્રક ક્રમાંકઃ–૨૧**

**(જુઓ ફકરા ક્રમાંકઃ–૨૬)**

**વિધાનસભાના મેજ ઉપર મૂકાયેલા કાગળો**

| અ.નં. | વિગત | સભાગૃહના મેજ ઉપર મૂક્યા તારીખ |
|---|---|---|
| ૧. | ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લિમિટેડનો સન ૨૦૦૭–૨૦૦૮નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તથા આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મુકવામાં થયેલા વિલંબ અંગેના કારણો સમજાવતું નિવેદન | ૧–૭–૨૦૦૯ |
| ૨. | ગુજરાત ઔદ્યોગિક મૂડી રોકાણ નિગમ લિમિટેડનો સન ૨૦૦૬–૨૦૦૭નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તથા આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મુકવામાં થયેલા વિલંબ અંગેના કારણો સમજાવતું નિવેદન | ૧–૭–૨૦૦૯ |
| ૩. | ગુજરાત ઈન્ફ્રાસ્ટ્રકચર વિકાસ બોર્ડનો સન ૨૦૦૭–૨૦૦૮નો વાર્ષિક અહેવાલ અને હિસાબો તથા આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો સમજાવતું નિવેદન | ૧–૭–૨૦૦૯ |
| ૪. | ગુજરાત રાજ્ય નાણાકીય નિગમનો સન ૨૦૦૭–૨૦૦૮નો વાર્ષિક અહેવાલ તથા આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો સમજાવતું નિવેદન | ૧–૭–૨૦૦૯ |
| ૫.અને ૬. | ગુજરાત ગ્રામ ગૃહનિર્માણ બોર્ડનું સન ૨૦૦૯–૨૦૧૦નું અંદાજપત્ર તથા સન ૨૦૦૮–૨૦૦૯નું સુધારેલ અંદાજપત્ર | ૧–૭–૨૦૦૯ |
| ૭. | ગુજરાત કૃષિ યુનિવર્સિટીનો સન ૨૦૦૨–૨૦૦૩નો વાર્ષિક ઓડિટ અહેવાલ તથા આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મુકવામાં થયેલા વિલંબ અંગેના કારણો સમજાવતું નિવેદન | ૧–૭–૨૦૦૯ |
| ૮. | ગુજરાત રાજ્ય વેરહાઉસીંગ કોર્પોરેશનનો સન ૨૦૦૭–૨૦૦૮નો વાર્ષિક અહેવાલ તથા આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મુકવામાં થયેલા વિલંબ અંગેના કારણો સમજાવતું નિવેદન | ૧–૭–૨૦૦૯ |
| ૯., ૧૦ અને ૧૧ | ગુજરાત રાજ્ય માર્ગ વાહનવ્યવહાર નિગમનો સન ૨૦૦૬–૨૦૦૭નો વાર્ષિક વહીવટી અહેવાલ તથા સન ૨૦૦૭–૨૦૦૮ના સુધારેલ અંદાજો અને સન ૨૦૦૮–૨૦૦૯ના અંદાજો તેમજ આ અહેવાલ અને અંદાજોને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના | ૧–૭–૨૦૦૯ |

| | | |
|---|---|---|
| | કારણો સમજાવતા નિવેદનો | |
| ૧૨ | ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડનો સન ૨૦૦૮–૨૦૦૯નો વાર્ષિક અહેવાલ | ૧૫–૭–૨૦૦૯ |
| ૧૩ | ગુજરાત રાજય વન વિકાસ નિગમ લિમિટેડનો સન ૨૦૦૭–૨૦૦૮નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તથા આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મુકવામાં થયેલા વિલંબ અંગેના કારણો સમજાવતું નિવેદન | ૧૫–૭–૨૦૦૯ |
| ૧૪ | ગુજરાત ખેત ઉદ્યોગ નિગમ લિમિટેડનો સન ૨૦૦૭–૨૦૦૮નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ , નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તથા આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો સમજાવતું નિવેદન | ૧૫–૭–૨૦૦૯ |
| ૧૫ | ગુજરાત રાજય બીજ નિગમ લિમિટેડનો સન ૨૦૦૭–૨૦૦૮નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તથા આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મુકવામાં થયેલા વિલંબ અંગેના કારણો સમજાવતું નિવેદન | ૧૫–૭–૨૦૦૯ |
| ૧૬ | સ્પોર્ટસ ઓથોરિટી ઓફ ગુજરાતનો સન ૨૦૦૮–૨૦૦૯નો વાર્ષિક વહીવટી અહેવાલ | ૧૫–૭–૨૦૦૯ |
| ૧૭ | ગુજરાત રાજય હાથશાળ અને હસ્તકલા વિકાસ નિગમ લિમિટેડનો સન ૨૦૦૬–૨૦૦૭નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તથા આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મુકવામાં થયેલા વિલંબ અંગેના કારણો સમજાવતું નિવેદન | ૧૫–૭–૨૦૦૯ |
| ૧૮ | ગુજરાત રાજય માર્ગ વાહનવ્યવહાર નિગમનો સન ૨૦૦૬–૨૦૦૭નો વાર્ષિક હિસાબ અને ઓડિટ અહેવાલ તથા આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલ વિલંબ અંગેના કારણો સમજાવતું નિવેદન | ૧૫–૭–૨૦૦૯ |
| ૧૯ | ગુજરાત શહેરી વિકાસ કંપની લિમિટેડનો સન ૨૦૦૬–૨૦૦૭નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તથા આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો સમજાવતું નિવેદન | ૨૪–૭–૨૦૦૯ |
| ૨૦ | ગુજરાત ગોપાલક વિકાસ નિગમ લિમિટેડનો સન ૨૦૦૫–૨૦૦૬ નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તથા આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો સમજાવતું નિવેદન | ૨૪–૭–૨૦૦૯ |
| ૨૧ અને | ગુજરાત આદિજાતિ વિકાસ નિગમના સન ૨૦૦૪–૨૦૦૫ અને સન ૨૦૦૫–૨૦૦૬ના વાર્ષિક અહેવાલો તથા આ અહેવાલોને સભાગૃહના | ૨૪–૭–૨૦૦૯ |

| | | |
|---|---|---|
| ૨૨ | મેજ ઉપર મૂકવામાં થયેલ વિલંબ અંગેના કારણો સમજાવતા નિવેદનો | |
| ૨૩ | ગુજરાત પ્રદુષણ નિયંત્રણ બોર્ડનો સન ૨૦૦૭–૨૦૦૮નો ઓડિટ અહેવાલ તથા આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલ વિલંબ અંગેના કારણો સમજાવતું નિવેદન | ૨૪–૭–૨૦૦૯ |
| ૨૪ | ગુજરાત તકેદારી આયોગનો સન ૨૦૦૮નો વાર્ષિક અહેવાલ | ૨૪–૭–૨૦૦૯ |
| ૨૫ | ગુજરાત જાહેર સેવા આયોગનો સન ૨૦૦૭–૨૦૦૮નો વાર્ષિક અહેવાલ તથા આયોગની સલાહના અસ્વીકારના કિસ્સાઓ માટે સરકારની સ્પષ્ટીકરણાત્મક યાદી | ૨૮–૭–૨૦૦૯ |
| ૨૬ | ગુજરાત મ્યુનિસિપલ ફાયનાન્સ બોર્ડના સન ૨૦૦૭–૨૦૦૮ના વાર્ષિક હિસાબો અને ઓડિટ અહેવાલ તથા આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો સમજાવતું નિવેદન | ૨૮–૭–૨૦૦૯ |
| ૨૭ | ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડનો સન ૨૦૦૮–૨૦૦૯નો વાર્ષિક વહીવટી અહેવાલ | ૨૮–૭–૨૦૦૯ |
| ૨૮ | ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમના સન ૨૦૦૬–૨૦૦૭ના વાર્ષિક હિસાબો અને ઓડિટ અહેવાલ તથા આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલ વિલંબ અંગેના કારણો સમજાવતું નિવેદન | ૨૮–૭–૨૦૦૯ |
| ૨૯ | પાવાગઢ મંદિર ખાતે ૧૪મી ઓકટોબર,૨૦૦૭ના રોજ માણસોની અચાનક નાસભાગની દુર્ઘટના બાબતે ગુજરાત હાઈકોર્ટના ભૂતપૂર્વ માનનીય ન્યાયાધીશશ્રી એસ.એમ.સોની તપાસ આયોગનો અહેવાલ | ૨૯–૭–૨૦૦૯ |
| ૩૦ | ગુજરાત રાજય આપત્તિ વ્યવસ્થાપન સત્તામંડળનો સન ૨૦૦૭–૨૦૦૮નો વાર્ષિક વહીવટી અહેવાલ તથા આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો સમજાવતું નિવેદન | ૨૯–૭–૨૦૦૯ |
| ૩૧ | ગુજરાત રાજય માનવ અધિકાર આયોગનો સન ૨૦૦૭–૨૦૦૮નો વાર્ષિક અહેવાલ તથા આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલ વિલંબ અંગેના કારણો દર્શાવતા નિવેદન | ૨૯–૭–૨૦૦૯ |

**પત્રક ક્રમાંકઃ–૨૨**

**(જુઓ ફકરા ક્રમાંકઃ–૨૮)**

**ખરેખર થયેલા કામકાજ પ્રમાણેની સભાઓની તારીખવાર યાદી**

**જુન–૨૦૦૯**

| | |
|---|---|
| સોમવાર, તા. ૨૯મી | **(૧) <u>શોકદર્શક ઉલ્લેખો</u>**<br>ગુજરાતના પૂર્વ મંત્રી અને વિદ્યમાન સભ્ય સ્વ.શ્રી પોપટભાઈ સવશીભાઈ જીંજરીયા, પૂર્વ મંત્રી સ્વ.શ્રી ઠાકોરભાઈ વલ્લભભાઈ નાયક, પૂર્વ મુખ્ય દંડક સ્વ.શ્રી ભગવાનદાસ હરિભાઈ પટેલ અને પૂર્વ સભ્ય સ્વ.શ્રી મનુભાઈ ગંગારામ વ્યાસ તથા સ્વ.શ્રી હમીરજી હઠીસિંહ રાયજાદાના અવસાન અંગેના શોકદર્શક ઉલ્લેખો |
| મંગળવાર, તા. ૩૦મી | સન ૨૦૦૯–૨૦૧૦ના વર્ષ માટેના ફેરફાર કરેલા અંદાજપત્રની રજૂઆત |
| **જુલાઈ – ૨૦૦૯** | |
| **બુધવાર, તા. ૧લી** | **<u>સરકારી વિધેયકો</u>**<br>(૧) સન ૨૦૦૯નું વિધેયક ક્રમાંક–૧૦– સન ૨૦૦૯નું ગુજરાતના અધિનિયમો રદ કરવા બાબત વિધેયક<br>(૨) સન ૨૦૦૯નું વિધેયક ક્રમાંક–૯–સન ૨૦૦૯નું સરદાર પટેલ યુનિવર્સિટી (સુધારા) વિધેયક<br>(૩) સન ૨૦૦૯નું વિધેયક ક્રમાંક–૮–સન ૨૦૦૯નું નિરમા યુનિવર્સિટી ઓફ સાયન્સ એન્ડ ટેકનોલોજી (સુધારા) વિધેયક |
| **ગુરુવાર, તા. ૨જી** | **(૧) <u>સરકારી વિધેયકો</u>**<br>(૧) સન ૨૦૦૯નું વિધેયક ક્રમાંક–૧૧– સન ૨૦૦૯નું ગુજરાત ખાનગી યુનિવર્સિટી વિધેયક<br>(૨) સન ૨૦૦૯નું વિધેયક ક્રમાંક–૧૨–સન ૨૦૦૯નું કામધેનુ યુનિવર્સિટી વિધેયક<br>**(૨) બિન–સરકારી વિધેયકો** |
| **શુક્રવાર, તા. ૩જી** | **<u>સરકારી વિધેયકો</u>**<br>(૧) સન ૨૦૦૯નું વિધેયક ક્રમાંક–૧૧– સન ૨૦૦૯નું ગુજરાત ખાનગી યુનિવર્સિટી વિધેયક<br>(૨) સન ૨૦૦૯નું વિધેયક ક્રમાંક–૧૨–સન ૨૦૦૯નું કામધેનુ યુનિવર્સિટી વિધેયક |

| | |
|---|---|
| **શનિવાર, તા.૪થી** | **બેઠક નથી** |
| **રવિવાર, તા. ૫ મી** | **રજા** |
| **સોમવાર, તા.૬ ઠ્ઠી** | અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (પહેલો દિવસ) |
| **મંગળવાર, તા. ૭મી** | અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (બીજો દિવસ) |
| **બુધવાર, તા. ૮મી** | અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા ( ત્રીજો દિવસ) |
| **ગુરુવાર, તા. ૯મી** | (૧) અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (ચોથો અને છેલ્લો દિવસ)<br>(૨) બિન–સરકારી સંકલ્પો |
| **શુક્રવાર, તા. ૧૦મી** | (૧) **શોકદર્શક ઉલ્લેખ**<br>ગુજરાત વિધાનસભાના પૂર્વ સભ્ય સ્વ.શ્રી ભાઈલાલભાઈ મણિલાલ પટેલના અવસાન અંગે શોકદર્શક ઉલ્લેખ.<br>(૨) માગણીઓ પર ચર્ચા અને મતદાન ( પહેલો દિવસ) |
| **શનિવાર, તા. ૧૧મી** | **રજા** |
| **રવિવાર, તા. ૧૨ મી** | **રજા** |
| **સોમવાર, તા. ૧૩ મી** | માગણીઓ પર ચર્ચા અને મતદાન ( બીજો દિવસ) |
| **મંગળવાર, તા. ૧૪ મી** | માગણીઓ પર ચર્ચા અને મતદાન ( ત્રીજો દિવસ) |
| **બુધવાર, તા. ૧૫ મી** | માગણીઓ પર ચર્ચા અને મતદાન ( ચોથો દિવસ ) |
| **ગુરુવાર, તા. ૧૬ મી** | (૧) માગણીઓ પર ચર્ચા અને મતદાન ( પાંચમો દિવસ )<br>(૨) બિન–સરકારી વિધેયકો |
| **શુક્રવાર, તા. ૧૭ મી** | માગણીઓ પર ચર્ચા અને મતદાન ( છઠ્ઠો દિવસ) |
| **શનિવાર, તા. ૧૮મી** | **બેઠક નથી** |
| **રવિવાર, તા. ૧૯ મી** | **રજા** |
| **સોમવાર,તા. ૨૦મી** | માગણીઓ પર ચર્ચા અને મતદાન ( સાતમો દિવસ) |
| **મંગળવાર, તા. ૨૧મી** | માગણીઓ પર ચર્ચા અને મતદાન ( આઠમો દિવસ) |
| **બુધવાર, તા. ૨૨ મી** | માગણીઓ પર ચર્ચા અને મતદાન ( નવમો દિવસ) |
| **ગુરુવાર, તા. ૨૩મી** | (૧) માગણીઓ પર ચર્ચા અને મતદાન ( દસમો દિવસ) |

| | |
|---|---|
| | (૨) બિન–સરકારી સંકલ્પો |
| **શુક્રવાર, તા. ૨૪ મી** | માગણીઓ પર ચર્ચા અને મતદાન ( અગિયારમો દિવસ) |
| **શનિવાર, તા. ૨૫મી** | **રજા** |
| **રવિવાર, તા. ૨૬મી** | **રજા** |
| **સોમવાર, તા. ૨૭મી** | માગણીઓ પર ચર્ચા અને મતદાન ( બારમો અને છેલ્લો દિવસ) |
| **મંગળવાર, તા. ૨૮મી** | **પહેલી બેઠક**<br>**સરકારી વિધેયકો**<br>(૧) સન ૨૦૦૯નું વિધેયક ક્રમાંક–૨૨– સન ૨૦૦૯નું ગુજરાત વિનિયોગ વિધેયક<br>(૨) સન ૨૦૦૯નું વિધેયક ક્રમાંક–૧૭–સન ૨૦૦૯નું ગુજરાત મનોરંજન કર (સુધારા) વિધેયક<br>(૩) સન ૨૦૦૯નું વિધેયક ક્રમાંક–૧૮– સન ૨૦૦૯નું ગુજરાત મૂલ્ય વર્ધિત વેરા (સુધારા) વિધેયક<br>(૪) સન ૨૦૦૯નું વિધેયક ક્રમાંક–૧૪–સન ૨૦૦૯નું મુંબઈ નશાબંધી (ગુજરાત સુધારા) વિધેયક.<br>(૫) સન ૨૦૦૯નું વિધેયક ક્રમાંક– ૧૫– સન ૨૦૦૯નું ગુજરાત અશાંત વિસ્તારોમાંની સ્થાવર મિલકતની તબદીલી પર પ્રતિબંધ મૂકવા તથા તે વિસ્તારોમાંની જગામાંથી ભાડૂતોને ખાલીકરાવવામાંથી રક્ષણ આપવા અંગેની જોગવાઈ કરવા બાબત (સુધારા) વિધેયક.<br>(૬) સન ૨૦૦૩નું વિધેયક ક્રમાંક–૩૦–સન ૨૦૦૩નું ગુજરાત સંગઠિત ગુના નિયંત્રણ વિધેયક– પુનઃ વિચારણા<br>**બીજી બેઠક**<br>**(૧) સરકારી વિધેયકો**<br>(૧) સન ૨૦૦૯નું વિધેયક ક્રમાંક– ૧૩–સન ૨૦૦૯નું ગુજરાત રાજવિત્તીય જવાબદારી ( સુધારા ) વિધેયક.<br>(૨) સન ૨૦૦૯નું વિધેયક ક્રમાંક–૧૬–સન ૨૦૦૯નું રક્ષાશકિત યુનિવર્સિટી વિધેયક.<br>**(૨) બિન–સરકારી વિધેયકો** |
| **બુધવાર, તા. ૨૯મી** | **છેલ્લા દિવસનો પ્રસ્તાવ ( નિયમ–૧૦૨)** |

**પત્રક ક્રમાંકઃ-૨૩**

## (જુઓ ફકરા ક્રમાંકઃ-૨૯)

રોજેરોજના કામકાજનો સારાંશ

**<u>સોમવાર, તા.૨૯મી જૂન, ૨૦૦૯</u>**

સભાગૃહની બેઠકની શરૂઆત "વંદેમાતરમ" સંગીતની ધૂન બજાવી કરવામાં આવી.

**૧. પ્રશ્નો પૂછવામાં આવ્યા અને તેના જવાબ આપવામાં આવ્યા.**

**૨. શોકદર્શક ઉલ્લેખો :-**

માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતના પૂર્વ મંત્રી અને વિદ્યમાન સભ્ય સ્વ. શ્રી પોપટભાઈ સવશીભાઈ જીંજરીયા, પૂર્વ મંત્રી સ્વ.શ્રી ઠાકોરભાઈ વલ્લભભાઈ નાયક, પૂર્વ મુખ્ય દંડક સ્વ.શ્રી ભગવાનદાસ હરિભાઈ પટેલ અને પૂર્વ સભ્ય સ્વ.શ્રી મનુભાઈ ગંગારામ વ્યાસ તથા સ્વ.શ્રી હમીરજી હઠીસિંહ રાયજાદાના અવસાન અંગે શોકદર્શક ઉલ્લેખો કર્યા અને સ્વર્ગસ્થોને અંજલિ આપી.

ત્યારબાદ, માનનીય વિરોધપક્ષના નેતાશ્રી શકિતસિંહ હ. ગોહિલ, સભ્યો સર્વશ્રી સિધ્ધાર્થભાઈ પટેલ, પ્રો.મંગળભાઈ પટેલ, શ્રી બાબુભાઈ મે. શાહ, શ્રી અર્જુનભાઈ મોઢવાડિયા, માનનીય રાજયકક્ષાના વન મંત્રીશ્રી કિરીટસિંહ રાણા તેમજ માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી નરોત્તમભાઈ પટેલે સ્વર્ગસ્થોને અંજલિ આપી.

ત્યારબાદ માનનીય અધ્યક્ષશ્રીએ આ શોકદર્શક ઉલ્લેખોમાં તેમનો સૂર પૂરાવ્યો અને સદગતોને અંજલિ આપી. ત્યારબાદ સભ્યશ્રીઓએ ઉભા થઈને બે મિનિટ મૌન પાળ્યા બાદ માનનીય અધ્યક્ષશ્રીએ સદગતના કુટુંબીજનોને ગૃહની આ લાગણી પહોંચાડવામાં આવશે, તેવી જાહેરાત કરી.

**૩. બેઠક મુલતવી રાખવા અંગે**

માનનીય સંસદીય બાબતોના મંત્રીશ્રી અમિતભાઈ શાહે પ્રસ્તાવ રજૂ કર્યો કે, ગુજરાતના પૂર્વ મંત્રી અને વિદ્યમાન સભ્ય સ્વ.શ્રી પોપટભાઈ સવશીભાઈ જીંજરીયાના અવસાનના માનમાં પ્રણાલી મુજબ સભાગૃહની બેઠક મુલતવી રાખવામાં આવે.

કોંગ્રેસ પક્ષના દંડકશ્રી ઈકબાલભાઈ પટેલે પ્રસ્તાવને સમર્થન કર્યું અને માનનીય અધ્યક્ષશ્રીએ સર્વ સંમતિથી સભાગૃહની બેઠક મુલતવી રાખી.

**<u>મંગળવાર, તા.૩૦મી જૂન, ૨૦૦૯</u>**

**૧. પ્રશ્નો પૂછવામાં આવ્યા અને તેના જવાબ આપવામાં આવ્યા.**

પ્રશ્ન અગ્રતાક્રમ – ૧૦ માં પૂરક પ્રશ્ન પૂછતી વખતે સભ્યશ્રી અર્જુનભાઈ મોઢવાડિયાએ પૂરક પ્રશ્નની સાથે સુસંગત ન હોય તેવા વ્યંગાત્મક ઉલ્લેખ કરતાં, માનનીય અધ્યક્ષશ્રીએ તેઓશ્રીનો પૂરક પ્રશ્ન રદ કર્યો.

**૨. માનનીય અધ્યક્ષશ્રીનો નિર્ણય**

માનનીય અધ્યક્ષશ્રીએ વિધાનસભાના નિયમોના નિયમ-૮૯ તરફ સૌ સભ્યશ્રીઓનું ધ્યાન દોરી જણાવ્યું કે, આ નિયમની જોગવાઈ અનુસાર, "કોઈ પણ સભ્યશ્રી અપાઈ ચૂકેલા જવાબમાંથી હકીકત પરત્વે સ્પષ્ટતા મેળવવા માટે પૂરક પ્રશ્ન પૂછી શકશે, પરંતુ અધ્યક્ષને એમ લાગે કે, "કોઈ પૂરક પ્રશ્નનું સ્વરૂપ ઉલટ તપાસ જેવું છે અથવા પ્રશ્નોને લગતા નિયમોનું ઉલ્લંઘન કરે છે તો અધ્યક્ષ તે નામંજૂર કરી શકે છે." તદનુસાર સભ્યશ્રી અર્જુનભાઈ મોઢવાડિયાનો પ્રશ્ન મૂળ

પ્રશ્નની ક્ષેત્ર મર્યાદા બહારનો હોવાથી તેઓશ્રીએ તેને રદ કર્યો હતો અને ભવિષ્યમાં પૂરક પ્રશ્નો મૂળ પ્રશ્નને સુસંગત અને તેની ક્ષેત્ર મર્યાદામાં પૂછવા સૌ સભ્યશ્રીઓને અનુરોધ કર્યો.

**૩. પોઈન્ટ ઓફ ઓર્ડર**

સભ્યશ્રી અર્જુનભાઈ મોઢવાડિયાએ માનનીય શ્રમ મંત્રીશ્રીએ જવાબ આપતી વખતે કેન્દ્ર સરકારની ટીકા કરી હતી એ શબ્દો પણ રદ કરવા જોઈએ એ મતલબનો પોઈન્ટ ઓફ ઓર્ડર ઉપસ્થિત કરી માનનીય અધ્યક્ષશ્રીનું માર્ગદર્શન માગતાં, માનનીય અધ્યક્ષશ્રીએ તેઓશ્રી આ બાબતે રેકર્ડ જોઈ લેશે, એમ જણાવ્યું.

**૪. નીચેનો કાગળ સભાગૃહના મેજ પર મૂકાયો.**

ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગની સન ૧૯૭૨ના ગુજરાત આવશ્યક સેવા જાળવણી અધિનિયમ અન્વયેની તા.૫–૩–૨૦૦૯ની અધિસૂચના ક્રમાંકઃ–જીએચયુ– ૨૦૦૯–(૪૦)– જીયુવી–૧૦૨૦૦૭– ૨૪૮૬–ક.

**૫. માનનીય અધ્યક્ષશ્રીની જાહેરાત**

(૧) માનનીય અધ્યક્ષશ્રીએ, પોલીસ અધિક્ષક, દાહોદ તરફથી તેઓશ્રીને તા.૨૯–૬–૨૦૦૯ના ફેકસ મેસેજથી જાણ કરવામાં આવેલ છે કે, ગુજરાત વિધાનસભાના ૧૧૭–રાજગઢ મત વિસ્તારના સભ્યશ્રી ફતેસિંહ વખતસિંહ ચૌહાણની દેવગઢ બારીયા પોલીસ સ્ટેશનમાં ગુના રજીસ્ટર નં.૩૮/૨૦૦૨ હેઠળ નોંધાયેલ ફરિયાદ સબબ ઈન્ડિયન પીનલ કોડની કલમ–૧૪૩, ૧૪૭, ૧૪૮, ૧૪૯, ૪૩૫, ૪૩૬, ૪૨૭, ૩૯૫, ૩૨૫ અને ૨૯૫(એ) હેઠળ તથા આર્મ્સ એકટની કલમ–૨૫(૧)બી.એ. હેઠળ તા.૨૯–૬–૨૦૦૯ના રોજ ૧૧.૦૫ કલાકે દેવગઢ બારીયાના સર્કલ ઈન્સ્પેકટર ધ્વારા ધરપકડ કરવામાં આવેલ છે અને તેઓશ્રીને દેવગઢ બારીયા પોલીસ સ્ટેશનની કસ્ટડીમાં રાખવામાં આવેલ છે, તે અંગેની જાહેરાત કરી.

(૨) માનનીય અધ્યક્ષશ્રીએ ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ–૨૬૯ અન્વયે ગુજરાત વિધાનસભાની બેઠક ઉપરથી ચૂંટાયેલા કુલ ૬ સભ્યશ્રીઓ સર્વશ્રી ભાવસિંહભાઈ ડાહયાભાઈ રાઠોડ, ધીરૂભાઈ બોઘાભાઈ સોલંકી, વિઠ્ઠલભાઈ હંસરાજભાઈ રાદડિયા, કુંવરજીભાઈ મોહનભાઈ બાવળિયા, જગદીશભાઈ મોતીજીભાઈ ઠાકોર તેમજ મુકેશભાઈ ભૈરવદાનજી ગઢવીએ આપેલ રાજીનામાઓના સ્વીકાર કરવા અંગેની જાહેરાત કરી.

**૬. વિધાનસભાની સમિતિઓના અહેવાલની રજૂઆત**

(૧) માનનીય અધ્યક્ષશ્રીએ, કામકાજ સલાહકાર સમિતિનો સાતમો અહેવાલ વાંચીને રજૂ કર્યો.

(૨) બિન–સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિના પ્રમુખ શ્રી કાળુભાઈ વિરાણીએ સમિતિનો ત્રીજો અહેવાલ રજૂ કર્યો.

**૭. માનનીય સંસદીય બાબતોના મંત્રીશ્રીનો પ્રસ્તાવ**

માનનીય સંસદીય બાબતોના મંત્રીશ્રી અમિતભાઈ શાહે પ્રસ્તાવ રજૂ કર્યો કે,:–

"આ સભાગૃહ, કામકાજ સલાહકાર સમિતિના સાતમા અહેવાલ સાથે સંમત થાય."

**પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યો અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.**

**૮. બિન–સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિના પ્રમુખશ્રીનો પ્રસ્તાવ.**

બિન–સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિના પ્રમુખશ્રી કાળુભાઈ વિરાણીએ પ્રસ્તાવ રજૂ કર્યો કે,:–

"આ સભાગૃહ, બિન–સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિના ત્રીજા અહેવાલ સાથે સંમત થાય."

**પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યો અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.**

**૯. સભાગૃહના મેજ ઉપર મૂકાયેલાં અનુમતિ મળેલાં વિધેયકો**

સચિવશ્રીએ, બારમી ગુજરાત વિધાનસભાના ત્રીજા સત્રમાં પસાર કરેલાં અને જેને રાજ્યપાલશ્રીની અનુમતિ મળી છે, તેવાં સન ૨૦૦૯ના વિધેયક ક્રમાંક– ૧, ૩, ૪ અને ૫ સભાગૃહના મેજ ઉપર મૂકયાં.

**૧૦. સન ૨૦૦૯–૨૦૧૦ના વર્ષ માટેના ફેરફાર કરેલા અંદાજપત્રની રજૂઆત**

માનનીય નાણા મંત્રીશ્રી વજુભાઈ વાળાએ સન ૨૦૦૯–૨૦૧૦ના વર્ષ માટેનું ફેરફાર કરેલ અંદાજપત્ર અંગેનું તેમનું અંદાજપત્ર રજૂ કર્યુ.

**બુધવાર, તા.૧લી જુલાઈ, ૨૦૦૯**

**૧. પ્રશ્નો પૂછવામાં આવ્યા અને તેના જવાબ આપવામાં આવ્યા.**

**૨. નીચેના કાગળો સભાગૃહના મેજ પર મૂકાયા.**

(૧) ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લિમિટેડનો સન ૨૦૦૭–૨૦૦૮નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, નિગમની કામગીરી અંગેની સરકારી સમીક્ષા તથા આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલ વિલંબ અંગેના કારણો સમજાવતું નિવેદન

(૨) ગુજરાત ઔદ્યોગિક મૂડી રોકાણ નિગમ લિમિટેડનો સન ૨૦૦૬–૨૦૦૭નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તથા આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલ વિલંબ અંગેના કારણો સમજાવતું નિવેદન

(૩) ગુજરાત ઈન્ફ્રાસ્ટ્રકચર વિકાસ બોર્ડનો સન ૨૦૦૭–૨૦૦૮નો વાર્ષિક અહેવાલ, હિસાબો તથા આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલ વિલંબ અંગેના કારણો સમજાવતું નિવેદન

(૪) ગુજરાત રાજ્ય નાણાકીય નિગમનો સન ૨૦૦૭–૨૦૦૮નો વાર્ષિક અહેવાલ, હિસાબો તથા આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલ વિલંબ અંગેના કારણો સમજાવતું નિવેદન

(૫) ગુજરાત ગ્રામ ગૃહ નિર્માણ બોર્ડનું સન ૨૦૦૯–૨૦૧૦નું અંદાજપત્ર તથા સન ૨૦૦૮–૨૦૦૯નું સુધારેલ અંદાજપત્ર.

(૬) ગુજરાત કૃષિ યુનિવર્સિટીનો સન ૨૦૦૨–૨૦૦૩નો વાર્ષિક ઓડિટ અહેવાલ, તથા આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલ વિલંબ અંગેના કારણો સમજાવતું નિવેદન

(૭) ગુજરાત રાજ્ય વેરહાઉસીંગ કોર્પોરેશનનો સન ૨૦૦૭–૨૦૦૮નો વાર્ષિક અહેવાલ તથા આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલ વિલંબ અંગેના કારણો સમજાવતું નિવેદન

(૮) ગુજરાત રાજ્ય માર્ગ વાહનવ્યવહાર નિગમનો સન ૨૦૦૬–૨૦૦૭નો વાર્ષિક વહીવટી અહેવાલ તથા સન ૨૦૦૭–૨૦૦૮ના સુધારેલ અંદાજો અને સન ૨૦૦૮–૨૦૦૯ના અંદાજો તેમજ આ અહેવાલ અને અંદાજોને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલ વિલંબ અંગેના કારણો સમજાવતું નિવેદન

(૯) નાણા વિભાગની સન ૨૦૦૩ના ગુજરાત મૂલ્ય વર્ધિત વેરા અધિનિયમ અન્વયેની તા.૨૭–૨–૨૦૦૯ની અધિસૂચના ક્રમાંક– (જીએચએન–૮) વેટ– ૨૦૦૯– એસ.૪૦(૧)(૫)–ઠ

(૧૦) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગની–

(૧) સન ૨૦૦૭ના વૃધ્ધોના ભરણપોષણ અને કલ્યાણ અધિનિયમ અન્વયેની તા.૧૯–૫–૨૦૦૯ની અધિસૂચના ક્રમાંકઃ– જી/એલ/ ૧૦–૨૦૦૯/ વીએનપી/ ૧૦૨૦૦૫/ સીએસ–૨૪–છ,

(૨) સન ૨૦૦૬ના બાળલગ્ન પ્રતિબંધક અધિનિયમ અન્વયેની તા.૧૧–૯–૨૦૦૮ની અધિસૂચના ક્રમાંક–જી/ એલ/ ૨–૨૦૦૮/ બીએલવાય/ ૧૦૨૦૦૭/ જીએસ– ૦૯– છ,

(૧૧) ઉદ્યોગ અને ખાણ વિભાગની –

સન ૧૯૬૨ના ગુજરાત ઔદ્યોગિક વિકાસ અધિનિયમ અન્વયેની,–

(૧) તા.૧૫–૫–૨૦૦૯ની અધિસૂચના ક્રમાંક– જીએચયુ – ૧૦૨૦૦૯ (૩૦) જીઆઈડી–૧૦૯૮–૩૩૧૨–જી,

(૨) તા.૧૯–૩–૨૦૦૯ની અધિસૂચના ક્રમાંક– જીઆઈડીસી– એલએડબલ્યુ– ઈએસટી– એએમડી–૧૨(૨).

**૩. પોઈન્ટ ઓફ ઓર્ડર**

માનનીય કૃષિ મંત્રીશ્રી દિલીપભાઈ સંઘાણી આજની કામકાજની યાદીમાં દર્શાવેલ બાબત નં.૨ની પેટા બાબત–૬ સભાગૃહમાં રજૂ કરવા ઉભા થયા તે તબકકે માનનીય વિરોધપક્ષના નેતાશ્રી શકિતસિંહ ગોહિલે ગુજરાત કૃષિ યુનિવર્સિટીના સન ૨૦૦૨–૨૦૦૩ના વાર્ષિક અહેવાલો છેક ૨૦૦૯માં રજૂ થઈ રહયા છે તે ઉચિત નથી એમ જણાવી પોઈન્ટ ઓફ ઓર્ડરનો મુદ્દો ઉપસ્થિત કરી માનનીય અધ્યક્ષશ્રીનું માર્ગદર્શન માગ્યું.

માનનીય અધ્યક્ષશ્રીએ, માનનીય વિરોધપક્ષના નેતાશ્રીનો પોઈન્ટ ઓફ ઓર્ડરનો મુદ્દો ગ્રાહય રાખી ૨૦૦૨–૨૦૦૩ના અહેવાલો ૨૦૦૯માં આટલા બધા વિલંબથી સભાગૃહમાં રજૂ કરવા બદલ વિલંબ માટે જે કોઈ જવાબદાર હોય તેમની સામે પગલાં લેવા તેમજ બાકીના વર્ષોના અહેવાલો સભાગૃહનું નવું સત્ર મળે તે પહેલાં રજૂ કરવા માટે માનનીય કૃષિ મંત્રીશ્રી અને વિભાગને તાકીદ કરવાની સાથે સભાગૃહના મેજ ઉપર કાગળો મૂકવા માટેની સમિતિને આ બાબતે ઉંડો અભ્યાસ કરી તેનો અહેવાલ રજૂ કરવા પણ સૂચવ્યું.

**૪. માનનીય અધ્યક્ષશ્રીની જાહેરાત**

માનનીય અધ્યક્ષશ્રીએ, વિધાનસભાના ભોંયતળિયે રેલવે રિઝર્વેશન કાઉન્ટર કાર્યરત થયેલ છે અને તેનો સૌ સભ્યશ્રીઓ લાભ લઈ શકશે તે અંગેની જાહેરાત કરી.

**૫. નીચેનું સરકારી વિધેયક સભાગૃહે મંજૂર કર્યું અને પસાર કર્યું.**

(૧) સન ૨૦૦૯નું વિધેયક ક્રમાંક–૧૦– સન ૨૦૦૯નું ગુજરાતના અધિનિયમો રદ કરવા બાબત વિધેયક.

**૬. પોઈન્ટ ઓફ ઓર્ડર**

માનનીય મહેસૂલ મંત્રી શ્રીમતી આનંદીબેન પટેલ સન ૨૦૦૯નું વિધેયક ક્રમાંક–૧૦ના પહેલા વાચનનો પ્રસ્તાવ રજૂ કરી રહયા હતા તે તબકકે સભ્યશ્રી અર્જુનભાઈ મોઢવાડિયાએ પોઈન્ટ ઓફ ઓર્ડરનો મુદ્દો ઉપસ્થિત કરી જણાવ્યું કે, આ વિધેયક ધ્વારા લગભગ ૨૧ જેટલા જૂના અધિનિયમો રદ કરવાના થાય છે. વિધેયક સાથેની અનુસૂચિમાં આવા અધિનિયમોના માત્ર નામનો ઉલ્લેખ કરવાથી સભ્યોને તે અધિનિયમોની જોગવાઈ શું છે, તેની માહિતી મળતી નથી. વિધાનસભા ગ્રંથાલયમાં પણ જૂના અધિનિયમો ઉપલબ્ધ નથી. મારી રજૂઆત બાદ વિધાનસભા સચિવાલયે બિલના ઉદ્દેશો અને કારણોના નિરૂપણમાં જણાવેલ કાયદા પંચના અહેવાલની નકલો મંગાવીને ગ્રંથાલયમાં રાખી છે. પૂર્વ અધ્યક્ષશ્રીના આદેશ પ્રમાણે મૂળ એકટ અને સમય સમયે તેમાં થયેલા સુધારાઓ અને લો કમિશનની ભલામણો સભ્યશ્રીઓના અભ્યાસ અને જાણકારી માટે બિલની સાથે મળવી જોઈએ. આ સંજોગોમાં આ બિલ ઓર્ડરમાં નથી તેમજ સભ્યશ્રીઓને સુધારા લાવવા માટેનો પૂરતો સમય મળી રહે તે માટે આ બિલની ચર્ચા મુલતવી રાખવી જોઈએ.

પ્રસ્તુત મુદ્દામાં માનનીય વિરોધપક્ષના નેતાશ્રી શકિતસિંહ ગોહિલ, માનનીય સંસદીય બાબતોના મંત્રીશ્રી અમિતભાઈ શાહ તેમજ માનનીય આરોગ્ય મંત્રીશ્રી જયનારાયણભાઈ વ્યાસે પોતાનાં મંતવ્યો વ્યકત કર્યા.

માનનીય અધ્યક્ષશ્રીએ, અધ્યક્ષશ્રીના આદેશો, પાંચમી આવૃતિ, પાના નં.૬ ઉપરનો આદેશ ક્રમાંક–૨ ટાંકી નિર્ણય આપતાં જણાવ્યું કે, કોઈ દસ્તાવેજ અથવા બીજા કોઈ દસ્તાવેજ કે જે વિધેયક અથવા તેની જોગવાઈઓને આધારરૂપ હોય અથવા વિધેયકની વિચારણા માટે જરૂરી હોય અને વિધેયકના ઉદ્દેશો અને કારણોના નિરૂપણમાં તેનો ઉલ્લેખ હોય તેવા ચૂકાદા અને દસ્તાવેજોની પાંચ નકલ વિધાનસભાના ગ્રંથાલયમાં રાખવા માટે ગુજરાત વિધાનસભા સચિવાલયને મોકલવી. સભ્યશ્રી અર્જુનભાઈનો પત્ર મળ્યો તે પહેલાં તા.૨૯મી જૂન, ૨૦૦૯ના રોજ આ સરકારી વિધેયકના ઉદ્દેશ અને કારણોમાં ઉલ્લેખ કરાયેલ રાજય કાયદા પંચના બીજા અહેવાલની પાંચ નકલો માનનીય સભ્યશ્રીઓના ઉપયોગ માટે વિધાનસભા ગ્રંથાલયમાં રાખવામાં આવી છે અને તેની જાણ બુલેટીન ધ્વારા સૌ સભ્યશ્રીઓને કરવામાં આવી છે. સુસ્થાપિત સંસદીય પ્રણાલિકાઓ અને કાર્યરીતિ અનુસાર મૂળ વિધેયક ઉપર સુધારા તેની ક્ષેત્ર મર્યાદામાં લાવી શકાય. સુધારા વિધેયક પરના સુધારા વિદ્યેયકથી મૂળ અધિનિયમની જે કલમ/કલમો સુધારવા નિર્દેશ કર્યો હોય તે કલમ/કલમોની ક્ષેત્રમર્યાદામાં લાવી શકાય. સુધારા વિધેયકના કિસ્સામાં મૂળ અધિનિયમની બાકીની કલમો પર સુધારા લાવી શકાય નહીં. જયારે અત્રે લાવવામાં આવેલ અધિનિયમોને રદ કરતા વિધેયક પર માત્ર નકારાત્મક સ્વરૂપના સુધારા આવી શકે જે નિયમ બાહય છે. સુસ્થાપિત સંસદીય કાર્યરીતિ અને પ્રણાલીઓ મુજબ નકારાત્મક સુધારા દાખલ થઈ શકે નહીં. આ સિધ્ધાંત અનુસાર જે સુધારા વિધેયકની કલમ રદ કરવાનું સૂચવવાતા હોય તે નિયમ બાહય છે. તેવા કિસ્સાઓમાં યોગ્ય માર્ગ એ છે કે, આ કલમની વિરૂધ્ધ મતદાન કરવું. જે સુધારો કલમના અસરકારક શબ્દો રદ કરવાથી કલમ રદ થાય તેવો અર્થ થતો હોય તો તેવા શબ્દો રદ કરવાનું સૂચવતો સુધારો પણ નિયમ બાહય છે. પ્રસ્તુત વિદ્યેયકના કિસ્સામાં નકારાત્મક સુધારા આવી શકે અને તે કારણસર સભ્યશ્રી અર્જુનભાઈ મોઢવાડિયાનો પોઈન્ટ ઓફ ઓર્ડર યોગ્ય નથી એમ જણાવી તેઓશ્રીનો પોઈન્ટ ઓફ ઓર્ડરનો મુદ્દો નામંજૂર કરી, માનનીય મંત્રીશ્રીને પ્રસ્તાવ રજૂ કરવા માટે અનુમતિ આપી.

**૭. માનનીય અધ્યક્ષશ્રીની જાહેરાત**

માનનીય અધ્યક્ષશ્રીએ, આજની ચર્ચા દરમ્યાન ગ્રંથાલય અને તેના પુસ્તકો અંગે માનનીય વિરોધપક્ષના નેતાશ્રી તેમજ કેટલાંક સભ્યશ્રીઓ તરફથી સૂચનો થયા અને કેટલાંક પુસ્તકો મેળવવામાં મુશ્કેલી પડી છે, તે નિવારવા માટે રાજય સરકારની સાથે ચર્ચા કરી, આવી મુશ્કેલી ફરી ન પડે તેમજ સર્વ સભ્યશ્રીઓ અને સામાન્ય જનતા પણ આ પુસ્તકો ઘરે બેઠાં વાંચી શકે એટલા માટે ગ્રંથાલયનું ડિઝિટાઈઝેશન કરી ઓન લાઈન ચર્ચા અને કાયદાના પુસ્તકો વિધાનસભા ગ્રંથાલયમાંથી મળી રહે તે માટે ગ્રંથાલયનું આધુનિકીકરણ કરવા અંગેની જાહેરાત કરી.

**૮. નીચેનાં સરકારી વિદ્યેયકો સભાગૃહે મંજૂર કર્યા અને પસાર કર્યા.**

(૧) સન ૨૦૦૯નું વિધેયક ક્રમાંક–૯– સન ૨૦૦૯નું સરદાર પટેલ યુનિવર્સિટી (સુધારા) વિધેયક,

(૨) સન ૨૦૦૯નું વિધેયક ક્રમાંક–૮– સન ૨૦૦૯નું નિરમા યુનિવર્સિટી ઓફ સાયન્સ એન્ડ ટેકનોલોજી (સુધારા) વિદ્યેયક.

<u>**ગુરૂવાર, તા.૨જી જુલાઈ, ૨૦૦૯**</u>

**૧. પ્રશ્નો પૂછવામાં આવ્યા અને તેના જવાબ આપવામાં આવ્યા.**

## ૨. સૂત્રોચ્ચાર અને સભાત્યાગ

પ્રશ્ન અગ્રતાક્રમ–૧૦ ચર્ચાઈ ગયા બાદ પ્રશ્ન અગ્રતાક્રમ–૧૧ શરૂ થતો હતો તે સમયે માનનીય વિરોધપક્ષના નેતાશ્રી શક્તિસિંહ ગોહિલે પ્રશ્નને વધારે સમય અપાઈ રહયો છે તેમજ અન્ય પ્રકારના આક્ષેપાત્મક ઉચ્ચારણો માનનીય અધ્યક્ષશ્રીને ઉદ્દેશીને કરતાં, માનનીય અધ્યક્ષશ્રીએ તેઓશ્રીને તેમ કરતાં રોકી અને શબ્દો પાછા ખેંચવા માટે જણાવ્યું. આ દરમ્યાન માનનીય વિરોધપક્ષના નેતાશ્રી સહિતના સભાગૃહમાં ઉપસ્થિત રહેલા વિરોધપક્ષના સભ્યશ્રીઓ સૂત્રોચ્ચાર કરતા કરતા સભાત્યાગ કરી ગયા.

માનનીય અધ્યક્ષશ્રીએ, માનનીય વિરોધપક્ષના નેતાશ્રીએ અધ્યક્ષશ્રીને ઉદ્દેશીને કરેલાં આક્ષેપાત્મક ઉચ્ચારણો ઉચિત નથી એમ જણાવ્યું. પ્રશ્નોત્તરીનો સમય એ સભ્યોનો સમય છે એમાં વધારે સભ્યશ્રીઓ ભાગ લે એ જ તેઓશ્રીનો હેતુ છે, તેમજ વિધાનસભાના પૂર્વ અધ્યક્ષોએ પાડેલી પધ્ધતિને જ તેઓશ્રી અનુસરે છે.

## ૩. સરકારી વિધેયક

(૧) શિક્ષણ મંત્રીશ્રી રમણલાલ વોરાએ સન ૨૦૦૯નું વિધેયક ક્રમાંક–૧૧– સન ૨૦૦૯નું ગુજરાત ખાનગી યુનિવર્સિટી વિધેયક માનનીય અધ્યક્ષશ્રીની પૂર્વમંજૂરીથી દાખલ કર્યું.

## ૪. પોઈન્ટ ઓફ ઓર્ડર

માનનીય શિક્ષણમંત્રીશ્રી રમણલાલ વોરા વિધેયકના પ્રથમ વાચનનો પ્રસ્તાવ રજૂ કરી રહયા હતા તે તબકકે સભ્યશ્રી અર્જુનભાઈ મોઢવાડિયાએ પોઈન્ટ ઓફ ઓર્ડર ઉઠાવી જણાવ્યું કે, વિધેયકનો વિષય બંધારણની સમવર્તી યાદીમાં હોવાથી આ વિષય પર સંસદે કાયદો ઘડયો છે. યુનિવર્સિટીને માન્યતા આપવાની સત્તા વિધાનસભા અને પાર્લામેન્ટને જ છે, જયારે અત્યારે લાવવામાં આવેલ વિધેયકથી લેજીસ્લેચરના ફંકશન ડેલીગેટ કરવામાં આવી રહયાં છે તેમજ કોમન યુનિવર્સિટી એકટ બનવાથી મુશ્કેલી ઉભી થાય તે મતલબનો પોઈન્ટ ઓફ ઓર્ડરનો મુદ્દો ઉપસ્થિત કરી માનનીય અધ્યક્ષશ્રીનું માર્ગદર્શન માગ્યું.

પ્રસ્તુત મુદ્દામાં માનનીય વિરોધપક્ષના નેતાશ્રી શક્તિસિંહ ગોહિલ અને માનનીય સંસદીય બાબતોના મંત્રીશ્રી અમિતભાઈ શાહે પોતાનાં મંતવ્યો વ્યકત કર્યા.

માનનીય અધ્યક્ષશ્રીએ, અધ્યક્ષના અગત્યના નિર્ણયો, ૧૯૮૫ થી ૨૦૦૨ ના પાના નં.૯૭ ઉપર નિર્ણય "પ્રણાલિકા મુજબ વિધેયક પસાર કરવા વિધાનસભા સક્ષમ છે કે કેમ તેવા મુદ્દા અંગે અધ્યક્ષ નિર્ણય કરતા નથી." ટાંકી જણાવ્યું કે, જયારે બંધારણના મુદ્દા પર સ્પીકર પોતાનું રૂલિંગ આપતા હોય ત્યારે એક પ્રોવિઝન બહુ સ્પષ્ટ રીતે મૂકવામાં આવ્યું છે અને એટલી છૂટ મૂકવામાં આવી છે કે, બંધારણના મુદ્દા ઉઠાવવામાં આવે ત્યારે અથવા વિધાનસભા બંધારણ મુજબ કાયદા ઘડવા સક્ષમ છે કે કેમ તેવો વાંધો ઉઠાવવામાં આવે ત્યારે એ મુદ્દા પર પૂરેપૂરી ચર્ચા સભાગૃહમાં થવા દેવી જોઈએ, એ મુજબ તેઓશ્રીએ અત્રે ચર્ચા થવા દીધી છે. રાજય સરકારને આ બિલ લાવવાનો અધિકાર છે એટલા માટે માનનીય મંત્રીશ્રીને પ્રસ્તાવ રજૂ કરવાની તેઓશ્રી અનુમતિ આપે છે એમ જણાવી પોઈન્ટ ઓફ ઓર્ડરનો અસ્વીકાર કર્યો.

## ૫. સરકારી વિધેયકો (ક્રમશઃ)

શિક્ષણમંત્રીશ્રી રમણલાલ વોરાએ, સન ૨૦૦૯નું વિધેયક ક્રમાંક–૧૧ સન ૨૦૦૯નું ગુજરાત ખાનગી યુનિવર્સિટી વિધેયકનો પહેલાં વાચનનો પ્રસ્તાવ રજૂ કર્યો અને તેના સમર્થનમાં પોતાનું મંતવ્ય વ્યકત કર્યું.

## ૬. બિન–સરકારી વિધેયકો

પહેલા, બીજા અને ત્રીજા વાચન માટેના બિન–સરકારી વિધેયકો

(૧) સભ્ય શ્રી શૈલેષભાઈ પરમારે, સન ૨૦૦૮નું વિધેયક ક્રમાંક–૧૯, સન ૨૦૦૮નું ગુજરાત (અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત આદિજાતિઓ માટેની) જગાઓ અને સેવાઓમાં ખાલી જગાઓ અનામત રાખવા બાબત વિધેયકના પ્રથમ વાચનનો પ્રસ્તાવ રજૂ કર્યો અને તેના સમર્થનમાં પોતાનું મંતવ્ય વ્યકત કર્યું.

ત્યારબાદ બે મંત્રીશ્રીઓ સહિત કુલ પાંચ સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો. ચર્ચાનો જવાબ સભ્યશ્રી શૈલેષભાઈ પરમારે આપ્યો. ત્યારબાદ પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યો અને તેનો અસ્વીકાર કરવામાં આવ્યો.

(૨) સભ્ય શ્રી મફતભાઈ પુરોહિતે, સન ૨૦૦૮નું વિધેયક ક્રમાંક–૯, સન ૨૦૦૮નું માતાપિતા અને આશ્રિતોના ભરણપોષણ બાબત વિધેયકના પ્રથમ વાચનનો પ્રસ્તાવ રજૂ કર્યો અને તેના સમર્થનમાં પોતાનું મંતવ્ય વ્યકત કર્યું.

ત્યારબાદ એક મંત્રીશ્રી સહિત કુલ પાંચ સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો અને ચર્ચાનો જવાબ સભ્યશ્રી મફતભાઈ પુરોહિતે આપ્યો. ત્યારબાદ વિધેયક સભાગૃહની અનુમતિથી પાછુ ખેંચી લેવામાં આવ્યું.

(૩) સભ્ય શ્રી પ્રદિપસિંહ જાડેજાએ, સન ૨૦૦૮નું વિધેયક ક્રમાંક–૧૦, સન ૨૦૦૮નું ગુજરાત ધોરી માર્ગ અકસ્માત નિવારણ વિધેયકના પ્રથમ વાચનનો પ્રસ્તાવ રજૂ કર્યો અને તેના સમર્થનમાં પોતાનું મંતવ્ય વ્યકત કર્યું.

ત્યારબાદ એક મંત્રીશ્રી સહિત કુલ પાંચ સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો અને ચર્ચાનો જવાબ સભ્યશ્રી પ્રદિપસિંહ જાડેજાએ આપ્યો. ત્યારબાદ વિધેયક સભાગૃહની અનુમતિથી પાછુ ખેંચી લેવામાં આવ્યું.

<u>**શુક્રવાર, તા.૩જી જુલાઈ, ૨૦૦૯**</u>

**૧. પ્રશ્નો પૂછવામાં આવ્યા અને તેના જવાબ આપવામાં આવ્યા.**

**૨. પોઈન્ટ ઓફ ઓર્ડર**

(૧) માનનીય વિરોધપક્ષના નેતાશ્રી શકિતસિંહ ગોહિલે, અધ્યક્ષશ્રીના અગત્યના નિર્ણયો સન ૧૯૬૯ થી ૧૯૮૪ના નિર્ણય ક્રમાંક–૩૩૮ અને ૪૮૩ ટાંકી પ્રશ્નોત્તરી દરમ્યાન માનનીય આરોગ્ય મંત્રીશ્રીએ કેન્દ્ર સરકારને 'સ્વાઈન ફલુ' થયો છે એવાં ઉચ્ચારણો કર્યા હતાં. જે ઉકત નિર્ણયોના આધારે રેકર્ડમાંથી દૂર કરવા જોઈએ એમ જણાવી પોઈન્ટ ઓફ ઓર્ડરનો મુદ્દો ઉપસ્થિત કરી માનનીય અધ્યક્ષશ્રીનું માર્ગદર્શન માગ્યું. પ્રસ્તુત મુદ્દામાં માનનીય આરોગ્ય મંત્રીશ્રી જયનારાયણભાઈ વ્યાસે મંતવ્ય વ્યકત કર્યું.

માનનીય અધ્યક્ષશ્રીએ રેકર્ડ ચકાસી તેઓ નિર્ણય લેશે એમ જણાવ્યું.

(૨) સભ્યશ્રી અર્જુનભાઈ મોઢવાડિયાએ, પ્રશ્નોત્તરીની છાપેલ બુકમાં અમૂક પત્રકો સચિવશ્રીની ચેમ્બરમાં ઉપલબ્ધ છે તે પ્રકારે છાપવાથી મૂળ માહિતી પ્રશ્નોત્તરીની બુકમાં ઉપલબ્ધ ન હોવાથી પેટા પ્રશ્નો પૂછવામાં તેમજ આ પત્રકો સચિવશ્રીની ચેમ્બરમાંથી મેળવવામાં પણ મુશ્કેલી પડે છે. આથી આવા પત્રકો પ્રશ્નોત્તરીની બુકમાં જ છાપવાં કે પછી વધુ વિસ્તૃત માહિતી હોય તો અલગ રીતે તૈયાર કરી ૧૮૨ સભ્યશ્રીઓને મળી જાય તેવી વ્યવસ્થા ગોઠવવાની બાબતમાં પોઈન્ટ ઓફ ઓર્ડરનો મુદ્દો ઉપસ્થિત કરી માનનીય અધ્યક્ષશ્રીનું ધ્યાન દોર્યુ. પ્રસ્તુત મુદ્દામાં માનનીય વિરોધપક્ષના નેતાશ્રી શકિતસિંહ ગોહિલે મંતવ્ય વ્યકત કર્યુ.

માનનીય અધ્યક્ષશ્રીએ નિર્ણય આપતાં જણાવ્યું કે, સામાન્ય રીતે આપણી પ્રણાલિકા રહી છે કે, વિધાનસભા સચિવાલયને લગતો જે કોઈ મુદ્દો હોય તેની ચર્ચા અધ્યક્ષશ્રીની ચેમ્બરમાં કરવામાં આવતી હોય છે. આમછતાં જયારે મુદ્દો ઉપસ્થિત થયો છે ત્યારે સૂચનાત્મક આદેશો અનુસાર જો પ્રશ્ન અતિવિસ્તૃત હોય તો તારાંકિતમાંથી અતારાંકિત કરવામાં આવે છે. પ્રશ્નના જવાબ સાથે આવેલ વિસ્તૃત માહિતીવાળા પત્રકો કે પરિશિષ્ટ માટે સામાન્ય રીતે એવું ધોરણ ઠરાવવામાં આવ્યું છે કે, તારાંકિત પ્રશ્નના જવાબ માટે છપાયેલ એક પાનું અને અતારાંકિત પ્રશ્નના જવાબ માટે છપાયેલ ચાર પાનાં જેટલી માહિતી પ્રશ્નોની યાદીના જવાબ સાથે છાપવામાં આવે છે. આનાથી વધારે વિસ્તૃત

માહિતી યાદીમાં છાપવામાં આવતી નથી, પરંતુ તેને સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવે છે. અગાઉ તારાંકિત પ્રશ્નોત્તરીમાં એક જ પાના સુધીના પત્રકો લેવામાં આવતા હતા. એમાં સુધારો કરી ચાર પાના સુધીના પત્રકો લેવામાં આવે છે, છ પાના સુધી જવું હોય તો તેઓશ્રીની તૈયારી છે અને વિસ્તૃત માહિતીની વ્યાખ્યા બાબતે ચેમ્બરમાં સાથે બેસીને ચર્ચા કરી લઈશું, તેમ જણાવ્યું.

### ૩. તાકીદની જાહેર અગત્યની બાબત પર ધ્યાન દોરવા બાબત (નિયમ–૧૧૬)

સભ્યશ્રી હીરાભાઈ પટેલે નિયમ–૧૧૬ અન્વયે, "પંચમહાલ જિલ્લાના ખાનપુર તાલુકાના મોકમસિંહના ભેવાડા ગામે કિશોરીની ઝાડ પર લટકતી લાશ મળતાં સ્થાનિક લોકોએ ૧૮ જેટલા ઘરો સળગાવી, તોફાનો કરી ગામની સંપત્તિને નુકશાન પહોંચાડતાં તેમજ પોલીસ ધ્વારા સલામતીના પૂરતા પગલાં ન લેવાતા ગામમાં ફેલાયેલ ભય અને ગભરાટની લાગણી દૂર કરવા" અંગેની તાકીદની જાહેર અગત્યની બાબત પર માનનીય મુખ્ય મંત્રીશ્રી (ગૃહ)નું ધ્યાન દોર્યું.

માનનીય રાજયકક્ષાના ગૃહ મંત્રીશ્રી અમિતભાઈ શાહે તેમનું લેખિત નિવેદન રજૂ કર્યું અને ઉપસ્થિત થયેલા પ્રશ્નોના જવાબ આપ્યા.

### ૪. માનનીય અધ્યક્ષશ્રીની જાહેરાત

માનનીય અધ્યક્ષશ્રીએ, પોલીસ અધિક્ષક, ગોધરાએ તા.૨–૭–૨૦૦૯ના ફેક્સ મેસેજથી જાણ કરી છે કે ગુજરાત વિધાનસભાના ૧૧૭–રાજગઢ વિધાનસભા મત ક્ષેત્રના સભ્યશ્રી ફતેસિંહ વખતસિંહ ચૌહાણની પોલીસ સ્ટેશન ગુના રજીસ્ટર નં.૩૯/૨૦૦૯ ના આધારે નોંધાયેલ ફરિયાદ આઈ.પી.સી.ની કલમ–૧૮૮, ૭૧(જ) ટ્રાન્સફર વોરંટના આધારે ગોધરા સબ જેલમાંથી તા.૨–૭–૨૦૦૯ના રોજ ૧૭.૩૦ કલાકે અટક કરવામાં આવેલ છે, તે અંગેની જાણ તેઓશ્રીને કરેલ છે તે સંબંધમાં જાહેરાત કરી.

૫. નીચેના સરકારી વિધેયકો સભાગૃહે મંજૂર કર્યા અને પસાર કર્યા.

(૧) સન ૨૦૦૯નું વિધેયક ક્રમાંક–૧૧ સન ૨૦૦૯નું ગુજરાત ખાનગી યુનિવર્સિટી વિધેયક,

(૨) સન ૨૦૦૯નું વિધેયક ક્રમાંક–૧૨ સન ૨૦૦૯નું કામધેનુ યુનિવર્સિટી વિધેયક.

## સોમવાર, તા.૬ઠ્ઠી જુલાઈ, ૨૦૦૯

### ૧. પ્રશ્નો પૂછવામાં આવ્યા અને તેના જવાબ આપવામાં આવ્યા.

### ૨. તાકીદની જાહેર અગત્યની બાબત પર ધ્યાન દોરવા બાબત (નિયમ–૧૧૬)

સભ્યશ્રી રાઘવજીભાઈ હં. પટેલે, "તાજેતરમાં કચ્છ જિલ્લાની વિશા ઓશવાળ સેવા સંસ્થાએ વિવિધ દાતાઓએ તેને દાનમાં આપેલ વીસ જેટલી આંખોના પાર્સલ જામનગર ખાતે આવેલ ગુરૂ ગોવિંદસિંહ હોસ્પિટલને મોકલી આપ્યા હતા, પરંતુ આ પાર્સલ હોસ્પિટલ ધ્વારા સ્વીકારવામાં ન આવતાં વીસ જેટલી આંખો નકામી બની જતાં નેત્રહિન માનવીઓને તેનો લાભ મળી શકેલ નથી. નેત્રદાનની જયારે વ્યાપક ઝુંબેશ ચાલે છે ત્યારે દાનમાં મેળવેલી આંખોનો હોસ્પિટલની બેદરકારીથી સ્વીકાર ન થવાથી આંખો નકામી બની જતાં હોસ્પિટલના આવા અંધેર વહીવટ સામે આમજનતામાં ફેલાયેલ આક્રોશ" અંગેની તાકીદની જાહેર અગત્યની બાબત પર માનનીય આરોગ્ય મંત્રીશ્રીનું ધ્યાન દોર્યું.

આરોગ્ય મંત્રીશ્રી જયનારાયણભાઈ વ્યાસે તેમનું લેખિત નિવેદન રજૂ કર્યું અને ઉપસ્થિત થયેલા પ્રશ્નોના જવાબ આપ્યા.

## ૩. વિધાનસભા સમિતિના અહેવાલની રજૂઆત

જાહેર સાહસો માટેની સમિતિના પ્રમુખ શ્રી અનિલકુમાર પટેલે સમિતિનો ત્રીજો, ચોથો, પાંચમો અને છઠ્ઠો અહેવાલ સભાગૃહ સમક્ષ રજૂ કર્યો.

## ૪. અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (પહેલો દિવસ)

તા.૩૦મી જૂન, ૨૦૦૯ના રોજ ગૃહમાં રજૂ થયેલા સન ૨૦૦૯–૨૦૧૦ના ફેરફાર કરાયેલ અંદાજપત્રની સામાન્ય ચર્ચા શરૂ થાય તે પહેલાં માનનીય અધ્યક્ષશ્રીએ અંદાજપત્ર પરની સામાન્ય ચર્ચાના અવકાશ અંગે માર્ગદર્શન આપ્યું.

ત્યારબાદ વિરોધપક્ષના નેતાશ્રી તથા એક મંત્રીશ્રી સહિત કુલ પંદર સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

## ૫. પોઈન્ટ ઓફ ઓર્ડર

(૧) વિરોધપક્ષના નેતાશ્રી શકિતસિંહ ગોહિલે તેમના પ્રવચનની શરૂઆતમાં જ માનનીય મુખ્યમંત્રીશ્રીએ તૈયાર કરેલ અંદાજપત્ર પ્રવચન માનનીય નાણા મંત્રીશ્રી વાંચે છે એવા ઉચ્ચારણો કરતાં, તેની સામે નાણા મંત્રીશ્રીએ વાંધો લઈ પોઈન્ટ ઓફ ઓર્ડરનો મુદ્દો ઉપસ્થિત કરી માનનીય અધ્યક્ષશ્રીનું માર્ગદર્શન માગ્યું. માનનીય અધ્યક્ષશ્રીએ બજેટ પ્રવચન એ માનનીય નાણા મંત્રીશ્રીનું પ્રવચન ગણાય છે. મુખ્ય મંત્રીશ્રી સાથે પરામર્શ અને ચર્ચા થાય અને બજેટ મંત્રી મંડળની અંદર પણ આવે, તેથી માનનીય મુખ્ય મંત્રીશ્રીએ તૈયાર કરેલું બજેટ પ્રવચન અહીં વાંચે છે, એ કહેવું યોગ્ય નથી, એમ જણાવી નાણા મંત્રીશ્રીનો પોઈન્ટ ઓફ ઓર્ડરનો મુદ્દો ગ્રાહય રાખી વિરોધપક્ષના નેતાશ્રીને આપ આ રીતે બોલો એ સારૂ લાગતું નથી, એમ પણ જણાવ્યું.

(૨) સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી ફકીરભાઈ વાઘેલાએ અંદાજપત્ર પરની સામાન્ય ચર્ચા પરના તેમના પ્રવચનમાં આર.એસ.એસ. વિશે ઉલ્લેખો કરતાં, માનનીય વિરોધપક્ષના નેતાશ્રી શકિતસિંહ ગોહિલે તે સંબંધમાં પોઈન્ટ ઓફ ઓર્ડરનો મુદ્દો ઉપસ્થિત કરી માનનીય અધ્યક્ષશ્રીનું માર્ગદર્શન માગ્યું. પ્રસ્તુત મુદ્દામાં સંસદીય બાબતોના મંત્રીશ્રી અમિતભાઈ શાહે રાજકીય અવલોકનનો જવાબ આપવાના અધિકારનો ઉલ્લેખ કરી પોતાનું મંતવ્ય વ્યકત કર્યું. માનનીય અધ્યક્ષશ્રીએ, સંસદીય બાબતોના મંત્રીશ્રીએ રાજકીય અવલોકનનો જવાબ આપવા બાબતના અધિકારના ઉલ્લેખનો સ્વીકાર કરવાની સાથે માનનીય વિરોધપક્ષના નેતાશ્રીનો મુદ્દો ગ્રાહય રાખી, સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રીને અંદાજપત્ર પરની સામાન્ય ચર્ચાના અવકાશની મર્યાદામાં રહેવા અને અન્ય ઉલ્લેખોથી દૂર રહીને પ્રવચન કરવા જણાવ્યું.

## ૬. પોઈન્ટ ઓફ કલેરીફીકેશન

સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી ફકીરભાઈ વાઘેલાએ અંદાજપત્ર પરની સામાન્ય ચર્ચા પરના તેમના પ્રવચન દરમિયાન વિજળીની ખરીદી અને ભાવ બાબતમાં માનનીય વિરોધપક્ષના નેતાશ્રી શકિતસિંહ ગોહિલે પોઈન્ટ ઓફ કલેરિફીકેશનનો મુદ્દો ઉપસ્થિત કરી જણાવ્યું કે, તેઓશ્રીએ આ વીજળીની ખરીદી અને ભાવ બાબતના અવલોકનો નામદાર હાઈકોર્ટની ડિવિઝન બેચના જજમેન્ટના આધારે કર્યા હતા, તેમજ આ બાબતમાં તેઓશ્રી અરધા કલાકની ચર્ચા કરવા પણ તૈયાર છે, એમ પણ જણાવ્યું. પ્રસ્તુત મુદ્દામાં માનનીય રાજયકક્ષાના ઉર્જામંત્રીશ્રી સૌરભભાઈ પટેલે પણ કેટલીક સ્પષ્ટતાઓ સાથે પોતાનું મંતવ્ય વ્યકત કર્યું.

માનનીય અધ્યક્ષશ્રીએ, વિધાનસભાના નિયમો પ્રમાણે અરધા કલાકની ચર્ચા પ્રશ્નોત્તરીમાંથી નિયમ–૯૨ નીચે આવી શકે છે, એટલે આ કિસ્સામાં અરધા કલાકની ચર્ચા આપવાની રહેતી નથી. જો માનનીય મંત્રીશ્રીના

ખુલાસા પરથી માનનીય વિરોધપક્ષના નેતાશ્રીને એમ લાગતું હોય કે ગૃહને ગેરમાર્ગે દોરે છે તો તેઓશ્રી અલગથી નોટિસ આપશે તો તપાસીને નિર્ણય કરશે, એમ જણાવ્યું.

## મંગળવાર, તા.૭મી જુલાઈ, ૨૦૦૯

### ૧. પ્રશ્નો પૂછવામાં આવ્યા અને તેના જવાબ આપવામાં આવ્યા.

### ૨. માનનીય અધ્યક્ષશ્રીની પૂર્વમંજૂરીથી ઉપસ્થિત કરવામાં આવેલ અગત્યનો મુદ્દો

સભ્યશ્રી સિધ્ધાર્થભાઈ પટેલે, ગઈકાલે રાત્રે અમદાવાદ સ્થિત મજૂર ગામની લક્ષ્મી ચાલીમાં લઠ્ઠો પીવાથી ૧૩ વ્યકિતઓના થયેલ મરણ તેમજ ૨૫ વ્યકિતઓને એલ.જી. હોસ્પિટલમાં ખસેડવાની બાબતમાં માનનીય અધ્યક્ષશ્રીની પૂર્વમંજૂરીથી મુદ્દો ઉપસ્થિત કરી માનનીય ગૃહ મંત્રીશ્રીનું ધ્યાન દોર્યું.

રાજયકક્ષાના ગૃહ મંત્રીશ્રી અમિતભાઈ શાહે, ઘટના બાબતે તપાસ કરી તેઓશ્રી આવતીકાલે નિવેદન કરશે તેમ જણાવ્યું.

### ૩. સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રીનું નિવેદન (નિયમ–૪૪)

સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી ફકીરભાઈ વાઘેલાએ, "રેટીંગ ઓફ સ્ટેટ ચેનોલાઈઝીંગ એજન્સી સ્કીમ" હેઠળ પ્રથમ વર્ષે જ ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ કોર્પોરેશનને તેની 'ઉત્તમ' (Excellent) કામગીરી બદલ શીલ્ડ અને રૂા.૫ લાખનું રોકડ ઈનામ મેળવવાની સાથે પ્રથમ સ્થાન મેળવવાનું ગૌરવ સાંપડવા બાબતમાં નિયમ–૪૪ હેઠળનું નિવેદન વાંચીને કર્યું.

### ૪. અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (બીજો દિવસ)

ઉપરોકત વિષય પર સોમવાર, તા.૭મી જુલાઈ, ૨૦૦૯ના રોજ અધૂરી રહેલ ચર્ચા આગળ ચાલી, એક મંત્રીશ્રી સહિત કુલ ઓગણીસ સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

જળસંપત્તિ મંત્રીશ્રી નીતિનભાઈ ર. પટેલ પ્રવચન કરી રહયા હતા તે વખતે સભ્યશ્રી ખુમાનસિંહ ચૌહાણે (બેઠાં બેઠાં) 'માયાબેનને પૂછો' એ પ્રકારનું અવલોકન કરતાં માનનીય અધ્યક્ષશ્રીએ સભ્યશ્રીને અગાઉ પણ વારંવાર અવલોકનો ન કરવા સૂચના આપવા છતાં, ઉકત અવલોકન કરવા બદલ સભાગૃહ છોડી જવા અથવા દિલગીરી વ્યકત કરવાનો આદેશ આપતાં, સભ્યશ્રી ખુમાનસિંહ ચૌહાણે સભાગૃહમાં દિલગીરી વ્યકત કરી.

### ૫. માનનીય અધ્યક્ષશ્રીનો નિર્ણય

(૧) માનનીય અધ્યક્ષશ્રીએ, આજે સભાગૃહમાં અંદાજપત્ર પરની સામાન્ય ચર્ચા દરમ્યાન સભ્યશ્રી સિધ્ધાર્થભાઈ પટેલે તેમના પ્રવચન દરમ્યાન જે રિપોર્ટોના આધારે તેમના પ્રવચનમાં ઉલ્લેખો કર્યા હતા તે રિપોર્ટ તેઓશ્રીએ ગૃહમાં રજૂ કરવાની બાંહેધરી આપી હતી. અધ્યક્ષશ્રીના આદેશો આદેશ ક્રમાંકઃ૧૬(ક) પ્રમાણે કોઈ પણ સભ્યશ્રી કે મંત્રીશ્રી પ્રશ્નોત્તરી કે ચર્ચા દરમ્યાન જેના ઉપર આધાર રાખતા હોય તેવું સાહિત્ય જે તે વખતે મેજ ઉપર રજૂ કરવાના બદલે પાછળથી અધ્યક્ષશ્રીની પરવાનગીથી રજૂ કરતા હોય છે. સભ્યશ્રી સિધ્ધાર્થભાઈ પટેલે તેમના પ્રવચન બાદ ચિઠ્ઠી લખી જણાવેલ છે કે, સભ્યશ્રીએ કવોટ કરેલ રિપોર્ટ ટેકનિકલ એડવાઈઝરી કમિટી ધ્વારા પ્રસિધ્ધ થયેલ છે, જેના કેટલાક અંશો તા.૨૯–૬–૨૦૦૯ના રોજ ટાઈમ્સ ઓફ ઈંડિયામાં પ્રસિધ્ધ થયેલા છે. હકીકતમાં નિયમો પ્રમાણે આપણે છાપાના આધારે સભાગૃહમાં ઉલ્લેખો કરી શકાતા નથી. આ સંજોગોમાં સભ્યશ્રી સિધ્ધાર્થભાઈ પટેલને ટેકનિકલ એડવાઈઝરી કમિટીનો રિપોર્ટ આ સત્ર દરમ્યાન સભાગૃહમાં રજૂ કરવાનો આદેશ આપ્યો.

(૨) માનનીય અધ્યક્ષશ્રીએ, સભ્યશ્રી નિરંજનભાઈ પટેલે અગાઉ સભાગૃહમાં ઉપસ્થિત કરેલા માટીકામમાં ગેરરીતિના મુદ્દા સંબંધમાં જળસંપત્તિ મંત્રીશ્રી નીતિનભાઈ પટેલ સાથે સ્થળ મુલાકાત લેવાની ચર્ચા થઈ હતી તેના

સંદર્ભે સ્થળ મુલાકાત થઈ હોય તો તેનો લેખિતમાં અહેવાલ આવતી કાલે સવારના ૧૧.૦૦ વાગ્યા સુધીમાં તેઓશ્રી સમક્ષ રજૂ કરવા માટે જળસંપત્તિ મંત્રીશ્રીને આદેશ આપવાની સાથે સભ્યશ્રી નિરંજનભાઈ પટેલને પણ ગંભીર ફરિયાદ કર્યા બાદ સ્થળ ઉપર ન જાઓ એ યોગ્ય નથી, આ અંગે જે કાંઈ વાસ્તવિકતા કે કારણો હોય તે જણાવવા સૂચવ્યું.

## બુધવાર, તા.૮મી જુલાઈ, ૨૦૦૯

સભાગૃહની કાર્યવાહી શરૂ થવાની સાથે માનનીય વિરોધપક્ષના નેતાશ્રી શકિતસિંહ ગોહિલે લઠ્ઠાકાંડનો બનાવ અને કેટલાક ઈસમોના થયેલ મૃત્યુ સંબંધમાં આપેલ સભામોકૂફીની દરખાસ્ત બાબતે રજૂઆત કરવાનો પ્રયત્ન કરતાં માનનીય અધ્યક્ષશ્રીએ પ્રશ્નોત્તરી બાદ માનનીય મંત્રીશ્રી આ અંગે નિવેદન કરવાના છે, તેમ જણાવ્યું.

ત્યારબાદ સૂત્રોચ્ચાર વચ્ચે પ્રશ્નોત્તરી શરૂ થઈ.

**૧. પ્રશ્નો પૂછવામાં આવ્યા અને તેના જવાબ આપવામાં આવ્યા.**

તારાંકિત પ્રશ્નોત્તરીની યાદીમાંના પ્રશ્નો અગ્રતાક્રમ–૨ અને ૪ના મૌખિક જવાબ આપવામાં આવ્યા.

**૨. સૂત્રોચ્ચાર અને સભાત્યાગ**

પ્રશ્ન અગ્રતા ક્રમ–૪ ચર્ચાઈ રહયો હતો તે તબકકે માનનીય વિરોધપક્ષના નેતાશ્રી શકિતસિંહ ગોહિલે તેઓશ્રીએ આપેલ સભામોકૂફીની દરખાસ્ત બાબતમાં રજૂઆત કરવાનો ફરીવાર પ્રયત્ન કરતાં, માનનીય અધ્યક્ષશ્રીએ આ દરખાસ્ત તેઓશ્રીને બારમાં પાંચ મિનિટ બાકી હતી ત્યારે મળી છે ત્યારે અગાઉના અધ્યક્ષના નિર્ણયો અને પરંપરા તથા નિયમો જોઈને નિર્ણય કરીશ તેમ જણાવી રોકતાં, માનનીય વિરોધપક્ષના નેતાશ્રી સહિતના સભાગૃહમાં ઉપસ્થિત રહેલા કોંગ્રેસ પક્ષના સભ્યશ્રીઓ પોતાના સ્થાન ઉપર ઉભા થઈ સતત સૂત્રોચ્ચાર કરવા લાગ્યા. માનનીય અધ્યક્ષશ્રીએ વારંવાર સૌ સભ્યશ્રીઓને પોતાનું સ્થાન લેવા અને શાંતિ જાળવવા વિનંતી કરી. આમ છતાં વિરોધપક્ષના સભ્યશ્રીઓ ધ્વારા સતત સૂત્રોચ્ચાર કરવાની પ્રક્રિયા ચાલુ રાખી સભ્યો શ્રી શૈલેષભાઈ પરમાર, શ્રી અમીતભાઈ ચાવડા, શ્રી દેવજીભાઈ ફતેહપરા, શ્રી રાજેન્દ્રસિંહ પરમાર, શ્રી નિરંજનભાઈ પટેલ, શ્રી સી.કે.રાઉલજી, શ્રી જોધાજી ઠાકોર, શ્રી બ્રિજરાજસિંહ જાડેજા, શ્રી લાલસિંહ વડોદિયા, શ્રી અશ્વિનભાઈ કોટવાલ, શ્રી ગ્યાસુદ્દીન શેખ, શ્રી પુનાભાઈ ગામીત, શ્રી માનસિંહ ચૌહાણ અને શ્રી મહંમદ જાવેદ પીરઝાદા સૂત્રોચ્ચાર કરતા કરતા એકાએક વેલમાં ધસી આવી તેમાંના કેટલાક સભ્યશ્રીઓએ કાગળના ટૂકડાઓ વેલમાં ઉછાળ્યા.

માનનીય અધ્યક્ષશ્રીએ વેલમાં આવીને સૂત્રોચ્ચાર કરી દેખાવો કરતા ઉકત સભ્યશ્રીઓને સભાગૃહમાંથી દૂર કરવાનો આદેશ સલામતી દળના સભ્યોને આપતાં, સલામતી દળના સભ્યો ધ્વારા આ તમામ સભ્યશ્રીઓને સભાગૃહમાંથી દૂર કરવામાં આવ્યા.

ત્યારબાદ માનનીય વિરોધપક્ષના નેતાશ્રી સહિત સભાગૃહમાં ઉપસ્થિત રહેલ વિરોધપક્ષના સભ્યશ્રીઓ સૂત્રોચ્ચાર કરતા કરતા સભાત્યાગ કરી ગયા.

માનનીય અધ્યક્ષશ્રીએ, વિરોધપક્ષના નેતાશ્રી સહિત વિરોધપક્ષના સભ્યશ્રીઓ તેઓશ્રીને બારમાં પાંચ મિનિટ બાકી હતી તે વખતે રૂબરૂ મળીને સભામોકૂફીની દરખાસ્ત આપી હતી ત્યારે તેઓશ્રીએ નિયમો, અગાઉની પ્રણાલિકાઓ જોયા બાદ સભામોકૂફીની દરખાસ્ત દાખલ કરવા માટે નિર્ણય કરવાની કાર્યવાહી હાથ ધરશે, એમ જણાવ્યું.

વધુમાં તેઓશ્રીએ નિયમ–૧૦૮ તરફ સભાગૃહનું ધ્યાન દોરી જણાવ્યું કે, નિયમ–૧૦૮ નીચે સભામોકૂફીનો પ્રસ્તાવ લાવવા માગતા સભ્યશ્રીએ જે બેઠકમાં આવો પ્રસ્તાવ લાવવા માગતા હોય તે બેઠક શરૂ થવાના ઓછામાં ઓછા એક કલાક અગાઉ લેખિત સૂચના આપવાની રહે છે. પાંચ મિનિટ પહેલાં મળેલી આ દરખાસ્ત તેઓશ્રીએ

વિધાનસભા સચિવાલયને નિયમોની મર્યાદા અને જોગવાઈ ચકાસી આગળની કાર્યવાહી કરવા માટે આપી હોય ત્યારે વિરોધપક્ષ તરફથી એક સંવેદનશીલ બનાવ વખતે આવા દેખાવો થાય તે દુ:ખદ છે, એમ પણ જણાવ્યું.

## ૩. સભ્યશ્રીઓને નેઈમ કરી સસ્પેન્ડ કરવાનો પ્રસ્તાવ

માનનીય નાણા મંત્રીશ્રી વજુભાઈ વાળાએ, સૂત્રોચ્ચાર કરતા કરતા વેલમાં આવી દેખાવો કરી રહેલા અને માનનીય અધ્યક્ષશ્રીના આદેશથી સલામતી દળના સભ્યો ધ્વારા જેમને સભાગૃહમાંથી દૂર કરવામાં આવ્યા છે તેવા સર્વશ્રી શૈલેષભાઈ પરમાર, અમીતભાઈ ચાવડા, દેવજીભાઈ ફતેપરા, રાજેન્દ્રસિંહજી પરમાર, નિરંજનભાઈ પટેલ, સી.કે.રાઉલજી, જોધાજીભાઈ ઠાકોર, બ્રિજરાજસિંહ જાડેજા, લાલસિંહ વડોદિયા, અશ્વિનભાઈ કોટવાલ, ગ્યાસુદ્દીન શેખ, પુનાભાઈ ગામીત, માનસિંહ ચૌહાણ અને મહંમદ જાવીન પીરઝાદાને આજના એક દિવસ માટે સભાગૃહમાંથી સસ્પેન્ડ કરવાનો પ્રસ્તાવ રજૂ કરતાં, માનનીય આરોગ્ય મંત્રીશ્રી જયનારાયણભાઈ વ્યાસે તેને ટેકો આપ્યો.

પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યો અને તેનો સભાગૃહ ધ્વારા સ્વીકાર કરવામાં આવ્યો.

## ૪. માનનીય રાજયકક્ષાના ગૃહ મંત્રીશ્રીનું નિવેદન (નિયમ–૪૪)

માનનીય રાજયકક્ષાના ગૃહ મંત્રીશ્રી અમિતભાઈ શાહે, તા.૭–૭–૨૦૦૯ના રોજ કાગડાપીઠ પોલીસ સ્ટેશન વિસ્તારમાં ગીતા મંદિર નજીક કંટોડીયા વાસમાં ઝેરી પદાર્થ પીવાથી કેટલાક ઈસમોના થયેલ મૃત્યુ બાબતમાં નિયમ–૪૪ હેઠળનું નિવેદન વાંચીને કર્યું અને ઉપસ્થિત થયેલા પ્રશ્નોના જવાબ આપ્યા.

## ૫. માનનીય અધ્યક્ષશ્રીની જાહેરાત

(૧) માનનીય અધ્યક્ષશ્રીએ, વર્ષ ૨૦૦૯–૧૦ માટે ચૂંટાયેલ નાણાકીય સમિતિઓ પર સભ્યશ્રીઓના રાજીનામાના કારણે ખાલી પડેલ સભ્યપદની બેઠકો પૈકી અંદાજ સમિતિ પર એક, જાહેર હિસાબ સમિત પર બે, જાહેર સાહસો માટેની સમિતિ પર બે અને પંચાયતી રાજ સમિતિ પર એક સભ્યની ચૂંટણી માટેના કાર્યક્રમની જાહેરાત કરી.

(૨) માનનીય અધ્યક્ષશ્રીએ, સભ્યશ્રીઓના રાજીનામાને કારણે ખાલી પડેલ સભ્યપદની બેઠકો પૈકી સૌરાષ્ટ્ર યુનિવર્સિટીની સેનેટ અને ઉત્તર ગુજરાત યુનિવર્સિટીની કોર્ટ ઉપર એક એક સભ્યશ્રીની ચૂંટણી માટેના કાર્યક્રમની જાહેરાત કરી.

## ૬. માનનીય સહકાર મંત્રીશ્રીનો પ્રસ્તાવ

માનનીય સહકાર મંત્રીશ્રી દિલીપભાઈ સંઘાણીએ પ્રસ્તાવ રજૂ કર્યો કે,–

"આ સભાગૃહ સન ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ–૧૫૬(૧)(૫) મુજબ ગુજરાત રાજય સહકારી કાઉન્સિલ ઉપર વિધાનસભાના એક સભ્યની ચૂંટણી કરવાનું કામ હાથ ધરે."

પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યો અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

માનનીય અધ્યક્ષશ્રીએ, ગુજરાત સહકારી કાઉન્સિલ ઉપર વિધાનસભાના એક સભ્યની ચૂંટણી માટેના કાર્યક્રમની જાહેરાત કરી.

## ૭. વિધાનસભાની સમિતિના અહેવાલની રજૂઆત

બિન–સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિના પ્રમુખશ્રી કાળુભાઈ વિરાણીએ સમિતિનો ચોથો અહેવાલ રજૂ કર્યો.

## ૮. બિન–સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિના પ્રમુખશ્રીનો પ્રસ્તાવ

બિન–સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિના પ્રમુખશ્રી કાળુભાઈ વિરાણીએ પ્રસ્તાવ રજૂ કર્યો કે,–

"આ સભાગૃહ, બિન–સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિના ચોથા અહેવાલ સાથે સંમત થાય."

પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યો અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

**૯. અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (ત્રીજો દિવસ)**

ઉપરોકત વિષય પર મંગળવાર, તા.૭મી જુલાઈ, ૨૦૦૯ના રોજ અધૂરી રહેલ ચર્ચા આગળ ચાલી અને બે મંત્રીશ્રી સહિત કુલ સત્તર સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

**૧૦. પોઈન્ટ ઓફ ઓર્ડર**

સભ્યશ્રી અર્જુનભાઈ મોઢવાડિયાએ તેમના પ્રવચનમાં એસ્સારને જમીન આપવાના મુદૃે માનનીય મુખ્યમંત્રીશ્રીને ઉદૃેશીને કેટલાંક આક્ષેપાત્મક ઉચ્ચારણો કરતાં, માનનીય નાણા મંત્રીશ્રી વજુભાઈ વાળાએ તેની સામે વાંધો લઈ પોઈન્ટ ઓફ ઓર્ડરનો મુદૃો ઉપસ્થિત કરી માનનીય અધ્યક્ષશ્રીનું ધ્યાન દોર્યું. પ્રસ્તુત મુદૃામાં માનનીય વિરોધપક્ષના નેતાશ્રી શકિતસિંહ ગોહિલે તેમજ માનનીય આરોગ્ય મંત્રીશ્રી જયનારાયણભાઈ વ્યાસે પોતાના મંતવ્યો વ્યકત કર્યા. માનનીય અધ્યક્ષશ્રીએ, સભાગૃહનું ધ્યાન નિયમ–૩૭ તરફ દોરી આક્ષેપો કરતાં અગાઉ અધ્યક્ષશ્રીની પરવાનગી લેવી જોઈએ તેમજ સંબંધિત મંત્રીશ્રીને તેની જાણ કરવી જોઈએ. આ કિસ્સામાં આમાંની એક પણ જોગવાઈનું પાલન થયું નથી. એમ જણાવી માનનીય નાણા મંત્રીશ્રીનો પોઈન્ટ ઓફ ઓર્ડરનો મુદૃો ગ્રાહય રાખ્યો.

## <u>ગુરૂવાર, તા.૯મી જુલાઈ, ૨૦૦૯</u>

**૧. પ્રશ્નો પૂછવામાં આવ્યા અને તેના જવાબ આપવામાં આવ્યા.**

તારાંકિત પ્રશ્નોત્તરીની યાદીમાંના પ્રશ્નો અગ્રતાક્રમ–૧નો જવાબ અપાયા બાદ પૂરક પ્રશ્નોની ચર્ચા ચાલી રહી હતી.

**૨. સૂત્રોચ્ચાર અને સભ્યશ્રીઓનું સસ્પેન્શન**

પ્રશ્ન અગ્રતાક્રમ–૧ પરની પૂરક પ્રશ્નોત્તરી ચાલી રહી હતી તે તબકકે માનનીય વિરોધપક્ષના નેતાશ્રી શકિતસિંહ ગોહિલે પોતાના સ્થાન ઉપર ઉભા થઈ સભ્યશ્રી અર્જુનભાઈ મોઢવાડિયાની સભામોકૂફીની દરખાસ્ત પેન્ડીંગ છે તેમજ આજે નવા વિસ્તારોમાં મૃત્યુ થઈ રહયા છે, તેમ જણાવી આ બાબતે ચર્ચા ઉપસ્થિત કરવાનો પ્રયત્ન કરતાં, માનનીય અધ્યક્ષશ્રીએ તેઓશ્રીને અટકાવી પ્રશ્નોત્તરી બાદ આ બાબત રાખવા સૂચવી પ્રશ્નોત્તરીની કાર્યવાહી આગળ ચલાવી.

સતત સૂત્રોચ્ચાર વચ્ચે પ્રશ્નો અગ્રતાક્રમ ૨ અને ૩ના મૌખિક જવાબ આપવામાં આવ્યા.

આ દરમ્યાન માનનીય વિરોધપક્ષના નેતાશ્રી સહિત સભાગૃહમાં ઉપસ્થિત રહેલા વિરોધપક્ષના સભ્યશ્રીઓએ પોતાના સ્થાન ઉપર ઉભા રહી સતત સૂત્રોચ્ચાર કરવાનું તેમજ કેટલાક સભ્યશ્રીઓએ પાટલીઓ થપથપાવી સૂત્રોચ્ચાર કરી સભાગૃહની કાર્યવાહીમાં સતત ખલેલ પહોંચાડવાનું ચાલુ રાખતાં, માનનીય અધ્યક્ષશ્રીએ સૌ સભ્યશ્રીઓને શાંતિ જાળવવા વારંવાર વિનંતી કરી ચેતવણી આપી. આમ છતાં સતત સૂત્રોચ્ચાર અને પાટલીઓ થપથપાવી સભાગૃહની કાર્યવાહીમાં ખલેલ પહોંચાડવાની પ્રક્રિયા ચાલુ રાખતાં માનનીય અધ્યક્ષશ્રીએ નિયમ–૫૧ હેઠળ સભાગૃહની કાર્યવાહીમાં ખલેલ પહોંચાડી તોફાની વર્તણૂક કરતા વિરોધપક્ષના નેતાશ્રી સહિતના સભાગૃહમાં ઉપસ્થિત રહેલા વિરોધપક્ષના તમામ સભ્યશ્રીઓને સભાગૃહ છોડી જવાનો આદેશ આપતાં, સલામતી દળના સભ્યો ધ્વારા કેટલાક સભ્યશ્રીઓને સભાગૃહમાંથી દૂર કરવામાં આવ્યા તે દરમ્યાન માનનીય વિરોધપક્ષના નેતાશ્રી સહિતના

કેટલાક સભ્યશ્રીઓ સભાત્યાગ કરી ગયા. માનનીય અધ્યક્ષશ્રીએ સભ્યશ્રી લાલસિંહ વડોદિયા માઈક તોડી રહયા હતા તે ધ્યાન ઉપર આવતાં આ માઈક તોડવાનો ખર્ચ સભ્યશ્રી પાસેથી વસૂલ કરવાનો આદેશ આપ્યો.

ત્યારબાદ માનનીય મુખ્ય દંડકશ્રી આર.સી. ફળદુએ સભ્યશ્રી અમિતભાઈ ચાવડા તેમજ જે કોઈ સભ્યશ્રીઓએ માઈક તોડયા છે તેમની પાસેથી તેનો ખર્ચ વસૂલ કરવા તથા આ પ્રકારની અતિશય તોફાની પ્રવૃત્તિ કરીને ગૃહની કાર્યવાહીમાં ખલેલ પહોંચાડનાર તેમજ માઈક તોડનાર તમામ સભ્યશ્રીઓને નેઈમ કરવાની તેમજ પૂરા સત્ર દરમ્યાન સસ્પેન્ડ કરવાનો પ્રસ્તાવ રજૂ કરતાં, માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી નીતિનભાઈ પટેલે જે સભ્યશ્રીઓએ ગૃહમાં દેખાવો કર્યા છે અને તોફાન કરી અને માઈક તોડવા સુધીની પરાકાષ્ટાએ ગયા છે તે તમામ સભ્યશ્રીઓને સત્ર પૂરૂ થાય ત્યાં સુધી સસ્પેન્ડ કરવાની દરખાસ્તને સમર્થન આપ્યું.

માનનીય અધ્યક્ષશ્રીએ, માનનીય વિરોધપક્ષના નેતાશ્રીએ તેઓશ્રી સમક્ષ ટેલીફોન ઉપર ઝીરો અવર્સ માટે માગણી કરી હતી, પરંતુ આપણે ત્યાં એક પરંપરા રહી છે કે, સંબંધિત મંત્રીશ્રી મંજૂરી ન આપે ત્યાં સુધી આ બાબત ઉપસ્થિત કરી શકાતી નથી. બીજુ, કોઈપણ પ્રકારનો મુદ્દો ઉપસ્થિત કરવો હોય તો પ્રશ્નોત્તરી કાળ પૂરો થયા બાદ ઉપસ્થિત કરી શકાય છે. ત્રીજી બાબત વિરોધપક્ષના નેતાશ્રીએ એમ કહયું કે, સભામોકૂફીની દરખાસ્ત પેન્ડીંગ છે એ હકીકત ખોટી છે. સંબંધિત સભ્યશ્રીને નિયમ–૧૦૮ નીચેની આ દરખાસ્ત નિયમોનુસાર નહોતી આવી એટલે નામંજૂર કરતો પત્ર પાઠવી દીધો છે. એટલે આ પ્રશ્નોત્તરી કાળ દરમ્યાન માનનીય વિરોધપક્ષના નેતાશ્રીએ જે વાત રજૂ કરી છે તે યોગ્ય નથી. આ ઉપરાંત જે સભ્યશ્રીઓના માઈકો તૂટયા અને જેમણે તોડયા છે તેનો ખર્ચ જે તે સભ્યશ્રી પાસેથી વસૂલ કરવાનો પણ આદેશ આપ્યો.

વધુમાં નિયમ–૩૪(૨) ટાંકી જણાવ્યું કે, કોઈ પણ બનાવ બાબતમાં ન્યાયિક કમિશનની નિમણૂંક થયા પછી તેની ઉપર ચર્ચા કરવા દેવામાં આવતી નથી તેમજ સભાગૃહના કે બહારના કોઈપણ સભ્યશ્રી આ કમિશન પાસે પોતાની રજૂઆત કરી શકે છે. આ ઉપરાંત સભાગૃહમાં આજે જે સૂત્રોચ્ચાર તથા દેખાવો થયા તેને સભાગૃહની કાર્યવાહીનો ભાગ ન ગણવા તેમજ માધ્યમો ધ્વારા તેને પ્રસારિત ન કરવા પણ સૂચવ્યું.

માનનીય મુખ્ય દંડકશ્રી આર.સી. ફળદુએ રજૂ કરેલ પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યો અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

**૩. પ્રશ્નોત્તરી (ક્રમશઃ)**

પહેલી અતારાંકિત યાદી સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવી.

## ૪. તાકીદની જાહેર અગત્યની બાબત પર ધ્યાન દોરવા બાબત (નિયમ–૧૧૬)

"તાજેતરમાં કચ્છ જિલ્લાના અંજાર તાલુકાના વરસામેડી ગામે તેની નજીકમાં આવેલી એક કંપનીએ ખુલ્લામાં ઝેરી–કેમિકલ્સયુકત પાણી છોડતાં અને તે ઝેરી પ્રદૂષિત પાણી માલધારીઓના પશુઓએ પીતા ૨૬ જેટલાં પશુઓના મૃત્યુ થતા તેમજ ૧૫ થી ૨૦ પશુઓને તેની અસર થતાં ખુલ્લામાં આવું પાણી છોડતી આ કંપની સામે સરકારે લીધેલાં પગલાં" અંગેની તાકીદની જાહેર અગત્યની બાબતના પ્રભારી સભ્યશ્રી બાબુભાઈ શાહ સભાગૃહમાં ઉપસ્થિત ન હોવાથી આ બાબત હાથ ધરી શકાઈ નહીં.

**૫. અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (ચોથો અને છેલ્લો દિવસ)**

ઉપરોકત વિષય પર બુધવાર, તા.૮મી જુલાઈ, ૨૦૦૯ના રોજ અધૂરી રહેલ ચર્ચા આગળ ચાલી અને રાજયકક્ષાના નાણામંત્રીશ્રી સહિત કુલ ચાર સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો અને ચર્ચાનો જવાબ નાણામંત્રીશ્રી વજુભાઈ વાળાએ આપ્યો.

**૬. બિન–સરકારી સંકલ્પો**

(૧) સભ્યશ્રી જીતેન્દ્રભાઈ સુખડિયાએ, "ક્રુડ ઓઈલની રોયલ્ટીમાં ગુજરાત રાજયને થયેલ નુકસાન ભરપાઈ કરી આપવા કેન્દ્ર સરકારને ભલામણ કરવા અંગેનો પોતાનો સંકલ્પ રજૂ કર્યો અને મંતવ્ય વ્યકત કર્યું. ત્યારબાદ એક મંત્રીશ્રી સહિત એક સભ્યશ્રીએ ચર્ચામાં ભાગ લીધો.

સંકલ્પ મત ઉપર મૂકવામાં આવ્યો અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

(૨) સભ્ય પ્રો. મંગળભાઈ પટેલે, "સરદાર સરોવર યોજનાને 'રાષ્ટ્રીય યોજના' જાહેર કરવા માટે કેન્દ્ર સરકારને ભલામણ કરવા" અંગેનો પોતાનો સંકલ્પ રજૂ કર્યો અને મંતવ્ય વ્યકત કર્યું. ત્યારબાદ એક મંત્રીશ્રી સહિત ત્રણ સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

સંકલ્પ મત ઉપર મૂકવામાં આવ્યો અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

**૭. માનનીય અધ્યક્ષશ્રીનો નિર્ણય**

બિન–સરકારી સંકલ્પ પરના સભ્યશ્રી આત્મારામભાઈ પરમારના પ્રવચન બાદ, માનનીય અધ્યક્ષશ્રીએ, આજે સવારે પ્રશ્નોત્તરી કાળ દરમ્યાન ગૃહમાં વિપક્ષ ધ્વારા જે પ્રદર્શનો અને દેખાવો થયા તેમજ છ જેટલા માઈકો તોડયા તે બનાવની ગંભીરતાથી નોંધ લઈ, તા.૨૫મી નવેમ્બર, ૨૦૦૧ના રોજ સંસદ, રાજય અને કેન્દ્રશાસિત પ્રદેશોના વિધાનમંડળોમાં શિસ્ત અને ગરીમા જાળવવા બાબતે મળેલ પ્રમુખ અધિકારીઓ, મુખ્યમંત્રીશ્રીઓ, સંસદીય બાબતોના મંત્રીશ્રીઓ, પક્ષના નેતાઓ અને પક્ષના દંડકોની અખિલ ભારતીય પરિષદમાં સર્વાનુમતે પસાર થયેલ ઠરાવ પ્રમાણે કોઈપણ સભ્યએ ગૃહમાં મધ્ય ભાગમાં ધસી જવુ નહીં, સૂત્રોચ્ચાર ન કરવા, દસ્તાવેજો ફાડવા નહીં એવા પ્રકારના ૨૦ જેટલા ગૃહની અંદર પાળવાના નિયમો તેમજ આવા બનાવો બને ત્યારે અધ્યક્ષશ્રીએ ચેતવણી આપવી, સીધો ઠપકો આપવો, ગૃહમાંથી દૂર કરવા, કોઈ ખાસ સમયગાળા પૂરતી ગૃહમાંથી ફરજમોકૂફી અને ગૃહને યોગ્ય લાગે તેવી કોઈ પણ દંડાત્મક જોગવાઈ તરફ સભાગૃહનું ધ્યાન દોરી, આજે સવારના આ બનાવ બન્યો ત્યારે વિપક્ષના નેતા સહિત સૌ સભ્યોને પહેલાં વિનંતી કરી, ત્યારબાદ ચેતવણી આપી હતી અને ત્યારબાદ નિયમ–૫૧ નીચે વિપક્ષના નેતાશ્રી સહિત વિરોધપક્ષના સૌ સભ્યોને બહાર જવાનો આદેશ આપ્યો હતો તે આદેશનું પાલન કરવાના બદલે, કેટલાક સભ્યશ્રીઓએ સભાગૃહમાં પાટલીઓ પર લગાવેલા માઈક્રોફોન તોડયા હતા. જેમણે માઈક તોડયા છે એવા ત્રણ સભ્યો શ્રી લાલસિંહ વડોદિયા, શ્રીમતી ચંદ્રિકાબેન બારીયા અને શ્રી અમિતભાઈ ચાવડા પાસેથી રીપેરીંગના ખર્ચ પેટે રૂા.૩૬૦૦/– વસૂલ કરવાનો આદેશ કરવાની સાથે ઉકત ત્રણ સભ્યશ્રીઓ ઉપરાંત જે સભ્યોએ વિરોધદર્શક આક્રમક દેખાવો કરીને ગૃહનું અવમાન કર્યુ છે તેવા સર્વશ્રી શૈલેષભાઈ પરમાર, કુંવરજીભાઈ હળપતિ, સી.કે.રાઉલજી અને અશ્વિનભાઈ કોટવાલ એમ કુલ સાત સભ્યોને ચોથા સત્રની સમાપ્તિ સુધી સસ્પેન્ડ કરવાની જાહેરાત કરી.

**<u>શુક્રવાર, તા.૧૦મી જુલાઈ, ૨૦૦૯</u>**

સભાગૃહની બેઠક શરૂ થવાની સાથે જ માનનીય વિરોધપક્ષના નેતાશ્રી શકિતસિંહ ગોહિલે સભામોકૂફીની નવી દરખાસ્ત આપેલી છે તેના પર ચર્ચા થવી જોઈએ એ સંબંધમાં રજૂઆત કરવાનો પ્રયત્ન કર્યો.

**૧. પ્રશ્નોત્તરી**

તારાંકિત પ્રશ્નોત્તરીના અગ્રતાક્રમ–૩ના પ્રશ્નનો મૌખિક જવાબ અપાયો અને તેની ચર્ચા શરૂ થઈ.

**૨. સૂત્રોચ્ચાર અને સસ્પેન્શન**

પ્રશ્ન અગ્રતાક્રમ–૩ની પૂરક પ્રશ્નોત્તરી ચાલી રહી હતી તે દરમ્યાન માનનીય વિરોધપક્ષના નેતાશ્રી શકિતસિંહ ગોહિલ સહિતના વિરોધપક્ષના સભ્યશ્રીઓ પોતાપોતાનું સ્થાન છોડી એક તરફ એકઠા થઈ સતત પાટલી થપથપાવી આક્રોશપૂર્ણ રીતે સૂત્રોચ્ચાર કરી સભાગૃહની કાર્યવાહીમાં સતત ખલેલ પહોંચાડવાની કાર્યવાહી ચાલુ રાખી.

આ દરમ્યાન પ્રશ્નોત્તરીની ચર્ચા ચાલુ રહી અને પ્રશ્નો અગ્રતાક્રમ–૪ અને ૫ ના મૌખિક જવાબ આપવામાં આવ્યા. આ તબકકે વિરોધપક્ષના સભ્યો પૈકી સભ્ય સર્વશ્રી પરેશભાઈ વસાવા, મહેન્દ્રસિંહ વાઘેલા, ગ્યાસુદ્દીનભાઈ શેખ, કાનજીભાઈ તળપદા, પ્રભુભાઈ વસાવા, દેવજીભાઈ ફતેપરા, જીતુભાઈ ચૌધરી વગેરે સૂત્રોચ્ચાર કરતા કરતા વેલમાં ધસી આવતાં, માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર સલામતી દળના સભ્યો ધ્વારા આ તમામ સભ્યશ્રીઓને સભાગૃહમાંથી દૂર કરવામાં આવ્યા.

આ તબકકે માનનીય વિરોધપક્ષના નેતાશ્રી શકિતસિંહ ગોહિલ સહિતના સભાગૃહમાં ઉપસ્થિત રહેલા વિરોધપક્ષના બાકી સભ્યશ્રીઓ સૂત્રોચ્ચાર કરતા કરતા સભાત્યાગ કરી ગયા.

માનનીય નાણામંત્રીશ્રી વજુભાઈ વાળાએ વિરોધપક્ષના સભ્યશ્રીઓ કે જેમણે સભાગૃહના સંચાલનના નિયમોની વિરૂધ્ધ જઈ વેલમાં ધસી આવી દેખાવો કર્યા છે અને માનનીય અધ્યક્ષશ્રીએ પણ જેમને સભાગૃહની બહાર લઈ જવાનો આદેશ આપેલ છે તેવા સભ્યશ્રીઓ સર્વશ્રી મહેન્દ્રસિંહ વાઘેલા, ગ્યાસુદ્દીનભાઈ શેખ, કાનજીભાઈ તળપદા, ખુમાનસિંહ ચૌહાણ, પ્રભુભાઈ વસાવા, દેવજીભાઈ ફતેપરા, મોહનસિંહભાઈ રાઠવા, જીતુભાઈ ચૌધરી, પરેશભાઈ વસાવા, મહંમદ જાવીદ પીરઝાદા તેમજ પુનાભાઈ ગામીતને ત્રણ દિવસ માટે એટલે કે મંગળવાર સુધી નેઈમ કરવાની દરખાસ્ત કરતો પ્રસ્તાવ રજૂ કરતાં, જળસંપતિ મંત્રીશ્રી નીતિનભાઈ પટેલે તેને સમર્થન કર્યું.

પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યો અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

માનનીય અધ્યક્ષશ્રીએ ગઈ કાલે આપેલ રૂલિંગને દોહરાવી વિરોધપક્ષના સભ્યશ્રીઓ ધ્વારા કાચ ફોડવાની જે ઘટના બની છે તેની તપાસ સાર્જન્ટે કરવા તેમજ વિધાનસભાના સચિવશ્રીને ઘટનાની તપાસનો અહેવાલ રજૂ કરવા આદેશ આપ્યો.

વિશેષમાં અવલોકન કરતાં જણાવ્યું કે, માનનીય વિરોધપક્ષના નેતાશ્રી શકિતસિંહ ગોહિલ તેઓશ્રીની સામે પીઠ રાખીને ઉભા રહે છે તે સંસદીય આદરને નુકસાનકારક તેમજ અધ્યક્ષના પદના અપમાન સમાન છે.

**૩. ત્યારબાદ પ્રશ્નો પૂછવામાં આવ્યા અને તેના જવાબ આપવામાં આવ્યા.**

**૪. શોકદર્શક ઉલ્લેખ**

માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતના પૂર્વ સભ્ય સ્વ. શ્રી ભાઈલાલભાઈ મણીલાલ પટેલના અવસાન અંગે શોકદર્શક ઉલ્લેખ કર્યો અને સ્વર્ગસ્થને અંજલિ આપી.

ત્યારબાદ, માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી નીતિનભાઈ ર. પટેલ તેમજ સભ્યશ્રી રજનીકાન્તભાઈ પટેલે સ્વર્ગસ્થને અંજલિ આપી.

ત્યારબાદ માનનીય અધ્યક્ષશ્રીએ શોકદર્શક ઉલ્લેખમાં તેમનો સૂર પૂરાવ્યો અને સદગતને અંજલિ આપી. ત્યારબાદ સભ્યશ્રીઓએ ઉભા થઈને બે મિનિટ મૌન પાળ્યા બાદ માનનીય અધ્યક્ષશ્રીએ સદગતના કુટુંબીજનોને ગૃહની આ લાગણી પહોંચાડવામાં આવશે, તેવી જાહેરાત કરી.

**૫. સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા અનુમતિ મળેલાં વિધેયકો**

સચિવશ્રીએ બારમી ગુજરાત વિધાનસભાએ ચાલુ સત્રમાં પસાર કરેલાં અને જેને રાજયપાલશ્રીની અનુમતિ મળી છે તેવાં સન ૨૦૦૯ના વિધેયક ક્રમાંક– ૮, ૯, ૧૦, ૧૧ અને ૧૨ સભાગૃહના મેજ ઉપર મૂકયાં.

## ૬. માગણીઓ પર ચર્ચા અને મતદાન (પહેલો દિવસ)

માનનીય નાણા મંત્રીશ્રી વજુભાઈ વાળાએ સન ૨૦૦૯–૨૦૧૦ના વર્ષ માટેના ફેરફાર કરાયેલા અંદાજપત્રની માગણીઓની વિચારણા કરવા માટેની સંવિધાનના અનુચ્છેદ ૨૦૩(૩) અન્વયેની નામદાર રાજયપાલશ્રીની સિફારશ વાંચી સંભળાવી.

ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગને લગતી સેવા અંગેની ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગની માગણી ક્રમાંકઃ ૧૧, ૧૨ વસૂલાત ખર્ચને લગતી સેવા અંગેની ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગની માગણી ક્રમાંક–૧૨, વિજળી શકિત પરિયોજનાને લગતી સેવા અંગેની ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગની માગણી ક્રમાંક–૧૩, ઉદ્યોગને લગતી સેવા અંગેની ઉદ્યોગ અને ખાણ વિભાગની માગણી ક્રમાંકઃ ૪૯ તેમજ ખાણ અને ખનિજને લગતી સેવા અંગેની ઉદ્યોગ અને ખાણ વિભાગની માગણી ક્રમાંકઃ ૫૦ માનનીય રાજયકક્ષાના ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ તેમજ ઉદ્યોગ અને ખાણ મંત્રીશ્રી સૌરભભાઈ પટેલે રજૂ કરી.

આ માગણી ઉપરની કાપ દરખાસ્તોના પ્રભારી સભ્યશ્રીઓ પૈકી કેટલાક સભ્યશ્રી સભાગૃહમાં ઉપસ્થિત ન હોવાથી આ કાપ દરખાસ્તો રજૂ થઈ શકી નહીં.

ઉપરોકત માગણીઓ પર ચર્ચા શરૂ થઈ અને અગિયાર સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

## ૭. માનનીય અધ્યક્ષશ્રીની મંજૂરીથી ઉપસ્થિત કરવામાં આવેલ અગત્યનો મુદ્દો

સભ્યશ્રી કમાભાઈ રાઠોડના પ્રવચન બાદ સભ્યશ્રી રાકેશભાઈ શાહે માનનીય અધ્યક્ષશ્રીની પરવાનગીથી મુદ્દો ઉપસ્થિત કરી જણાવ્યું કે, આજે સવારે સભાગૃહના ગેટ નં.૪ની બહાર પાલીતાણાની પ્રતિકૃતિ સમાન તસ્વીર ઉપર આ ગૃહના વિપક્ષના સભ્યોએ બહાર જતી વખતે કાચ અને ફ્રેમ તોડી નાંખી તેની સાથે ચેડાં પણ કર્યા છે એનાથી જૈન અને સમગ્ર હિંદુ સમાજની લાગણી દુભાઈ છે તેમજ આવું કૃત્ય કરનાર સભ્યશ્રીઓની સામે પગલાં લેવાની માગણી માનનીય અધ્યક્ષશ્રી સમક્ષ કરી. પ્રસ્તુત મુદ્દામાં સભ્યશ્રી શંકરભાઈ ચૌધરી અને શ્રીમતી વિભાવરીબેન દવેએ પોતાના મંતવ્યો વ્યકત કર્યા.

માનનીય અધ્યક્ષશ્રીએ, આ ઘટનાને તેઓશ્રી ગંભીરતાથી લે છે તેમ જણાવી, આ સમગ્ર વિધાનસભાગૃહ તેઓશ્રીના આધિપત્ય નીચે આવી જાય છે આથી કોઈ ગેરશિસ્ત, દેખાવો કે પ્રદર્શનો કરવા એ નિયમની વિરૂધ્ધ છે. વધુમાં જણાવ્યું કે વિપક્ષના સભ્યશ્રીઓ ધ્વારા સભાગૃહની બહાર જતી વખતે ગેટ નં.૪ની બહારની પાલીતાણાના જૈન મંદિરની તસ્વીરના કાચ અને ફ્રેમ તોડવાનો બનાવ તેની ઉપરના હુમલા સમાન છે. આનાથી સમગ્ર જૈન સમાજ અને રાજયની ધર્મપ્રેમી જનતાની પણ લાગણી દુભાઈ છે તેમજ અન્ય કાચ તથા કચરા પેટી તોડીને પણ જાહેર મિલકતને કરેલ નુકશાન રૂા.૧૯૦૦/– જે તે સભ્યશ્રીઓએ પ્રજાના પ્રતિનિધિઓ તરીકે ભરપાઈ કરી દેવું જોઈએ તેમજ આ પાલીતાણાના જૈન મંદિર ઉપરના હુમલા માટે વિપક્ષના સભ્યશ્રીઓએ જાહેરમાં માફી માગવી જોઈએ.

વધુમાં, તેમણે જણાવ્યું કે તેઓશ્રી સભાગૃહમાં આવી રહયા હતા તે વખતે માનનીય વિરોધપક્ષના નેતાશ્રી શકિતસિંહ ગોહિલે ગાંધીજીની પ્રતિમા તરફ તેમના પક્ષના સભ્યશ્રીઓ સાથે જઈ રહયા હતા ત્યારે તેમની ઉપર હુમલો થયાની ફરિયાદ કરી છે. આ બાબતમાં ગાંધીનગરના જિલ્લા પોલીસ વડાશ્રી પિયુષભાઈ પટેલને ઘટનાના વીડીયો કલીપીંગ સાથે તપાસ કરવાનો આદેશ આપ્યો છે તે આવી ગયા બાદ માનનીય અધ્યક્ષશ્રી પોતાનું મંતવ્ય વ્યકત કરશે તેમ જણાવ્યું.

## ૮. માગણીઓ પર ચર્ચા અને મતદાન (પહેલો દિવસ)(ક્રમશ:)

ત્યારબાદ ચર્ચાનો જવાબ માનનીય રાજયકક્ષાના ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ તેમજ ઉદ્યોગ અને ખાણ મંત્રીશ્રી સૌરભભાઈ પટેલે આપ્યો.

ત્યારબાદ, માગણી ક્રમાંકઃ ૧૧, ૧૨, ૧૩, ૪૯ અને ૫૦ મત ઉપર મૂકવામાં આવી અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

**૯. માનનીય અધ્યક્ષશ્રીનો નિર્ણય**

માનનીય રાજયકક્ષાના ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ મંત્રીશ્રી સૌરભભાઈ પટેલના જવાબ બાદ માનનીય અધ્યક્ષશ્રીએ, તા.૬–૭–૨૦૦૯ના રોજ માનનીય વિરોધપક્ષના નેતાશ્રીએ ઉઠાવેલ પોઈન્ટ ઓફ ઓર્ડરનો નિર્ણય આપતાં જણાવ્યું કે, તા.૬–૭–૨૦૦૯ના રોજ અંદાજપત્ર પરની સામાન્ય ચર્ચામાં ભાગ લેતી વખતે સભ્યશ્રી પ્રદિપસિંહ જાડેજાએ તેમના વકતવ્યમાં કેન્દ્ર સરકારને સંબોધીને કરેલ ટીકાત્મક ઉલ્લેખો સંબંધે માનનીય વિરોધપક્ષના નેતાશ્રી શકિતસિંહ ગોહિલે અધ્યક્ષશ્રીએ આપેલ નિર્ણય ક્રમાંકઃ ૪૮૩ ટાંકી પોઈન્ટ ઓફ ઓર્ડરનો મુદ્દો ઉપસ્થિત કરી રેકર્ડમાંથી દૂર કરવા સૂચવ્યું હતું. તત્સમયે તેઓશ્રીએ રેકર્ડ જોઈને નિર્ણય કરવા જણાવેલ હતું. તદનુસાર પૂર્વ અધ્યક્ષશ્રીના નિર્ણય અનુસાર કેન્દ્ર સરકારની ટીકા થઈ શકે નહીં, પરંતુ રાજયમાં કોઈ તકલીફ હોય તો તે રજૂ કરી શકાય, કેન્દ્રના નિર્ણયની સામે પ્રતિભાવ પણ આપી શકાય છે. આમ છતાં સભ્યશ્રી પ્રદિપસિંહ જાડેજાએ જે તે વખતે કેન્દ્ર સરકારના સંબંધમાં જે ઉલ્લેખો કર્યા હતા તે પૂરોગામી અધ્યક્ષશ્રીના નિર્ણય ક્રમાંક ૪૮૩ અનુસાર કેન્દ્રની ટીકા સમાન હોઈ તે સભાગૃહની કાર્યવાહીમાંથી દૂર કર્યાની જાહેરાત કરી.

**<u>સોમવાર, તા.૧૩મી જૂલાઈ, ૨૦૦૯</u>**

**૧. પ્રશ્નો પૂછવામાં આવ્યા અને તેના જવાબ આપવામાં આવ્યા.**

**૨. તાકીદની જાહેર અગત્યની બાબત પર ધ્યાન દોરવા બાબત (નિયમ–૧૧૬)**

"તાજેતરમાં જૂનાગઢ જિલ્લાના સૂત્રાપાડા તાલુકામાં ભારે વાવાઝોડા અને વરસાદના કારણે નુકશાન થયેલ છે અને વીજળી પડતાં બે ઈસમોના મોત થયાં છે. આ ઈસમો ગરીબ સમાજના ખેતમજૂરો હતા અને આર્થિક રીતે નબળા હતા તો તેમના કુટુંબીજનોને વળતર આપવા" અંગેની નિયમ–૧૧૬ અન્વયની તાકીદની જાહેર અગત્યની બાબતના પ્રભારી સભ્યશ્રી ભગવાનભાઈ બારડ સભાગૃહમાં ઉપસ્થિત ન હોવાથી આ બાબત હાથ ધરી શકાઈ નહીં."

**૩. માનનીય અધ્યક્ષશ્રીનો નિર્ણય**

માનનીય અધ્યક્ષશ્રીએ, તા.૧૦મી જુલાઈએ લગભગ બપોરના ૧૨.૦૦ના સુમારે તેઓશ્રીના કાર્યાલયમાં વિપક્ષના નેતાશ્રી શકિતસિંહ ગોહિલ, સભ્યશ્રી સિધ્ધાર્થભાઈ પટેલ, સભ્યશ્રી અર્જુનભાઈ મોઢવાડિયા સહિત કેટલાક સભ્યોએ ફરિયાદ કરી હતી કે આ વિપક્ષના નેતાશ્રી સહિત વિપક્ષના સભ્યશ્રીઓ પૂ.ગાંધીજીની પ્રતિમા પાસે જતા હતા ત્યારે ભા.જ.પ.ના કેટલાક કાર્યકરોએ વિપક્ષના સભ્યો પર હુમલા કર્યા જે અધ્યક્ષશ્રીના આધિપત્યવાળા ક્ષેત્રમાં થાય તે યોગ્ય નથી. આ બાબતમાં અધ્યક્ષશ્રીએ એમ જણાવ્યું હતું કે, આ અંગેની તપાસ જિલ્લા પોલીસ વડાને સોંપી તે બાબતમાં તેઓએ ગૃહમાં જાહેરાત કરી હતી. કે જિલ્લા પોલીસ વડાના તપાસ અહેવાલ પર વિચારણા કર્યા બાદ નિર્ણય જાહેર કરતાં જણાવ્યું કે, ગૃહની ચેમ્બર, એની ફરતી લોબી અને અધ્યક્ષશ્રી વખતોવખત જાહેર કરે તેને નિયમ–૨ (ત) હેઠળ આ ગૃહની હદ મર્યાદા ગણાય છે. વિધાનસભાનું બિલ્ડીંગ વિઠ્ઠલભાઈ પટેલ ભવન પણ અધ્યક્ષના આધિપત્યમાં આવે છે, પરંતુ તે બહારનો વિસ્તાર જયાં આ ઘટના બની એ વિસ્તાર વિધાનસભા પરિસર નથી. પંરતુ સચિવાલય સંકુલનો એક ભાગ છે. ગાંધીજીની પ્રતિમા સહિતનો અન્ય પ્રતિમાઓવાળો વિસ્તાર પણ સચિવાલય સંકુલમાં આવેલો છે. આમ હોવા છતાં ધારાસભ્યશ્રીઓ પર હુમલો ગૃહ બહાર થયાની વિપક્ષના નેતાશ્રીએ

ફરિયાદ કરી હતી તેને તેઓશ્રીએ ગંભીરતાથી લઈને આની તપાસ જિલ્લા પોલીસ વડાને સોંપી હતી. તા.૧૦મી જૂલાઈના રોજની બનેલી ઘટના અંગે જુદી જુદી ચેનલો ધ્વારા ટી.વી. નાઈન સહિતની ચેનલોની પ્રદર્શિત થયેલી વીડીયો કલીપીંગ તથા તેના સમાચારોને ખૂબજ ધ્યાનપૂર્વક તેમજ તેની તપાસનો અહેવાલ જોયા બાદ નિર્ણય જાહેર કરતાં જણાવ્યું કે, તા.૧૦.૭.૨૦૦૯ના રોજ બનેલી ઘટના વિધાનસભા પરિસરમાં કે અધ્યક્ષશ્રીના આધિપત્યવાળા વિસ્તારમાં બની ન હોવાથી તેમજ સચિવાલય સંકુલમાં બની હોવાથી પૂર્વ અધ્યક્ષના નિર્ણય ક્રમાંકઃ૫૬૫ (સન ૧૯૬૦ થી ૧૯૮૪) મુજબ તેઓશ્રીએ કોઈ કાર્યવાહી કરવાની થતી ન હતી, પરંતુ ફરિયાદ ગૃહના સભ્યો પર હુમલા થયા અંગેની હોવાથી આગળ જણાવ્યા પ્રમાણે જિલ્લા પોલીસ વડાને જે તપાસ સોંપી હતી તેનો અહેવાલ તથા વીડીયો કલીપીંગ જોતાં આ ઘટના બની ત્યારે બન્ને પક્ષો કોંગ્રેસ અને ભારતીય જનતા પાર્ટીના કાર્યકર્તાઓ આમને સામને આવી ગયા હતા તે દૃશ્યો વીડીયો કલીપીંગમાં દેખાય છે. આવા બનાવો વિધાનસભા કે સચિવાલય સંકુલમાં ન બનવા જોઈએ. તા.૧૦ અને ૧૧ મીના રોજ પ્રદર્શિત થયેલ ત્રણેય ચેનલો, ટી.વી.નાઈન સહિતના મૂળ ફૂટેજ જોયા બાદ આ કલીપીંગમાં સ્પષ્ટપણે ભારતીય જનતાપાર્ટીના કાર્યકરોએ કોંગ્રેસના ધારાસભ્યો પર હુમલો કરતા હોય તે સાચું લાગતું નથી પણ ભારતીય જનતા પાર્ટીના કાર્યકરો પર હુમલો થયાના સમાચારને જુદી જુદી ચેનલોએ દર્શાવેલ છે અને તેને જિલ્લા પોલીસ વડા પિયુષ પટેલે આપેલા તપાસ અહેવાલમાં સમર્થન મળે છે. અગાઉ જણાવ્યા મુજબ વિધાનસભાના પૂર્વ અધ્યક્ષશ્રીએ આપેલ આદેશ પ્રમાણે "અધ્યક્ષશ્રીની હદ મર્યાદાની બહાર જે કંઈ બને તેની નોંધ અધ્યક્ષશ્રી લઈ શકે નહીં." આ નિર્ણયના અનુસંધાને ઉપરોકત નિવેદનને નિર્ણય તરીકે નહીં પણ સોંપેલી તપાસના ભાગરૂપે તેઓ જાહેર કરે છે તેમ જણાવ્યું.

**૪. પોઈન્ટ ઓફ ઓર્ડર**

સભ્યશ્રી પ્રદિપસિંહ જાડેજાએ, અધ્યક્ષશ્રીના અગત્યના નિર્ણયો ૧૯૮૫–૨૦૦૨, પાના નં.૪૭, નિર્ણય ક્રમાંકઃ ૪૫ ટાંકી સભાગૃહમાં કાળાં કપડાં પહેરીને આવવું એ પણ પ્રદર્શન સમાન છે તેમજ સભાગૃહના અવમાન સમાન છે એમ જણાવી, વિપક્ષના નેતાશ્રી સહિત વિપક્ષના સભ્યશ્રીઓએ તા.૧૦.૭.૨૦૦૯ ના રોજ કાળાં કપડાં ધારણ કરી ગૃહમાં ઉપસ્થિત રહી સભાગૃહનું અવમાન કરેલ છે, તે બાબતમાં પોઈન્ટ ઓફ ઓર્ડરનો મુદ્દો ઉપસ્થિત કરી માનનીય અધ્યક્ષશ્રીનું માર્ગદર્શન માગ્યું. પ્રસ્તુત મુદ્દામાં સભ્યશ્રી પ્રાગજીભાઈ પટેલે તેમનું મંતવ્ય વ્યકત કર્યું.

માનનીય અધ્યક્ષશ્રીએ, આ સભાગૃહ એ લોકશાહીનું મંદિર છે એમ જણાવી અધ્યક્ષપદ માટેના પુરષોત્તમ ગણેશ માવળંકરના વિચારો ટાંકી તેની સાથે સંમત થતાં, વધુમાં જણાવ્યું કે, કાળાં વસ્ત્રો ધારણ કરીને સભાગૃહની અંદર આવવું તેમજ અધ્યક્ષશ્રીની સામે પીઠ ફરેવીને વાત કરવી એ ગૃહના અવમાનરૂપ છે, એમ જણાવી સભ્યશ્રી પ્રદિપસિંહ જાડેજાનો પોઈન્ટ ઓફ ઓર્ડરનો મુદ્દો ગ્રાહય રાખ્યો.

**૫. માનનીય અધ્યક્ષશ્રીની પૂર્વ મંજૂરીથી ઉપસ્થિત કરવામાં આવેલ અગત્યનો મદ્દો**

સભ્યશ્રી મહેન્દ્રસિંહ સરવૈયાએ, શુક્રવારના રોજ વિધાનસભાની અંદર આવેલી ધારાસભ્યશ્રીઓની લોંજની અંદર પાલીતાણાના જૈન મંદિરની મૂકવામાં આવેલ તસવીર ઉપર વિપક્ષના સભ્યશ્રીઓ ધ્વારા પગમાં બુટ પહેરી પગથી પ્રહારો કરી તોડવામાં આવી છે આનાથી સમગ્ર જૈન અને હિંદુ સમાજની લાગણી દુભાઈ હોઈ, આવું કૃત્ય કરનારા સભ્યશ્રીઓએ માફી માગવી જોઈએ તેમજ તેમની સામે પગલાં લેવા બાબતમાં માનનીય અધ્યક્ષશ્રીની પૂર્વ મંજૂરીથી મુદ્દો ઉપસ્થિત કરી માનનીય અધ્યક્ષશ્રીનું ધ્યાન દોર્યું. પ્રસ્તુત મુદ્દામાં સભ્યશ્રી રાકેશભાઈ શાહ, સભ્યશ્રી રજનીકાન્ત પટેલ તેમજ માનનીય જળસંપતિ મંત્રીશ્રી નીતિનભાઈ પટેલે પોતાનાં મંતવ્યો વ્યકત કર્યા.

માનનીય અધ્યક્ષશ્રીએ, આ બાબતમાં જે તે દિવસે નિર્ણય આપી અને વેદના પણ વ્યકત કરી હતી. લોકશાહીમાં લોકપ્રતિનિધિઓ લોકશાહીને ચલાવે છે. લોકશાહીની શોભા એ લોક પ્રતિનિધિઓ અને વિધાનસભા,

સંસદ અને સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓ છે. ભારતના બંધારણ તેમજ પ્રજાજીવનની અંદર પ્રત્યેક ધર્મ પ્રત્યે સમભાવની લાગણી બતાવવામાં આવી છે ત્યારે આ સભાગૃહમાં ગુજરાતના દેવસ્થાનો તથા સાંસ્કૃતિક સ્થળોની મૂકાયેલ તસવીરો એ લોકશ્રધ્ધા અને લોક આસ્થાના કેન્દ્રસમી અને ગુજરાતના ગૌરવસમી છે. આ સભાગૃહમાંથી બહાર નિકળીને ગમે તેવા દેખાવો કરીએ તો પણ આવા લોકશ્રધ્ધા કે આસ્થાના કેન્દ્રો ઉપર હુમલો કે તોડવાનો પ્રયત્ન થાય તેની સાથે કોઈ સંમત થઈ શકે નહીં. રાજયના વિધાનસભા ગૃહની અંદર પાલીતાણાના જૈન મંદિરની તસવીર હતી એમ નહીં, પરંતુ ગુજરાત અને દેશની પ્રજાની આસ્થા અને શ્રધ્ધાના કેન્દ્રનું પ્રતિક હતું, તેના પર જેમણે પણ હુમલો કર્યો હોય તેઓએ માફી માગવી જોઈએ તેવી અપીલ કરી, આ તસવીરોને સાચવવાની જવાબદારી તેઓશ્રીની છે તેમ જણાવી આ તકે ગુજરાતની પ્રજાના દુઃખમાં સહભાગી બની માફી માગું છું એમ પણ જણાવ્યું.

**૬. માગણીઓ પર ચર્ચા અને મતદાન (બીજો દિવસ)**

મંત્રી પરિષદને લગતી સેવા અંગેની સામાન્ય વહીવટ વિભાગની માગણી ક્રમાંકઃ૩૦, ચૂંટણીને લગતી સેવા અંગેની સામાન્ય વહીવટ વિભાગની માગણી ક્રમાંકઃ૩૧ તેમજ સામાન્ય વહીવટ વિભાગને લગતી સેવા અંગેની સામાન્ય વહીવટ વિભાગની માગણી ક્રમાંકઃ૩૩, સામાન્ય વહીવટ વિભાગને લગતું અન્ય ખર્ચને લગતી સેવા અંગેની સામાન્ય વહીવટ વિભાગની માગણી ક્રમાંકઃ૩૫ માનનીય સામાન્ય વહીવટ વિભાગનો હવાલો ધરાવતા નાણા મંત્રીશ્રી વજુભાઈ વાળાએ તેમજ માહિતી અને પ્રચારને લગતી સેવા અંગેની માહિતી અને પ્રસારણ વિભાગની માગણી ક્રમાંકઃ૫૪ વિજ્ઞાન અને પ્રાધૌગિકી વિભાગને લગતી સેવા અંગેની વિજ્ઞાન અને પ્રાધૌગિકી વિભાગની માગણી ક્રમાંકઃ૮૯ માનનીય માહિતી અને પ્રસારણ, વિજ્ઞાન અને પ્રાધૌગિક મંત્રીશ્રી જયનારાયણભાઈ વ્યાસે રજૂ કરી.

આ માગણીઓ ઉપરની કાપ દરખાસ્તો પ્રભારી સભ્યશ્રીઓ ગૃહમાં ઉપસ્થિત ન હોવાથી કાપ દરખાસ્તો રજૂ થઈ શકી નહીં.

ત્યારબાદ માગણીઓ પર ચર્ચા શરૂ થઈ અને પાંચ સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

**૭. પોઈન્ટ ઓફ ઓર્ડર**

(૧) વિરામ બાદ સભાગૃહની બેઠક શરૂ થતાં જ સભ્યશ્રી શંકરભાઈ ચૌધરીએ શુક્રવારના રોજ વિપક્ષના સભ્યશ્રીઓ ધ્વારા યુવાનો પર થયેલા હુમલાના કારણે તેમજ ટી.વી.ની વિગતો જોઈ સભાગૃહની કાર્યવાહી જોવા આવતાં પ્રજાજનો ગભરાય છે, આથી આવું કૃત્ય કરનારની સામે પગલાં લેવાની માગણી કરતો પોઈન્ટ ઓફ ઓર્ડરનો મુદ્દો ઉપસ્થિત કરી માનનીય અધ્યક્ષશ્રીનું ધ્યાન દોર્યુ. પ્રસ્તુત મુદ્દામાં સભ્યશ્રી જયંતિભાઈ ભાનુશાળીએ પોતાનું મંતવ્ય વ્યકત કર્યું.

માનનીય અધ્યક્ષશ્રીએ, આ બનાવ દુઃખદ છે. લોકશાહી અંદરથી ઉભી થવી જોઈએ, બહારથી લાદી શકાતી નથી, એમ જણાવ્યું.

(૨) સભ્યશ્રી પ્રફુલ્લભાઈ પટેલે, છેલ્લા ત્રણ દિવસના વિપક્ષના સભ્યશ્રીઓના વર્તન બાબતે તેમજ વિપક્ષના નેતાશ્રીએ માનનીય અધ્યક્ષશ્રીની સામે પીઠ ફેરવી ઉભા રહી સભાગૃહનું અવમાન કરેલ છે તેથી આવું કૃત્ય અને વર્તન કરનરા સૌ સભ્યોની સામે શિક્ષાત્મક પગલાં લેવાની માગણી કરતો પોઈન્ટ ઓફ ઓર્ડરનો મુદ્દો ઉપસ્થિત કરી માનનીય અધ્યક્ષશ્રીનું માર્ગદર્શન માગ્યું.

માનનીય અધ્યક્ષશ્રીએ, સૌ સભ્યશ્રીઓએ અધ્યક્ષના પદની ગરીમા જાળવવી એ સૌની જવાબદારી છે, લોકશાહીમાં લોક પ્રતિનિધિઓએ વિવેક અને સહિષ્ણુતા રાખી અધ્યક્ષના પદનો આદર કરવો જોઈએ. અધ્યક્ષ સામે પીઠ રાખીને ઉભા રહેવું તે અધ્યક્ષ અને સભાગૃહના અનાદર સમાન છે. લોકશાહી અંદરથી આવે છે બહારથી લાદી શકાતી નથી, એમ પણ જણાવ્યું.

**૮. માગણીઓ પર ચર્ચા અને મતદાન (બીજો દિવસ) (ક્રમશઃ)**

ત્યારબાદ વધુ ત્રણ સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

ચર્ચાનો જવાબ સામાન્ય વહીવટ વિભાગનો હવાલો ધરાવતા નાણા માનનીય મંત્રી શ્રી વજુભાઈ વાળાએ અને માહિતી અને પ્રસારણ, વિજ્ઞાન અને પ્રાધૌગિકી મંત્રી શ્રી જયનારાયણભાઈ વ્યાસે આપ્યો.

ત્યારબાદ, માગણી ક્રમાંકઃ ૩૦, ૩૧, ૩૩, ૩૫, ૫૪ અને ૮૯ મત ઉપર મૂકવામાં આવી અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

<u>**મંગળવાર, તા.૧૪મી જુલાઈ, ૨૦૦૯**</u>

**૧. પ્રશ્નો પૂછવામાં આવ્યા અને તેના જવાબ આપવામાં આવ્યા.**

**૨. તાકીદની જાહેર અગત્યની બાબત પર ધ્યાન દોરવા બાબત (નિયમ–૧૧૬)**

"તાજેતરમાં ચક્રવાતી વાવાઝોડાના કારણે ભરૂચ જિલ્લાના ઝઘડિયા તાલુકાના ગામોમાં ૬૫૦૦ એકર જમીનમાં કેળના ઉભા પાકને પારાવાર નુકશાન થયેલ છે. કેળના વૃક્ષો જમીન દોસ્ત થઈ ગયાં છે. આ પાકને બચાવવાની શકયતા નહીવત છે, જેથી ખેડૂતોને પાયમાલ થઈ ગયા છે. પાક ઉપરાંત મકાનોના છાપરા પણ ઉડી જવાથી મકાનોને ભારે નુકશાન થયું છે, ત્યારે આ વાવાઝોડાથી થયેલ નુકશાન સામે અસરગ્રસ્તોને સહાય આપવા અંગેની" નિયમ–૧૧૬ની તાકીદની જાહેર અગત્યની બાબતના પ્રભારી સભ્યશ્રી કિરણકુમાર મકવાણા સભાગૃહમાં ઉપસ્થિત ન હોવાથી આ બાબત હાથ ધરી શકાઈ નહીં.

**૩. માનનીય અધ્યક્ષશ્રીની જાહેરાત**

માનનીય અધ્યક્ષશ્રીએ, આજે સવારે ૧૧.૦૦ કલાકે વિપક્ષના અને શાસકપક્ષના આગેવાનો વચ્ચે સમન્વય સાધવા માટે એક બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું અને બન્ને પક્ષો વચ્ચે જુદા જુદા મુદ્દાઓ ઉપર ચર્ચાઓ થઈ હતી, પરંતુ તેમાં સમન્વય સધાયો ન હતો, આ બાબતથી સભાગૃહને વાકેફ કરવા અંગેની જાહેરાત કરી.

**૪. વિધાનસભાની સમિતિના અહેવાલની રજૂઆત**

સભાગૃહની બેઠકોમાંથી સભ્યોની ગેરહાજરી બાબતની સમિતિના પ્રમુખશ્રી જીતેન્દ્રભાઈ સુખડિયાએ સમિતિનો ત્રીજો અહેવાલ રજૂ કર્યો.

**૫. સભાગૃહની બેઠકોમાંથી સભ્યોની ગેરહાજરી બાબતની સમિતિના પ્રમુખશ્રીનો પ્રસ્તાવ**

સભાગૃહની બેઠકોમાંથી સભ્યોની ગેરહાજરી બાબતની સમિતિના પ્રમુખશ્રીએ પ્રસ્તાવ રજૂ કર્યો કે–

"આ સભાગૃહ, સભાગૃહની બેઠકોમાંથી સભ્યોની ગેરહાજરી બાબતની સમિતિના ત્રીજા અહેવાલ સાથે સંમત થાય."

**પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યો અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.**

**૬. માગણીઓ પર ચર્ચા અને મતદાન (ત્રીજો દિવસ)**

કાયદા વિભાગને લગતી સેવા અંગેની કાયદા વિભાગની માગણી ક્રમાંકઃ૫૯ માનનીય રાજયકક્ષાના કાયદા મંત્રીશ્રી અમિતભાઈ શાહે, નર્મદા વિકાસ યોજનાને લગતી સેવા અંગેની નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગની માગણી ક્રમાંકઃ ૬૫, સિંચાઈ અને ભૂમિ સંરક્ષણને લગતી સેવા અંગેની નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગની માગણી ક્રમાંકઃ૬૬, પાણી પુરવઠાને લગતી સેવા અંગેની નર્મદા, જળસંપત્તિ,

પાણી પુરવઠા અને કલ્પસર વિભાગની માગણી ક્રમાંકઃ૬૭ તેમજ નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગને લગતું અન્ય ખર્ચને લગતી સેવા અંગેની નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગની માગણી ક્રમાંકઃ૬૮ માનનીય નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર મંત્રીશ્રી નીતિનભાઈ પટેલે રજૂ કરી.

આ માગણી ઉપરની કાપ દરખાસ્તોના પ્રભારી સભ્યશ્રીઓ સભાગૃહમાં ઉપસ્થિત ન હોવાથી આ કાપ દરખાસ્તો રજૂ થઈ શકી નહીં.

ઉપરોક્ત રજૂ થયેલી માગણીઓ પર ચર્ચા શરૂ થઈ અને તેમાં અગિયાર સભ્યશ્રીઓએ ભાગ લીધો.

ત્યારબાદ ચર્ચાનો જવાબ માનનીય રાજયકક્ષાના કાયદા મંત્રીશ્રી અમિતભાઈ શાહ અને નર્મદા, જળસંપતિ, પાણી પુરવઠા અને કલ્પસર મંત્રીશ્રી નીતિનભાઈ પટેલે આપ્યો.

ત્યારબાદ, માગણી ક્રમાંકઃ ૫૯, ૬૫, ૬૬, ૬૭ અને ૬૮ મત ઉપર મૂકવામાં આવી અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

**૭. વિશેષાધિકાર ભંગનો મુદ્દો**

માનનીય સંસદીય બાબતોના મંત્રીશ્રી અમિતભાઈ શાહે, જયારે સભાગૃહનું સત્ર ચાલતું હોય ત્યારે ગૃહની ચર્ચાઓમાં ભાગ લેવાના બદલે આજરોજ વિરોધપક્ષના સભ્યશ્રીઓએ વિધાનસભા બીલ્ડીંગના ચોથા માળે સમાંતર વિધાનસભાનું આયોજન કર્યું છે જે ઔચિત્યભંગ સમાન છે એમ જણાવી વિશેષાધિકાર ભંગનો મુદ્દો ઉપસ્થિત કરી માનનીય અધ્યક્ષશ્રીનું માર્ગદર્શન માગતો પ્રસ્તાવ રજૂ કર્યો.

માનનીય અધ્યક્ષશ્રીએ, અગાઉના અધ્યક્ષશ્રીઓના અગત્યના નિર્ણયો ટાંકી વિશેષાધિકાર ભંગની આ બાબત નિયમ–૨૬૩ હેઠળ વિશેષાધિકાર સમિતિને સોંપી.

## <u>બુધવાર, તા.૧૫મી જુલાઈ, ૨૦૦૯.</u>

**૧. પ્રશ્નો પૂછવામાં આવ્યા અને તેના જવાબ આપવામાં આવ્યા.**

**૨. નીચેના કાગળો સભાગૃહના મેજ ઉપર મૂકાયા.**

(૧) ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડનો સન ૨૦૦૮–૨૦૦૯નો વાર્ષિક અહેવાલ,

(૨) ગુજરાત રાજય વન વિકાસ નિગમ લિમિટેડનો સન ૨૦૦૭–૨૦૦૮નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તથા આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મુકવામાં થયેલા વિલંબ અંગેના કારણો સમજાવતું નિવેદન,

(૩) ગુજરાત ખેત ઉદ્યોગ નિગમ લિમિટેડનો સન ૨૦૦૭– ૨૦૦૮નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તથા આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો સમજાવતું નિવેદન,

(૪) ગુજરાત રાજય બીજ નિગમ લિમિટેડનો સન ૨૦૦૭–૨૦૦૮નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તથા આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મુકવામાં થયેલા વિલંબ અંગેના કારણો સમજાવતું નિવેદન,

(૫) સ્પોર્ટસ ઓથોરિટી ઓફ ગુજરાતનો સન ૨૦૦૮–૨૦૦૯નો વાર્ષિક વહીવટી અહેવાલ,

(૬) ગુજરાત રાજય હાથશાળ અને હસ્તકલા વિકાસ નિગમ લિમિટેડનો સન ૨૦૦૬–૨૦૦૭નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તથા આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મુકવામાં થયેલા વિલંબ અંગેના કારણો સમજાવતું નિવેદન,

(૭) ગુજરાત રાજય માર્ગ વાહનવ્યવહાર નિગમનો સન ૨૦૦૬–૨૦૦૭નો વાર્ષિક હિસાબ અને ઓડિટ અહેવાલ તથા આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલ વિલંબ અંગેના કારણો સમજાવતું નિવેદન,

(૮) શિક્ષણ વિભાગની–

(અ) સન–૨૦૦૭ના ગુજરાત વ્યાવસાયિક ટેકનિકલ શૈક્ષણિક કોલેજો અથવા સંસ્થાઓ (પ્રવેશ નિયમન અને ફી નિર્ધારણ) અધિનિયમ અન્વયેની–

(૧) તા.૫–૫–૦૯ની અધિસૂચના ક્રમાંકઃ જીએચ /એસએચ /૦૫– ૨૦૦૯/ પીવીએસ/ ૧૦૨૦૦૮/ ૧૬૪૧/એસ

(૨) તા.૬–૫–૦૯ની અધિસૂચના ક્રમાંકઃ જીએચ/એસએચ /૦૬ –૨૦૦૯/ પીવીએસ/ ૧૦૨૦૦૮/ ૬૩૧/એસ

(૩) તા.૬–૫–૨૦૦૯ની અધિસૂચના ક્રમાંકઃ જીએચ/ એસએચ/ ૦૭–૨૦૦૯/ પીવીએસ/૧૦૨૦૮ / ૬૩૨/એસ

(૪) તા.૧૪–૫–૨૦૦૯ની અધિસૂચના ક્રમાંકઃ જીએચ/ એસએચ/ ૦૮–૨૦૦૯/ પીવીએસ/૧૦૨૦૦૯/ ૧૦૬૪/એસ

(૫) તા.૧૪–૫–૨૦૦૯ની અધિસૂચના ક્રમાંકઃ જીએચ/ એસએચ/ ૦૯–૨૦૦૯/ પીવીએસ/૧૦૨૦૦૯/ ૧૦૬૨/એસ

(૬) તા.૨૯–૫–૨૦૦૯ની અધિસૂચના ક્રમાંકઃ જીએચ/એસએચ/ ૧૨–૨૦૦૯/ પીવીએસ/૧૦૨૦૦૮/ ૧૪૬૫/એસ

(૭) તા.૨૯–૫–૨૦૦૯ની અધિસૂચના ક્રમાંકઃ જીએચ/ એસએચ/ ૧૩–૨૦૦૯/ એમબીએ/૧૦૨૦૦૮/ ૬૩૩/એસ

(૮) તા.૨૯–૫–૨૦૦૯ની અધિસૂચના ક્રમાંકઃ જીએચ/ એસએચ/ ૧૪–૨૦૦૯/ એમસીએ/૧૦૨૦૦૮/ ૬૩૩/એસ

(બ) સન–૨૦૦૭ના ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી અધિનિયમ અન્વયેની–

(૧) તા.૨–૩–૨૦૦૯ની અધિસૂચના ક્રમાંકઃ જીએચ/ એસએચ/ ૩–૨૦૦૯/ જીટીયુ/ ૧૦૨૦૦૮/ ૧૨૧૧/ એસ

(૨) તા.૨૬–૫–૨૦૦૯ની અધિસૂચના ક્રમાંકઃ જીએચ/ એસએચ/ ૧૦–૨૦૦૯/ જીટીયુ/ ૧૦૨૦૦૮ / ૯૬૦/ એસ

(૯) આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગની સન ૨૦૦૭ના ગુજરાત વ્યવસાયિક તબીબી શૈક્ષણિક કોલેજો અથવા સંસ્થાઓ (પ્રવેશ નિયમન અને ફી નિર્ધારણ) અધિનિયમ અન્વયેની તા.૧૬–૭–૨૦૦૮ની અધિસૂચના ક્રમાંક– જીપી– એનએસજીના ૨૧– ૧૦૨૦૦૮– એસએફએસ– ૭૬–ઈ

(૧૦) ઉદ્યોગ અને ખાણ વિભાગની–

સન ૨૦૦૯ના ગુજરાત ખાસ મૂડી રોકાણ અધિનિયમ અન્વયેની–

(૧) તા. ૯–૬–૨૦૦૯ની અધિસૂચના ક્રમાંક– જીએચયુ–૧૭/ એસઆઈઆર/ ૧૧૨૦૦૯/ ૧૦૧૪૯૨/ આઈ

(૨) તા.૨૨–૫–૨૦૦૯ની અધિસૂચના ક્રમાંક– જીએચયુ –૧૪/ એસઆઈઆર/ ૧૧૨૦૦૯/ ૨૫૩(૧)/ આઈ

**૩. માનનીય અધ્યક્ષશ્રીની જાહેરાત**

(૧) માનનીય અધ્યક્ષશ્રીએ, સન ૨૦૦૩ના વિધેયક ક્રમાંકઃ૩૦ સન ૨૦૦૩ના ગુજરાત સંગઠિત ગુના નિયંત્રણ વિધેયક ઉપર પુનઃ વિચારણા કરવા માટેના રાષ્ટ્રપતિશ્રીના સંદેશાની ગૃહમાં વાંચીને જાહેરાત કરી.

(૨) માનનીય અધ્યક્ષશ્રીએ, તા.૩જી જૂલાઈ, ૨૦૦૯ના રોજની પ્રશ્નોત્તરી દરમ્યાન માનનીય આરોગ્ય મંત્રીશ્રીએ કેન્દ્ર સરકાર અંગે બોલેલા શબ્દો વિધાનસભાના નિયમ–૩૬(૧)(૨) અન્વયે સભાગૃહની કાર્યવાહીમાંથી દૂર કરવા અંગેની જાહેરાત કરી.

**૪. વિધાનસભાની સમિતિના અહેવાલની રજૂઆત**

બિન–સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિના સભ્યશ્રી પ્રફૂલ્લભાઈ પટેલે સમિતિનો પાંચમો અહેવાલ રજૂ કર્યો.

**૫. બિન–સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિના સભ્યશ્રીનો પ્રસ્તાવ.**

બિન–સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિના સભ્યશ્રી પ્રફૂલ્લભાઈ પટેલે નીચેનો પ્રસ્તાવ રજૂ કર્યો,

"આ સભાગૃહ, બિન–સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિના પાંચમા અહેવાલ સાથે સંમત થાય."

**પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યો અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.**

**૬. માગણીઓ પર ચર્ચા અને મતદાન (ચોથો દિવસ)**

નાગરિક પુરવઠાને લગતી સેવા અંગેની અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોના વિભાગની માગણી ક્રમાંકઃ૨૨ અને અન્નને લગતી સેવા અંગેની અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોના વિભાગની માગણી ક્રમાંકઃ૨૩ માનનીય અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોના મંત્રીશ્રી નરોતમભાઈ પટેલે તેમજ શ્રમ અને રોજગાર વિભાગને લગતી સેવા અંગેની શ્રમ અને રોજગાર વિભાગની માગણી ક્રમાંકઃ ૫૬, શ્રમ અને રોજગારને લગતી સેવા અંગેની માગણી ક્રમાંકઃ ૫૭ માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી વજુભાઈ વાળાએ રજૂ કરી.

આ માગણી ઉપરની કાપ દરખાસ્તોના પ્રભારી સભ્યશ્રીઓ સભાગૃહમાં ઉપસ્થિત ન હોવાથી કાપ દરખાસ્તો રજૂ થઈ શકી નહીં.

ત્યારબાદ, આઠ સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

**૭. માનનીય અધ્યક્ષશ્રીની પૂર્વ મંજૂરીથી ઉપસ્થિત કરવામાં આવેલ અગત્યનો મુદ્દો**

સભ્યશ્રી પ્રદિપસિંહ જાડેજાએ, વિરોધપક્ષના સભ્યશ્રીઓએ નામદાર રાજયપાલશ્રી તથા ગુજરાતની પજા સમક્ષ એવી જાહેરાત કરી છે કે, "તેઓએ વિધાનસભાનો બહિષ્કાર કર્યો છે" ગૃહમાં હાજર હોવા છતાં પણ સભાગૃહના હાજરીપત્રકમાં કેટલાક સભ્યશ્રીઓએ ભથ્થા લેવા માટે સહીઓ કરી છે. નૈતિકતાની દૃષ્ટિએ પણ ભથ્થાં

ન લેવાં જોઈએ  અને "નો વર્ક નો પે"ની નીતિ આ સભ્યશ્રીઓ સામે અપનાવવી જોઈએ,  તે મતલબનો માનનીય અધ્યક્ષશ્રીની પૂર્વ મંજૂરીથી મુદ્દો ઉપસ્થિત કરી માનનીય અધ્યક્ષશ્રીનું માર્ગદર્શન માગ્યું.

માનનીય અધ્યક્ષશ્રીએ, સભાગૃહમાં ઉપસ્થિત ન હોવા છતાં તા.૧૩મીએ ૨૪  અને ૧૪મીના રોજ વિરોધપક્ષના કેટલાક સભ્યશ્રીઓએ સહીઓ કરી છે. પરંતુ તેઓએ સભાગૃહમાં હાજરી આપી નથી જો કે, ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ–૨૭૯ મુજબ આ સભ્યશ્રીઓએ હાજરીપત્રકમાં સહી કરી હોવાથી ભથ્થા મેળવવાને પાત્ર થાય છે. પ્રજા સમક્ષ જાહેરમાં સભાગૃહનો બહિષ્કાર  કર્યો છે એમ નિવેદન કર્યા બાદ વિપક્ષના સભ્યશ્રીઓને નૈતિકતાનાં બંધન હોવાં જોઈએ. સભ્યશ્રી પ્રદિપસિંહની 'નો વર્ક નો પે'ના મુદ્દા બાબતમાં વિધાનસભાની નિયમો માટેની સમિતિ આ મુદ્દે યોગ્ય નિર્ણય લેશે તેવી સ્પષ્ટતા કરી હતી. પ્રવર્તમાન નિયમ ૨૭૯ની જોગવાઈ મુજબ સહી કરનાર વિપક્ષના સભ્યશ્રીઓને ભથ્થાં ચૂકવવાનાં થશે એમ તેમણે ઉમેર્યુ હતું.

**૮. માગણીઓ પર ચર્ચા અને મતદાન (ચોથો દિવસ) (ક્રમશઃ)**

ત્યારબાદ વધુ બે સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

ચર્ચાનો જવાબ માનનીય અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોના મંત્રીશ્રી નરોત્તમભાઈ પટેલ તેમજ માનનીય  શ્રમ અને રોજગાર મંત્રીશ્રી વજુભાઈ વાળાએ આપ્યો.

ત્યારબાદ માગણી ક્રમાંકઃ  ૨૨, ૨૩, ૫૬ અને ૫૭ મત માટે મૂકવામાં આવી અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

## <u>ગુરૂવાર, તા.૧૬મી જુલાઈ, ૨૦૦૯</u>

**૧. પ્રશ્નો પૂછવામાં આવ્યા અને તેના જવાબ આપવામાં આવ્યા**

**૨. માગણીઓ પર ચર્ચા અને મતદાન (પાંચમો દિવસ)**

તબીબી અને જાહેર આરોગ્યને લગતી સેવા અંગેની આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગની માગણી ક્રમાંકઃ૩૯, પરિવાર કલ્યાણને લગતી સેવા અંગેની  આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગની માગણી ક્રમાંકઃ૪૦ માનનીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી જયનારાયણભાઈ વ્યાસે તેમજ શહેરી ગૃહ નિર્માણને લગતી સેવા અંગેની શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગની માગણી ક્રમાંકઃ૧૦૧, શહેરી વિકાસને લગતી સેવા અંગેની શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગની માગણી ક્રમાંકઃ ૧૦૨ માનનીય શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ મંત્રીશ્રી નીતિનભાઈ પટેલે રજૂ કરી.

આ માગણી ઉપરની કાપ દરખાસ્તોના પ્રભારી સભ્યશ્રીઓ સભાગૃહમાં ઉપસ્થિત ન હોવાથી આ કાપ દરખાસ્તો રજૂ થઈ શકી નહીં.

ત્યારબાદ, માગણીઓ પર ચર્ચા શરૂ થઈ અને કુલ નવ  સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

ચર્ચાનો જવાબ માનનીય આરોગ્ય મંત્રીશ્રી જયનારાયણભાઈ વ્યાસ અને શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ મંત્રીશ્રી નીતિનભાઈ પટેલે આપ્યો.

ત્યારબાદ માગણી ક્રમાંકઃ૩૯, ૪૦, ૧૦૧ અને ૧૦૨ મત માટે મૂકવામાં આવી અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

**૩. કામકાજ સલાહકાર સમિતિના અહેવાલની રજૂઆત**

માનનીય અધ્યક્ષશ્રીએ, કામકાજ સલાહકાર સમિતિનો આઠમો અહેવાલ વાંચીને રજૂ કર્યો.

**૪. માનનીય સંસદીય બાબતોના મંત્રીશ્રીનો પ્રસ્તાવ**

માનનીય સંસદીય બાબતોના મંત્રીશ્રી અમિતભાઈ શાહે પ્રસ્તાવ રજૂ કર્યો કે,–

"આ સભાગૃહ, કામકાજ સલાહકાર સમિતિના આઠમા અહેવાલ સાથે સંમત થાય."

**પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યો અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.**

**૫. બિન સરકારી વિધેયકો**

(ક) દાખલ કરવાના બિન–સરકારી વિધેયકો

(૧) સભ્યશ્રી પ્રદિપસિંહ જાડેજાએ, સન ૨૦૦૯નું ગુજરાત રાજ્ય રમતવીર પ્રોત્સાહન વિધેયક સભાગૃહની અનુમતિથી દાખલ કર્યું.

(૨) સભ્યશ્રી શંકરભાઈ ચૌધરીએ, સન ૨૦૦૯નું ગુજરાત જાહેર ખબર (ખોટી અને ગેરમાર્ગે દોરનારી રજૂઆત પર પ્રતિબંધ) વિધેયક સભાગૃહની અનુમતિથી દાખલ કર્યું.

(ખ) પહેલા, બીજા અને ત્રીજા વાચન માટેના બિન–સરકારી વિધેયકો

(૧) સભ્યશ્રી શંકરભાઈ ચૌધરીએ, સન ૨૦૦૮નું વિધેયક ક્રમાકઃ ૧૮ સન–૨૦૦૮નું ગુજરાત બિન–નાશવંત કચરો (નિયંત્રણ) વિધેયકના પ્રથમ વાચનનો પ્રસ્તાવ રજૂ કર્યો અને તેના સમર્થનમાં પોતાનું મંતવ્ય વ્યકત કર્યુ.

ત્યારબાદ એક મંત્રીશ્રી અને બે સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

ચર્ચાનો જવાબ સભ્યશ્રી શંકરભાઈ ચૌધરીએ આપ્યો.

ત્યારબાદ વિધેયક સભાગૃહની અનુમતિથી પાછું ખેંચી લેવામાં આવ્યું.

(૨) સન ૨૦૦૮નું વિધેયક ક્રમાકઃ ૭ સન–૨૦૦૮નું ગુજરાત અશ્લીલ જાહેર ખબર, ફોટોગ્રાફ અને પોસ્ટર પ્રતિબંધ વિધેયકના પ્રભારી સભ્ય શ્રીમતી વિભાવરીબેન દવે સભાગૃહમાં ઉપસ્થિત ન હોવાથી આ વિધેયક હાથ ધરી શકાયું નહી.

(૩) સન ૨૦૦૮નું વિધેયક ક્રમાકઃ૮ સન–૨૦૦૮નું ગુજરાત ભુંડ સંરક્ષણ અને વસ્તી નિયંત્રણ વિધેયકના પ્રભારી સભ્યશ્રી ગોવિંદભાઈ પ્રજાપતિ સભાગૃહમાં ઉપસ્થિત ન હોવાથી આ વિધેયક હાથ ધરી શકાયું નહીં.

(૪) સન ૨૦૦૯નું વિધેયક ક્રમાકઃ૬ સન–૨૦૦૮નું ગુજરાત રાજય સફાઈ કર્મચારી આયોગ વિધેયકના પ્રભારી સભ્યશ્રી અર્જુનભાઈ દે. મોઢવાડિયા સભાગૃહમાં ઉપસ્થિત ન હોવાથી આ વિધેયક હાથ ધરી શકાયું નહી.

**<u>શુક્રવાર, તા.૧૭મી જુલાઈ, ૨૦૦૯</u>**

**૧. પ્રશ્નો પૂછવામાં આવ્યા અને તેના જવાબ આપવામાં આવ્યા.**

**૨. અધ્યક્ષશ્રીની પૂર્વ મંજૂરીથી ઉપસ્થિત કરવામાં આવેલ અગત્યનો મુદ્દો**

માનનીય સંસદીય બાબતોના મંત્રીશ્રી અમિતભાઈ શાહે, માનનીય વિરોધપક્ષના નેતાશ્રીએ કામકાજ સલાહકાર સમિતિની બેઠકમાં તેમની અનુપસ્થિતિ બાબતનો અધ્યક્ષશ્રીને ઉદ્દેશીને લખેલ પત્ર પ્રેસમાં વહેંચીને ઔચિત્યનો ભંગ કર્યો છે. કામકાજ સલાહકાર સમિતિના સભ્ય તરીકે અને વિપક્ષના નેતા તરીકે પણ અધ્યક્ષશ્રી સાથે થયેલ પત્રવ્યવહાર અને તેના મુદ્દા પ્રેસમાં આપવા એ આપણી પરંપરાઓની વિરૂધ્ધ છે. આ બાબતમાં વિધાનસભાના નિયમો, પરંપરાઓ, અગાઉ બનેલી ઘટનાઓના સંદર્ભે માનનીય અધ્યક્ષશ્રીનું માર્ગદર્શન માગતો મુદ્દો ઉપસ્થિત કર્યો.

માનનીય અધ્યક્ષશ્રીએ, માનનીય વિરોધપક્ષના નેતાશ્રીએ ૧૬.૭.૨૦૦૯ના રોજ કામકાજ સલાહકાર સમિતિની બેઠક બોલાવવા બાબતમાં તેઓશ્રીને ઉદ્દેશીને લખેલ પત્ર તેઓશ્રીને મળે તે પહેલાં કેટલાક પત્રકારોએ તે પત્ર અધ્યક્ષશ્રીને બતાવ્યો હતો. આપણે ત્યાં સામાન્ય શિરસ્તો અને ઔચિત્ય એ રહયું છે કે, જે પત્રવ્યવહાર અધ્યક્ષ અને સભ્યશ્રી વચ્ચેનો થાય તે પ્રેસને અપાતો નથી, તે ઔચિત્ય પણ નથી અને અરૂચિકર પણ છે. આપણે ત્યાં એક

શિરસ્તો અને પરંપરા રહી છે કે કામકાજ સલાહકાર સમિતિ સહિતની બધી જ સમિતિઓમાં જે કાંઈ કાર્યવાહી થાય તે પ્રેસથી ગુપ્ત રાખવી. માનનીય વિરોધપક્ષના નેતાશ્રીએ પત્રનો પ્રત્યત્તર પણ તા.૧૬.૭.૨૦૦૯ના રોજ આપ્યો છે એનો અર્થ એ જ કે તે દિવસે તેઓશ્રી ગાંધીનગરમાં જ હતા.

માનનીય વિપક્ષના નેતાશ્રીએ તેમના પત્રમાં બે મુદ્દા ઉપસ્થિત કર્યા છે કે સામાન્ય રીતે કામકાજ સલાહકાર સમિતિની બેઠક બુધવારે જ યોજવાનો શિરસ્તો છે અને તેમનો બીજો મુદ્દો એ છે કે, સભાગૃહ ટૂંકાવવા માટે આ બેઠક બોલાવવામાં આવી હતી. હકીકતમાં ૮, ૯, ૧૦ અને ૧૧ મી વિધાનસભાની કામકાજ સલાહકાર સમિતિની બેઠકો બાબતની કાર્યવાહી ચકાસતાં મોટા ભાગે આ સમિતિની બેઠકો બુધવાર સિવાયના દિવસોએ મળી છે. એટલે આવો કોઈ શિરસ્તો હોવાની બાબતને સમર્થન મળતું નથી. આ મિટીંગની જાણ કરતો પત્ર સામાન્ય રીતે વિપક્ષના નેતાશ્રીના કાર્યાલયને મોકલવામાં આવે છે, પરંતુ આ વખતના સંજોગો અને પરિસ્થિતિ જોતાં પત્ર મોકલવા ઉપરાંત આ મિટીંગની જાણ એસ.એમ.એસ. ધ્વારા પણ તેઓશ્રીને કરવામાં આવી છે. કામકાજ સલાહકાર સમિતિ જેવી અગત્યની સમિતિની બેઠકમાં વિપક્ષના નેતાશ્રી સહિતના સૌ સભ્યશ્રીઓએ સમયની અનુકૂળતા કરીને હાજર રહેવું જોઈએ, સભાગૃહ ટૂંકાવવવાનો જે મુદ્દો પત્રમાં છે તે સંબંધમાં જણાવવાનું કે, ગઈ કાલે કામકાજ સલાહકાર સમિતિનો અહેવાલ સભાગૃહમાં રજૂ થયો છે તેમાં સભાગૃહ ટૂંકાવવામાં નથી આવ્યું પણ લંબાવવામાં આવેલ છે.

વધુમાં માનનીય અધ્યક્ષશ્રીએ વિપક્ષના નેતાશ્રીને વિનંતી પણ કરી કે, માનનીય વિરોધપક્ષના નેતાશ્રીએ જે કાંઈ કહેવું હોય તે કામકાજ સલાહકાર સમિતિની બેઠકમાં ઉપસ્થિત રહીને તેઓશ્રીને કહે, માધ્યમો ધ્વારા ન કહે તે જ ઉચિત ગણાશે.

**૩. માગણીઓ પર ચર્ચા અને મતદાન (છઠ્ઠો દિવસ)**

પોલીસ સેવાને લગતી સેવા અંગેની ગૃહ વિભાગની માગણી ક્રમાંકઃ૪૩, જેલને લગતી સેવા અંગેની ગૃહ વિભાગની માગણી ક્રમાંકઃ૪૪, પરિવહનને લગતી સેવા અંગેની બંદરો અને વાહનવ્યવહાર વિભાગની માગણી ક્રમાંકઃ ૭૪, માનનીય રાજયકક્ષાના ગૃહ, બંદરો અને વાહનવ્યવહાર મંત્રીશ્રી અમિતભાઈ શાહે, બંદરો અને વાહન વ્યવહારને લગતું અન્ય ખર્ચને લગતી સેવા અંગેની બંદરો અને વાહનવ્યવહાર વિભાગની માગણી ક્રમાંકઃ૭૫, માનનીય બંદર વિભાગના મંત્રીશ્રી જયનારાયણભાઈ વ્યાસે તેમજ શિક્ષણ વિભાગને લગતી સેવા અંગેની શિક્ષણ વિભાગની માગણી ક્રમાંકઃ૮, શિક્ષણને લગતી સેવા અંગેની શિક્ષણ વિભાગની માગણી ક્રમાકઃ૯ માનનીય શિક્ષણ મંત્રીશ્રી રમણલાલ વોરાએ રજૂ કરી.

માગણી ઉપરની કાપ દરખાસ્તોના પ્રભારી સભ્યશ્રીઓ સભાગૃહમાં ઉપસ્થિત ન હોવાથી આ કાપ દરખાસ્તો રજૂ થઈ શકી નહીં.

ત્યારબાદ, રજૂ થયેલી માગણીઓ પર ચર્ચા શરૂ થઈ અને કુલ બાર સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો. ચર્ચાનો જવાબ માનનીય રાજયકક્ષાના ગૃહ અને વાહનવ્યવહાર મંત્રીશ્રી અમિતભાઈ શાહ, માનનીય બંદર વિભાગના મંત્રી જયનારાયણભાઈ વ્યાસ તેમજ માનનીય શિક્ષણ મંત્રી રમણલાલ વોરાએ આપ્યો.

ત્યારબાદ માગણી ક્રમાંકઃ ૪૩, ૪૪, ૭૪, ૭૫, ૮ અને ૯ મત માટે મૂકવામાં આવી અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

**<u>સોમવાર, તા.૨૦મી જુલાઈ,૨૦૦૯</u>**

**૧. પ્રશ્નો પૂછવામાં આવ્યા અને તેના જવાબ આપવામાં આવ્યા.**

**૨. માનનીય અધ્યક્ષશ્રીની ટકોર**

માનનીય અધ્યક્ષશ્રીએ ટકોર કરતાં જણાવ્યું કે, આજની પ્રશ્નોત્તરીના પ્રશ્ન અગ્રતાક્રમ–૧૨ ના પ્રભારી સભ્યશ્રીની ગેરહાજરીમાં અન્ય સભ્યશ્રીઓને પ્રશ્ન પૂછવા માટે એટલા માટે એલાઉ નહોતા કર્યા કે, તારાંકિત પ્રશ્નોત્તરીમાં પ્રશ્ન પૂછનાર સભ્યશ્રીએ સભાગૃહમાં હાજર રહેવું જોઈએ, સામાન્યતઃ હાઉસ ઓફ કોમન્સ, લોકસભા કે અન્ય રાજયોની વિધાનસભાની અંદર પ્રશ્નોત્તરીનો કાળ એ જીવંત અને સભ્યશ્રીઓનો કાળ ગણવામાં આવ્યો છે ત્યારે પ્રોક્ષી ધ્વારા પ્રશ્ન પૂછાવવાનો પ્રયત્ન કરવો એ સંસદીય પ્રણાલિકા પ્રમાણે યોગ્ય નથી. આ પધ્ધતિને ઉત્તેજન આપી શકાય નહીં, કારણ કે પ્રશ્નનો જવાબ આપવા માટે રાજય સરકારને અગણિત ખર્ચ થાય છે. સૌ સભ્યશ્રીઓએ પોતાના વિસ્તારનો પ્રશ્ન પૂછયા પછી જવાબના દિવસે સભાગૃહમાં હાજર રહેવું જોઈએ.

**૩. તાકીદની જાહેર અગત્યની બાબત પર ધ્યાન દોરવા બાબત (નિયમ–૧૧૬)**

"તાજેતરમાં વડોદરા જિલ્લામાં ભારે વરસાદ અને વાવાઝોડાના કારણે કેળના પાકને ભારે નુકશાન થતાં, ખેડૂતોને ભારે આર્થિક નુકશાન થયેલ છે. વળી ગરીબ માનવીઓના મકાનો ઉપર વૃક્ષો પડવાથી મકાનોને પણ ભારે નુકશાન થયેલ છે. ત્યારે અસરગ્રસ્ત ખેડૂતો અને આમ જનતાને સહાય પૂરી પાડવા" અંગેની નિયમ–૧૧૬ અન્વયેની તાકીદની જાહેર અગત્યની બાબતના પ્રભારી સભ્યશ્રી ધીરૂભાઈ ભીલ સભાગૃહમાં ઉપસ્થિત ન હોવાથી આ બાબત હાથ ધરી શકાઈ નહીં.

**૪. નીચેનો કાગળ સભાગૃહના મેજ ઉપર મૂકાયો.**

તા.૬.૭.૨૦૦૯ના રોજ સભાગૃહમાં રજૂ થયેલા માનનીય સભ્ય પ્રો. વસુબેન ત્રિવેદીના "રાજયના પેટાપરાંઓનુ વિજળીકરણ" વિષયના તારાંકિત પ્રશ્ન ક્રમાંકઃ ૮૩૯૦(અગ્રતાક્રમ–૭)ના અનુસંધાને વધારાની માહિતી.

**૫. માગણીઓ પર ચર્ચા અને મતદાન (સાતમો દિવસ)**

રહેણાંકના મકાનોને લગતી સેવા અંગેની માર્ગ અને મકાન વિભાગની માગણી ક્રમાંકઃ ૮૫, માર્ગો અને પુલોને લગતી સેવા અંગેની માર્ગ અને મકાન વિભાગની માગણી ક્રમાંકઃ૮૬, ગુજરાત પાટનગર બાંધકામ યોજનાને લગતી સેવા અંગેની માર્ગ અને મકાન વિભાગની માગણી ક્રમાંકઃ૮૭, મહિલા અને બાળ વિકાસ વિભાગને લગતી સેવા અંગેની મહિલા અને બાળ વિકાસ વિભાગની માગણી ક્રમાંકઃ ૧૦૫ માનનીય માર્ગ અને મકાન તેમજ મહિલા અને બાળ વિકાસ મંત્રી શ્રીમતી આનંદીબેન પટેલે રજૂ કરી.

માગણી ઉપરની કાપ દરખાસ્તોના પ્રભારી સભ્યશ્રીઓ સભાગૃહમાં ઉપસ્થિત ન હોવાથી આ કાપ દરખાસ્તો રજૂ થઈ શકી નહીં.

ત્યારબાદ, માગણીઓ પર ચર્ચા શરૂ થઈ અને ૧૮ સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

ચર્ચાનો જવાબ માનનીય માર્ગ અને મકાન તેમજ મહિલા અને બાળ વિકાસ મંત્રી શ્રીમતી આનંદીબેન પટેલે આપ્યો.

ત્યારબાદ માગણી ક્રમાંકઃ ૮૫, ૮૬, ૮૭ અને ૧૦૫ મત માટે મૂકવામાં આવી અને તેનો વિના વિરોધે સ્વીકાર કરવામાં આવ્યો.

**મંગળવાર, તા.૨૧મી જૂલાઈ, ૨૦૦૯**

**૧. પ્રશ્નો પૂછવામાં આવ્યા અને તેના જવાબ આપવામાં આવ્યા**

**૨. નીચેના કાગળ સભાગૃહના મેજ ઉપર મૂકાયા**

(૧) ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલના સન ૨૦૦૭–૨૦૦૮ ના વર્ષના વિનિયોગ હિસાબો (અંગ્રેજી તથા ગુજરાતી)

(૨) ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલના સન ૨૦૦૭–૨૦૦૮ ના વર્ષના નાણાકીય હિસાબો (અંગ્રેજી તથા ગુજરાતી)

**૩. માગણીઓ પર ચર્ચા અને મતદાન (આઠમો દિવસ)**

સામાજિક સુરક્ષા અને કલ્યાણને લગતી સેવા અંગેની સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગની માગણી ક્રમાંકઃ૯૨, અનુસૂચિત જાતિઓ માટે ખાસ અંગભૂત યોજનાને લગતી સેવા અંગેની સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગની માગણી ક્રમાંકઃ૯૫, માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી ફકીરભાઈ વાઘેલાએ, અનુસૂચિત આદિજાતિઓનું કલ્યાણને લગતી સેવા અંગેની સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગની માગણી ક્રમાંકઃ૯૩ માનનીય આદિજાતિ કલ્યાણ મંત્રીશ્રી મંગુભાઈ પટેલે તેમજ સમૂહ વિકાસને લગતી સેવા અંગેની પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગની માગણી ક્રમાંકઃ૭૦, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસને લગતી સેવા અંગેની પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગની માગણી ક્રમાંકઃ ૭૧ માનનીય પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ મંત્રીશ્રી નરોત્તમભાઈ પટેલે રજૂ કરી.

માગણી ઉપરની કાપ દરખાસ્તોના પ્રભારી સભ્યશ્રીઓ સભાગૃહમાં ઉપસ્થિત ન હોવાથી આ કાપ દરખાસ્તો રજૂ થઈ શકી નહીં.

ત્યારબાદ, માગણીઓ પર ચર્ચા શરૂ થઈ અને દશ સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

ચર્ચાનો જવાબ માનનીય આદિજાતિ કલ્યાણ મંત્રીશ્રી મંગુભાઈ પટેલ, માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી ફકીરભાઈ વાઘેલાએ, તેમજ માનનીય પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ મંત્રીશ્રી નરોત્તમભાઈ પટેલે આપ્યો.

ત્યારબાદ માગણી ક્રમાંકઃ ૯૨, ૯૩, ૯૫, ૭૦ અને ૭૧ મત માટે મૂકવામાં આવી અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

## બુધવાર, તા.૨૨મી જુલાઈ, ૨૦૦૯

**૧. પ્રશ્નો પૂછવામાં આવ્યા અને તેના જવાબ આપવામાં આવ્યા**

**૨. માનનીય અધ્યક્ષશ્રીને અભિનંદન**

માનનીય મુખ્યદંડકશ્રી આર.સી.ફળદુએ, માનનીય અધ્યક્ષશ્રીની અખિલ ભારતીય વિધાનમંડળોના અધ્યક્ષોની મહાપરિષદની સ્થાયી સમિતિ પરની મહાપરિષદે લીધેલા નિર્ણયોના અમલીકરણ માટેની ખાસ સમિતિમાં સભ્ય તરીકે નિમણૂક થવા બદલ માનનીય મુખ્યમંત્રીશ્રી, મંત્રીમંડળ તેમજ સભાગૃહના સૌ સભ્યો વતી અભિનંદન પાઠવી લોકસભાના અધ્યક્ષશ્રીનો આભાર માન્યો.

**૩. વિધાનસભાની સમિતિના અહેવાલની રજૂઆત**

બિન–સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિના પ્રમુખશ્રી કાળુભાઈ વિરાણીએ સમિતિનો છઠ્ઠો અહેવાલ રજૂ કર્યો

**૪. બિન–સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિના પ્રમુખશ્રીનો પ્રસ્તાવ.**

બિન–સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિના પ્રમુખશ્રી કાળુભાઈ વિરાણીએ પ્રસ્તાવ રજૂ કર્યો કે–

"આ સભાગૃહ, બિન–સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિના છઠ્ઠા અહેવાલ સાથે સંમત થાય."

પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યો અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

